પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



બિહારમાં ગંગામાં પેસેન્જર બોટ ડૂબી, 3 લોકોના મોત, 4 ગુમ

PAGE NO. 16



કોંગો-યુગાન્ડામાં ઈબોલાનો કહેર, 200ના મોત, 900થી વધુ કેસ

PAGE NO. 18

FRIDAY, 29 MAY, 2026 Vol. 24, No. 22 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### હુમલા બાદ ફરી સમીકરણો બદલાતાં મહત્વનું હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્યું, અનેક દેશોને રાહતની આશા

# અમેરિકા-ઈરાન વચ્ચે 60 દિવસના યુદ્ધવિરામ પર સહમતિ

## પ્રતિબંધોમાં છૂટછાટ આપવા અને કેટલાક આર્થિક પ્રતિબંધો હળવા કરવાના વિકલ્પો પર પણ વિચારણા શરૂ

**તહેરાન**

પશ્ચિમ એશિયામાં છેલ્લા લગભગ ત્રણ મહિનાથી ચાલી રહેલા સંઘર્ષનો અંત લાવવા માટે અમેરિકા અને ઈરાન વચ્ચેની વાટાઘાટોમાં સકારાત્મક પ્રગતિ જોવા મળી છે. બંને દેશો વચ્ચે 60 દિવસના યુદ્ધવિરામ અને પરમાણુ કાર્યક્રમ અંગે સહમતી સધાઈ રહી હોવાના સ્પષ્ટ સંકેત મળ્યા છે.

આ પ્રસ્તાવિત કરારમાં હોર્મુઝની સામુદ્રધુની ધીમે-ધીમે ફરીથી ખોલવાની યોજના સામેલ હોઈ શકે છે. IRGC નેવીના દાવા મુજબ, છેલ્લા 24 કલાક દરમિયાન 25 માલવાહક જહાજોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાની મંજૂરી આપવામાં આવી છે.



બીજી તરફ, અમેરિકા દ્વારા ઈરાની બંદરો પર લગાવેલા પ્રતિબંધોમાં છૂટછાટ આપવા અને કેટલાક આર્થિક પ્રતિબંધો હળવા કરવાના વિકલ્પો પર પણ વિચારણા કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, ઈરાનના સમૃદ્ધ યુરેનિયમ ભંડારને ઘટાડવા અથવા તેને અન્ય સ્થળે ખસેડવા પર પણ ગંભીર ચર્ચા ચાલી રહી છે.

આ શાંતિ વાટાઘાટોમાં પાકિસ્તાન મધ્યસ્થીની મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. પાકિસ્તાનના આર્મી ચીફ આસિમ મુનીરે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન, ટોચના વાટાઘાટકાર મોહમ્મદ બાકર ગલીબાફ અને વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી સાથે મુલાકાત કરી હતી. પાકિસ્તાની સેના અને ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ પુષ્ટિ કરી છે કે, છેલ્લા 24 કલાકની વાતચીતમાં પ્રોત્સાહક પ્રગતિ થઈ છે અને બંને પક્ષો વચ્ચેના મતભેદો ઘટ્યા છે. અહેવાલ મુજબ, આ વાટાઘાટોનું મુખ્ય કેન્દ્ર ઈરાન દ્વારા પ્રસ્તાવિત 14 મુદ્દાઓનો દસ્તાવેજ છે.

### અબ્બાસ પોઇન્ટ પાસે થયેલા હુમલાના જવાબમાં અમેરિકન એરબેઝ પર જવાબી હુમલો : ઈરાન

ઈરાનની એરફોર્સ IRGC દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે તેમણે બંદર અબ્બાસ પોઈન્ટ નજીક થયેલા હુમલાના જવાબમાં અમેરિકન એરબેઝ પર જવાબી હુમલો કર્યો હતો. બીજી તરફ, આ યુદ્ધની અસર પાડોશી દેશો પર પણ દેખાવા લાગી છે અને કુવૈતે પોતાની સરહદ તરફ આવતી મિસાઈલ અને ડ્રોનને હવામાં જ તોડી પાડવાની શરૂઆત કરી દીધી છે. આ કાર્યવાહી અમેરિકા દ્વારા ઈરાનના વ્યૂહાત્મક રીતે મહત્ત્વના ગણાતા બંદર અબ્બાસ પોઈન્ટ નજીક કરવામાં આવેલા હુમલાના વિરોધમાં કરવામાં આવી છે. જો કે, ઈરાને હજુ સુધી એ ખુલાસો નથી કર્યો કે તેમણે અમેરિકાના કયા સૈન્ય બેઝ પર આ મિસાઈલ દાગી છે.

# કેન્યામાં ગર્લ્સ હોસ્ટેલમાં ભીષણ આગ લાગતાં 16 છાત્રાઓના મોત, 79 ઘાયલ

## શોર્ટ-સર્કિટ કે અન્ય તકનીકી ખામી ઘટના માટે કારણભૂત હોવાની શક્યતા

**નૈરોબી**

કેન્યામાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. કેન્યાના નકુરુ કાઉન્ટી સ્થિત ગિલગિલ વિસ્તારમાં આવેલી 'ઉતુમિષી ગર્લ્સ એકેડમી' હોસ્ટેલમાં બુધવારે રાત્રે અચાનક ભીષણ આગ લાગી હતી. આ ગોઝારી ઘટનામાં 16 છાત્રાઓના મોત નિપજ્યા છે, જ્યારે અન્ય 79 જેટલી છાત્રાઓ ગંભીર રીતે ઘાયલ થઈ છે. આ દુર્ઘટના અંગે માહિતી આપતા કેન્યાના શિક્ષણ મંત્રી જુલિયસ ઓગાંબાએ જણાવ્યું હતું કે, આ ભીષણ આગ ગિલગિલ વિસ્તારમાં આવેલી 'ઉતુમિષી ગર્લ્સ સ્કૂલ' નામના બોર્ડિંગ સ્કૂલના હોસ્ટેલમાં લાગી હતી. આ શાળામાં 800 થી વધુ છાત્રાઓ અભ્યાસ કરે છે. શાળામાં આગ લાગવાની જાણ થતાં જ ઈમરજન્સી સેવાઓ અને એમ્બ્યુલન્સની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘટનાસ્થળે પહોંચીને ટીમોએ ત્વરિત રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી.



વહીવટીતંત્રની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે, અને આગ લાગવાના સચોટ કારણોની ઝીણવટભરી તપાસ કરી રહી છે. તંત્રની તપાસ પૂર્ણ થયા બાદ જ આ ઘટનાનું સાચું કારણ બહાર આવી શકશે. જોકે, એ નોંધવું મહત્વપૂર્ણ છે કે કેન્યાની બોર્ડિંગ સ્કૂલોમાં આગ લાગવાની ઘટનાઓ ઘણી સામાન્ય છે. અગાઉ બનેલી આવી ઘટનાઓ પાછળ કેટલીકવાર ઈરાદાપૂર્વક કરાયેલી આગજની, તો કેટલીકવાર વીજળીના શોર્ટ-સર્કિટ કે અન્ય તકનીકી ખામીઓ કારણભૂત હોવાનું સામે આવ્યું છે.

### અવકાશમાં ભારતની મોટી સિદ્ધિ

# ચંદ્રયાન-2 ઓર્બિટરે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર શોધ્યો બરફનો મોટો સ્ત્રોત

**અમદાવાદ**

ઈસરોના ચંદ્રયાન-2 ઓર્બિટરે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર આવેલા કાયમી અંધકાર ધરાવતા ખાડાઓની નીચે મોટા પ્રમાણમાં પાણીનો બરફ હોવાના મજબૂત પુરાવા શોધ્યા છે. ભારતે અવકાશમાં વધુ એક સિદ્ધિ પ્રાપ્ત કરી. ભારતના ચંદ્રયાન-2 મિશનને લઈને એક ખુશીના સમાચાર સામે આવ્યા છે. ચંદ્રયાન-2 ઓર્બિટરે ચંદ્રના રહસ્યમય દક્ષિણ ધ્રુવ પર પાણીના બરફનો મોટો સ્ત્રોત શોધી કાઢ્યો છે. વૈજ્ઞાનિકોને ચંદ્રના કાયમી અંધકાર ધરાવતા ખાડાઓની સપાટી નીચે મોટા પ્રમાણમાં બરફ છુપાયેલો હોવાના મજબૂત પુરાવા મળ્યા છે. સૌરમંડળના આ સૌથી ઠંડા ભાગમાં થયેલી આ શોધે ભવિષ્યના માનવ મિશન અને સ્પેસ રિસર્ચ માટે નવી આશાઓ જન્માવી છે.

વૈજ્ઞાનિકોએ બરફ અને ખડકાળ સપાટી વચ્ચેનો ભેદ પારખવા માટે એક ખાસ રડાર ટેકનિક વિકસાવી છે. રડાર પોલારિમેટ્રિક વિશ્લેષણના આધારે વૈજ્ઞાનિકોને આવા ચાર ખાડાઓની નીચે બરફ હોવાના સંકેતો મળ્યા છે. વૈજ્ઞાનિકોના મતે, ચંદ્ર પર પાણીની હાજરી ભવિષ્યના અવકાશ મિશન માટે પાયાનો પથ્થર સાબિત થશે. આ પાણીનો ઉપયોગ પીવા માટે, ઓક્સિજન બનાવવા માટે અને સૌથી મહત્વનું એટલે કે રોકેટ ઈંધણ તરીકે કરી શકાશે. ભવિષ્યમાં ચંદ્ર પર લાંબા ગાળાના માનવ મિશન માટે ત્યાંના સંસાધનોનો ઉપયોગ કરવો જરૂરી છે.







S & S LAWYERS LLP

- Real Estate
- Litigation
- Wills and Estates
- Affidavit and Power of Attorney
- Notarization
- Family Law
- Corporation / Commercial Transactions
- Franchise Closing

Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002



1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# NYGC GROUPનો પતંગોત્સવ : વિદેશની ધરતી પર ગુજરાતની રંગીન સંસ્કૃતિનું પ્રતિબિંબ

## રંગબેરંગી પતંગો આકાશમાં લહેરાતા વાતાવરણ જીવંત બની ગયું, ઉત્સવને વધુ રોમાંચક બનાવવા માટે વિવિધ સ્પર્ધા યોજાઇ, શ્રેષ્ઠ પતંગ, શ્રેષ્ઠ પતંગબાજ, સૌથી વધુ દમદાર પતંગબાજ જેવા એવોર્ડ્સ અપાયા

















**નોર્થ યોર્ક**

વિક્ટોરિયા ડેના અવસરે નોર્થ યોર્ક ગુજરાતી કૉમ્યૂનિટી ગ્રૂપ દ્વારા હમ્બર રિવર - બ્લેક ક્રીક વિસ્તારમાં ભવ્ય પતંગ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રૂપના પ્રમુખ અને ફાઉન્ડર પ્રજ્ઞેશ પટેલ તથા ઉપપ્રમુખ અને કો-ફાઉન્ડર ચેતન અમીનની આગેવાની હેઠળ યોજાયેલા આ રંગબેરંગી કાર્યક્રમમાં ગુજરાતી સમાજના પરિવારો મોટી સંખ્યામાં જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમમાં ઉત્સાહ, આનંદ અને સાંસ્કૃતિક એકતાનું અનોખું દશ્ય જોવા મળ્યું હતું. અંદાજે ૨૦૦ જેટલા પરિવારો ઉત્સવમાં જોડાયા હતા અને દરેકના ચહેરા પર આનંદની ઝલક સ્પષ્ટ જોવા મળી રહી હતી. રંગબેરંગી પતંગો આકાશમાં લહેરાતા જોવા મળતા સમગ્ર વાતાવરણ જીવંત બની ગયું હતું. નાનાં બાળકોથી લઈને યુવાનો અને વડીલો સુધી દરેકે ઉત્સાહપૂર્વક પતંગ ચગાવવાનો આનંદ માણ્યો હતો. ઉત્સવ દરમિયાન અનેક પ્રકારના પતંગો લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. કોઈએ પરંપરાગત ગુજરાતી પતંગો ચગાવ્યા તો કોઈએ નવી ડિઝાઈન અને આકર્ષક રંગોના પતંગો દ્વારા સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

આકાશમાં એકસાથે ઉડતા વિવિધ રંગોના પતંગોએ સમગ્ર વિસ્તારને ઉત્સવમય બનાવી દીધો હતો. કાર્યક્રમ દરમિયાન સમાજના સભ્યો વચ્ચે પરસ્પર મિલન અને એકતાની ભાવના પણ વધુ મજબૂત બની હતી. ઘણા પરિવારો લાંબા સમય બાદ એકબીજાને મળ્યા હતા અને સૌએ સાથે મળીને ગુજરાતી સંસ્કૃતિને ઉજાગર કરતો આ ઉત્સવ મનાવ્યો હતો. વિદેશની ધરતી પર આવી પરંપરાગત ઉજવણી થવાથી સમાજના વડીલોને પણ પોતાના વતનની યાદ તાજી થઈ ગઈ હતી.

ઉત્સવને વધુ રોમાંચક બનાવવા માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં "શ્રેષ્ઠ પતંગ", "શ્રેષ્ઠ પતંગબાજ" તેમજ "સૌથી વધુ દમદાર પતંગબાજ" જેવા એવોર્ડ્સ આપવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનારોએ ખૂબ જ ઉત્સાહ સાથે પોતાની કુશળતા રજૂ કરી હતી. વિજેતાઓને ઈનામો અને પ્રશંસા પત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા, જેને કારણે ભાગ લેનારાઓમાં વધુ ઉત્સાહ જોવા મળ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન સ્વયંસેવકો અને ગ્રૂપના કાર્યકરોએ પણ ખૂબ જ મહેનત કરી હતી. કાર્યક્રમના અંતે પ્રજ્ઞેશ પટેલે ઉપસ્થિત તમામ મહેમાનો તથા પરિવારોનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સમાજના સહકાર અને એકતાના કારણે જ આવા કાર્યક્રમો સફળ બને છે. સાથે સાથે તેમણે ગ્રૂપના તમામ કાર્યકરો અને સ્વયંસેવકોની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે તેમની નિષ્ઠા અને મહેનત વિના આ કાર્યક્રમને સફળ બનાવવો શક્ય નહોતો. આ ભવ્ય પતંગ ઉત્સવે માત્ર મનોરંજન પૂરું પાડ્યું નહોતું, પરંતુ ગુજરાતી સમાજને એક મંચ પર લાવી પરસ્પર પ્રેમ, એકતા અને સંસ્કૃતિ સાથે જોડવાનો પણ સુંદર પ્રયાસ કર્યો હતો. ઉપસ્થિત સૌએ આગામી સમયમાં પણ આવા વધુ કાર્યક્રમો યોજાય તેવી આશા વ્યક્ત કરી હતી.

# કોમર્શિયલ ટ્રકોમાં 'ડેશ કેમ' ફરજિયાત કરનાર બ્રિટિશ કોલંબિયા પ્રથમ પ્રાંત બનશે

## હાઇવે-5 પર અકસ્માતોમાં જીવ ગુમાવનારા પરિવારોને ન્યાય માટે ખરડો રજૂ, કેબિનની બહાર નજર રાખતા કેમેરા લગાવવા પડશે

**બ્રિટીશ કોલંબિયા**

બ્રિટિશ કોલંબિયા હવે કોમર્શિયલ ટ્રકોમાં ડેશ કેમેરા (Dashcam) અનિવાર્ય કરનાર સમગ્ર કેનેડાનું પ્રથમ અધિકારક્ષેત્ર બનવા જઈ રહ્યું છે. હાઈવે નંબર 5 પર સર્જાયેલી શ્રેણીબદ્ધ જીવલેણ અથડામણો બાદ આ અંગેનો એક વિશેષ ખરડો (બિલ) રજૂ કરવામાં આવ્યો છે.

કમલૂપ્સ-નોર્થ થોમ્પસન મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા બી.સી.ના કન્ઝર્વેટિવ ધારાસભ્ય વોર્ડ સ્ટેમરે આ બિલ રજૂ કર્યું હતું. આ હાઈવે તેમના વિસ્તારમાંથી પસાર થાય છે જ્યાં ભૂતકાળમાં અનેક ગમખ્વાર અકસ્માતો થયા છે. સ્ટેમરે એક સત્તાવાર પ્રકાશનમાં ભાવુક થઈને જણાવ્યું હતું કે, "આ બિલ હાઈવે 5 પરના એવા પરિવારોની વેદનામાંથી શરૂ થયું છે, જેમણે અટકાવી શકાય તેવા અકસ્માતોમાં પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે. આ કાયદો લાવવા પાછળનો હેતુ ડ્રાઈવરોને વધુ જવાબદાર બનાવવાનો અને અકસ્માત સમયે પૂરતા પુરાવા સુનિશ્ચિત કરવાનો છે."

આ કાયદાની જરૂરિયાત સમજાવતા ધારાસભ્યએ ઉમેર્યું કે, ઘણીવાર અકસ્માત બાદ પુરાવા ગુમ થઈ જાય છે, વિવાદો સર્જાય છે અથવા વર્ષો લાંબી તપાસમાં સત્ય દબાઈ જાય છે. ડેશકેમ હોવાથી પુરાવા સ્થળ પર જ ઉપલબ્ધ રહેશે, જેથી તપાસ ઝડપી બનશે. આ બિલને શાહી સંમતિ (Royal Assent) મળ્યાના છ મહિના બાદ સમગ્ર પ્રાંતમાં સત્તાવાર રીતે લાગુ કરી દેવામાં આવશે.

કાયદામાં ડ્રાઈવરોની પ્રાઈવસી (ગોપનીયતા) અંગે ઊભા થયેલા પ્રશ્નોનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. સમિતિ સમક્ષ થયેલી ચર્ચા મુજબ, આ બિલ હેઠળ ટ્રકની કેબિનની અંદરના ભાગને આવરી લેવામાં આવ્યો નથી. ટ્રકના માલિકોએ માત્ર બાહ્ય-મુખી (રોડ તરફ નજર રાખતા) ડેશ કેમેરા જ લગાવવાના રહેશે.

બીજી તરફ, 'બી.સી. ટ્રકિંગ એસોસિએશન'ના પ્રમુખ ડેવ અર્લે આ બિલનું હાર્દિક સ્વાગત કર્યું છે. તેમણે ખુલાસો કર્યો હતો કે તેમના સંગઠનના લગભગ 75 ટકા સભ્યો સુરક્ષાના ભાગરૂપે પહેલેથી જ ડેશકેમનો ઉપયોગ કરી રહ્યા છે.

જો કે, તેમણે આ નિયમને સમગ્ર કેનેડામાં લાગુ કરવાની વકીલાત કરતા જણાવ્યું કે, અમે ઈચ્છીએ છીએ કે આ નિયમ કોઈ એક પ્રાંત પૂરતો સીમિત ન રહેતા રાષ્ટ્રીય સ્તરે અનિવાર્ય બને. જો આવું થશે તો અલગ-અલગ પ્રાંતો વચ્ચે પરિવહન દરમિયાન નિયમોના કારણે કોઈ ઘર્ષણ કે મુશ્કેલી ઊભી નહીં થાય. આ મુદ્દો હાલમાં પરિવહન મંત્રીઓની પરિષદમાં પણ ઉઠાવવામાં આવ્યો છે અને આગામી દિવસોમાં અન્ય પ્રાંતો પણ આ દિશામાં પગલાં ભરે તેવી સંભાવના છે.

# ફિફા વર્લ્ડ કપ : 'ન્યૂ ટેકમસેથ' શહેર બનશે ટીમ પનામાનું હોસ્ટ, વૈશ્વિક સ્તરે ચમકશે

**ટોરોન્ટો**

૨૦૨૬ ફિફા વર્લ્ડ કપની મેચો માટે બે ડઝન ટીમો ટોરોન્ટો અને વાનકુવરમાં ઉતરી રહી છે, ત્યારે ઓન્ટેરિયોનું એક નાનું શહેર પણ ખૂબ જ ચર્ચામાં છે. ટોરોન્ટોના ડાઉનટાઉનથી લગભગ ૮૦ મિનિટ ઉત્તરમાં સ્થિત ન્યૂ ટેકમસેથ શહેર, તેની વર્લ્ડ કપ મેચો દરમિયાન ટીમ પનામાનું આયોજન કરશે. ટીમ ૧૭ અને ૨૩ જૂને ટોરોન્ટોમાં ઘાના અને ક્રોએશિયા સામે અને ૨૭ જૂને ન્યૂ જર્સીમાં ઈંગ્લેન્ડ સામે રમશે. ટોરોન્ટોમાં બે રમતો હોવાથી, નજીકમાં કંઈક શોધવું સમજદારીભર્યું હતું, એમ પનામા રાષ્ટ્રીય ટીમના મુખ્ય કોચ થોમસ ક્રિશ્ચિયનસેને એક મીડિયા રિલીઝમાં જણાવ્યું હતું. એક ટીમ હાઈવે 89 પર સ્થિત ફુલ-સર્વિસ હોટેલ અને કોન્ફરન્સ સુવિધા, નોટાવાસાગા રિસોર્ટમાં રોકાશે. 1993માં, જર્મની ફૂટબોલ ટીમના ભૂતપૂર્વ મેનેજર, બર્ટી વોગ્ટ્સ, જેમણે 1974માં ટીમે વર્લ્ડ કપ જીત્યો ત્યારે પશ્ચિમ જર્મની માટે પણ રમ્યા હતા, 1994 વર્લ્ડ કપ પહેલા મિલકતનું નિરીક્ષણ કરવા નોટાવાસાગાની મુલાકાત લીધી હતી. બિફિસે કહ્યું કે, "જ્યારે 1994માં જર્મની આવ્યો, ત્યારે ટીમે પીચોની ગુણવત્તાની પ્રશંસા કરી હતી. અને કહ્યું કે તે આંતરરાષ્ટ્રીય મંચ પર રમાયેલી કોઈપણ પીચો જેટલી જ સારી હતી.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada
Medical Insurance
CALL FOR FREE QUOTE
Monthly / Annual Plans Available
Partial Refund if Parents Leave Early
Full Refund if No Visa Issued
Upto 45% Discount Available

JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca

# કેનેડામાં ભારતીય વેપારીઓને લૂંટતી ગેંગના 17 સાગરિત ઝબ્બે

## વેપારીઓ પાસે ખંડણી માંગવી, ગોળીબાર કરવો અને દુકાનો-ઘરોમાં આગચંપી કરવા જેવા ગુનામાં આરોપી સામેલ

ટોરન્ટો : કેનેડા અને અમેરિકામાં રહેતા સાઉથ એશિયન (મુખ્યત્વે ભારતીય મૂળના) વેપારીઓ તેમજ સ્થાનિક લોકોને ડરાવતી એક મોટી આંતરરાષ્ટ્રીય ગેંગનો કેનેડાની પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે સોમવારે આ ગુનાહિત નેટવર્ક સાથે જોડાયેલા 17 બદમાશોની ધરપકડ કરવાની જાહેરાત કરી છે. પકડાયેલા આ તમામ આરોપીઓ પર વેપારીઓ પાસે મોટી રકમની ખંડણી માંગવી, આતંક ફેલાવવા અંધાધૂંધ ગોળીબાર કરવો અને દુકાનો-ઘરોમાં આગચંપી કરવા જેવા ગંભીર ગુનાઓનો આરોપ છે.

ટોરોન્ટોની પીલ પોલીસે સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, પકડાયેલા મોટાભાગના આરોપીઓ 'ફોર બ્રધર્સ' નામે ઓળખાતા આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ નેટવર્કનો હિસ્સો છે. આ ગેંગ સ્થાનિક ઉદ્યોગપતિઓ અને વેપારીઓને ડરાવી-ધમકાવીને તેમજ હિંસા ફેલાવીને કરોડો રૂપિયાની ખંડણી વસૂલવાનું મોટું રેકેટ ચલાવતી હતી. તપાસ બાદ પોલીસે તેમના આખા નેટવર્કને તોડી પાડ્યું છે. આ ગેંગે કેનેડાના બ્રામ્પટન, મિસીસાગા, કેલેડોન અને બ્રિટિશ કોલંબિયા તેમજ અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં રહેતા સાઉથ એશિયન સમુદાયના લોકોને જ ખાસ ટાર્ગેટ કર્યા હતા. કેનેડામાં વસતા ભારતીય પ્રવાસીઓ પર વિદેશી શૂટરો દ્વારા હિંસક હુમલા કરવા અને ધમકીઓ આપવાનો આ તાજેતરનો સૌથી મોટો મામલો છે. આ સિવાય, છેલ્લા કેટલાક સમયથી કેનેડામાં ભારતીય મંદિરોમાં તોડફોડની ઘટનાઓ પણ અવારનવાર સામે આવી રહી છે, જેના કારણે ત્યાં રહેતા ભારતીયોમાં ચિંતાનો માહોલ છે.

### ગુનાહિત નેટવર્કની કુલ 24 હિંસક ઘટનામાં સંડોવણી

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ ગુનાહિત નેટવર્ક કુલ 24 હિસક ઘટનામાં સામેલ હતું, જેમાંથી 14 બનાવો તો સીધા 'ફોર બ્રધર્સ' ગેંગે જ અંજામ આપ્યા હતા. વેપારીઓમાં પોતાનો ખોફ ઊભો કરવા માટે આ ગેંગે અલગ-અલગ જગ્યાએ અંધાધૂંધ ફાયરિંગ કરીને 324 જેટલી ગોળીઓ ચલાવી હતી. જ્યારે રેસ્ટોરાં અને ટ્રકિંગ કંપનીઓના માલિકોએ ખંડણી આપવાની ના પાડી, ત્યારે તેમના પર જીવલેણ હુમલા કરવામાં આવ્યા હતા. આ ગેંગનો આતંક એટલો હતો કે ઓન્ટેરિયોના કેલેડોનમાં એક ઘર પર ફાયરિંગ અને આગચંપી કર્યાની થોડી જ મિનિટોમાં, તેમણે બ્રામ્પટનમાં આવેલી એક કંપનીને પણ પોતાનો શિકાર બનાવી લીધી હતી.

### આરોપીમાંથી કોઇ કેનેડિયન નહીં : મેયરે કર્યો ખુલાસો

બ્રામ્પટનના મેયરે ખુલાસો કર્યો છે કે ધરપકડ કરાયેલા 17 આરોપીઓમાંથી એક પણ વ્યક્તિ કેનેડાનો નાગરિક નથી. કેનેડા સરકાર હાલમાં પોતાની ધરતી પર ચાલતા આવા આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ નેટવર્ક પર કડક કાર્યવાહી કરી રહી છે. અગાઉ, ભારતમાં જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની 'બિશ્નોઈ ગેંગ' અને ચીન તરફથી થતી વિદેશી દખલગીરી સામે પણ કેનેડાએ સકંજો કસ્યો હતો. અહેવાલો અનુસાર, કેનેડામાં ઈન્ડો-કેનેડિયન સમુદાયને નિશાન બનાવતી આ ખંડણીખોર ગેંગ પાછળ વિદેશી સંગઠિત ગુનેગારોનો હાથ છે. આ ગુનેગારો કેનેડાની નકલી લર્નિંગ ઇન્સ્ટિટ્યૂટ (કોલેજો) અને ઇમિગ્રેશન કન્સલ્ટન્ટની દુકાનો દ્વારા આચરવામાં આવતી મોટી છેતરપિંડીનો ફાયદો ઉઠાવે છે.

# અમેરિકામાં ડ્યુટી-ફ્રી શિપિંગ બંધ થશે, કેનેડિયન વ્યવસાયો ભયભીત

## ટ્રમ્પના નવા એક્ઝિક્યુટિવ ઓર્ડરથી દાયકાઓ જૂની 'ડી મિનિમિસ' મુક્તિ નાબૂદ; $800થી ઓછી કિંમતના માલ પર પણ લાગશે કસ્ટમ ડ્યુટી

**ટોરોન્ટો**

યુનાઈટેડ સ્ટેટ્સમાં ડ્યુટી-ફ્રી શિપિંગ- જેને ડી મિનિમિસ મુક્તિ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેનો અંત 29 ઓગસ્ટથી આવશે અને ટેરિફને કારણે પહેલાથી જ બંધ થવાના જોખમમાં રહેલા ઘણા કેનેડિયન વ્યવસાયોને વધુ નાણાકીય નુકસાન થશે. શુક્રવારે યુ.એસ. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જુલાઈમાં હસ્તાક્ષર કરાયેલા એક એક્ઝિક્યુટિવ ઓર્ડર અમલમાં આવશે, જે દાયકાઓથી અમલમાં રહેલી ડી મિનિમિસ મુક્તિઓને દૂર કરશે. વ્હાઈટ હાઉસ અનુસાર, યુ.એસ.માં પ્રવેશતા માલ પર 29 ઓગસ્ટથી "બધી લાગુ પડતી ફરજો"લાગુ પડશે, જ્યારે દાયકાઓથી જો મૂલ્ય US $ 800થી ઓછી હોય તો તેમને ડ્યુટી-ફ્રી પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી છે.

હોકી સ્ટીક મેનના માલિક અને સ્થાપક જોય વોલ્શ કહે છે કે, કેનેડામાં ઈ-કોમર્સ વ્યવસાય તરીકે, ડી મિનિમિસ મુક્તિ એ બધું છે. મને હવે દરેકના વ્યવસાયો માટે ડર છે. કારણ કે તે દૂર કરવામાં આવી રહ્યું છે, યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રવેશતા માલ માટે ઔપચારિક પ્રવેશની જરૂર પડશે અને ટેરિફ વસૂલવામાં આવશે. ટેરિફ લગભગ કાગળકામ, લોજિસ્ટિક્સ અને અન્ય બધી બાબતો અને કંપની દ્વારા યુ.એસ.માં ઉત્પાદનને દલાલી કરવાના સંકળાયેલા ખર્ચ કરતાં ગૌણ છે. ડી મિનિમિસ મુક્તિએ ગ્રાહકોને ઓછા ડોલર મૂલ્યના શિપમેન્ટ મોકલતા વ્યવસાયોને યુ.એસ.માં તેમનો બજાર હિસ્સો પ્રમાણમાં સરળતાથી વિસ્તૃત કરવાની મંજૂરી આપી છે. મુક્તિઓ દૂર થતાં, કેનેડિયન વ્યવસાયો એવા યુ.એસ. ગ્રાહકોમાં તીવ્ર ઘટાડો જોઈ શકે છે. જેઓ વધારાની ફી અથવા તેમની વસ્તુઓ પ્રાપ્ત કરવા માટે વધારાના કાગળના બોજનો જોખમ લેવા માંગતા નથી.

જો વ્યવસાય સાબિત કરી શકે કે વસ્તુઓ વર્તમાન કેનેડા-યુનાઈટેડ સ્ટેટ્સ-મેક્સિકો કરાર (CUSMA)ની શરતો હેઠળ આવે છે, તો કેટલીક વસ્તુઓને આ વધારાની ફીમાંથી મુક્તિ મળી શકે છે. બોસ્કેરિયોલે કહ્યું કે "જો તમે તે CUSMA આવશ્યકતાઓને પૂર્ણ કરો છો, તો પણ તમારે આગળ વધવા માટે કેટલીક બાબતો કરવાની રહેશે, જેથી તમે લાયક છો અને યુએસ કસ્ટમ્સને દર્શાવી શકો કે તમે લાયક છો તે સાબિત કરી શકો. યુએસ નિયમ ફેરફાર ફક્ત કેનેડા જ નહીં, પરંતુ બધા દેશોને લાગુ પડે છે. અને જ્યાં કેટલાક ઉત્પાદનો સાથે, ડ્યુટી-ફ્રી શિપિંગનો અંત ચોક્કસ ફી ચૂકવવાનો અર્થ કરી શકે છે, અન્ય કિસ્સાઓમાં, ઉત્પાદનો દરેક દેશને લાગુ પડતા વાસ્તવિક ટેરિફ દરોને આધીન હોઈ શકે છે.

# બોરસદની વિદ્યાર્થિનીની કરપીણ હત્યા

## કોઈ અજ્ઞાત કારણોસર ચપ્પુ વડે ઘાતકી હુમલો કરાયો

**નાયગ્રા રીજન**

આણંદ જિલ્લાના બોરસદની 22 વર્ષીય વિધી કલ્પેશભાઈ મેઘાની કેનેડામાં ચપ્પુના ઘા મારીને હત્યા કરી દેવામાં આવતા ચકચાર મચી ગઈ હતી. યુવતીના મોતના સમાચાર મળતા જ બોરસદમાં રહેતા તેના પરિવાર અને સગાસંબંધીઓમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

મળતી માહિતી અનુસાર, મૃતક વિધી મેઘા છેલ્લા ચાર વર્ષથી કેનેડાના નાયગ્રા રીજન વિસ્તારમાં રહેતી હતી. તે ત્યાં અભ્યાસ કરવાની સાથે-સાથે પોતાનું ગુજરાન ચલાવવા માટે નોકરી પણ કરતી હતી. અન્ય ભારતીય વિદ્યાર્થીઓની જેમ તે પણ પોતાના ઉજ્જવળ ભવિષ્ય માટે કેનેડા ગઈ હતી. આ હત્યાની ઘટના ગત 15મી મેના રોજ અમેરિકાની સરહદ નજીક આવેલા વિસ્તારમાં બની હતી. વિધી પર કોઈ અજ્ઞાત કારણોસર ચપ્પુ વડે ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ગંભીર ઈજાઓ થવાના કારણે તેનું મોત નિપજ્યું હતું.







## તંત્રી સ્થાનેથી

### બરોજગારી, પેપરલીક અને મોંઘવારીના મુદ્દા ગાજ્યા

# કોકરોચ જનતા પાર્ટી : યુવાનો અને જનતામાં પ્રવર્તતા આક્રોશનો સોશિયલ મીડિયામાં પડઘો

પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીને પછડાટ ખવડાવીને હરખાતા ભાજપ સામે પખવાડિયાથી નવી મુસીબત આવી છે. ભારતના સોશિયલ મીડિયા ઉપર કોકરોચ જનતા પાર્ટીના નામે એક ઓનલાઈન મુવમેન્ટ વાઈરલ થઈ રહી છે, જેમાં દેશના યુવાનો, જેનઝી અને સાથે સાથે વિપક્ષના નેતાઓ અને મોટા માથાઓ પણ મજા લઈ રહ્યા છે. આ પાર્ટીના કરોડો ફોલોઅર્સ થઈ ગયા છે. તેને પહેલા બે દિવસમાં જ કરોડો વ્યૂ મળ્યા અને પછી સવા બે મિલિયન ફોલઅર્સ થઈ ગયા. વિદેશમાં રહેલા એક મૂળ ભારતીય દ્વારા ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ બનાવવામાં આવી હતી. જેમાં વર્તમાન ભારતની નકરી વાસ્તવિકતા દર્શાવતા કન્ટેન્ટ સાથેના મુદ્દાઓને રજૂ કરાયા હતા. હકીકતે થોડા દિવસ પહેલાં સીજેઆઈ દ્વારા ચુકાદા સમયે એક ટિપ્પણી કરાઈ હતી. જેમાં સૂર્યકાંત વર્માએ દેશના બેરોજગાર યુવાનોને કોકરોચની સાથે સરખાવ્યા હતા. જેના વીડિયો વાયરલ થતાં જ યુવાનોમાં રોષ ફેલાયો હતો. આ ટિપ્પણીના વિરોધીમાં કેટલાક યુવાનો દ્વારા કોકરોચ જનતા પાર્ટીની રચના કરવામાં આવી હતી. મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરના વતની અને હાલ યુએસમાં અભ્યાસ કરતા અભિજિત દીપકે નામના એક યુવક દ્વારા પ્રોફાઈલ અને પાર્ટીની સ્થાપના કરવામાં આવી હોવાનો દાવો કરાયો છે.



તંત્રી - સ્વદેશ

જાણકારોના મતે ભારતની સુરક્ષા અને તપાસ એજન્સીઓ દ્વારા આ પાર્ટીનું સોશિયલ મીડિયા એક્સ એકાઉન્ટ બ્લોક કરવામાં આવ્યું હતું. આ સિવાય પાકિસ્તાન સાથેના તેના જોડાણની તપાસ કરવામાં આવી રહી છે. જો કે, હજી સુધી તેના પાક કનેકશનના કોઈ પુરાવા મળ્યા નથી. ચળવળનું પરિણામ એ છે કે, પોતાને દુનિયાની સૌથી મોટી પાર્ટી માનતા ભાજપ પાસે વર્ષો પછી હજી 90 લાખથી ઓછા ફોલોઅર્સ છે. જ્યારે કોકરોચ જનતા પાર્ટીના 12 દિવસમાં જ બે કરોડથી વધુ ફોલોઅર્સ છે. હવે ભારત સરકારની ચિંતા વધી છે. કારણ કે, નેપાળમાં અને બાંગ્લાદેશમાં જે રીતે જેન ઝી આંદોલન થયું તેમાં સ્થાનિક સ્થિર સરકાર સામે યુવાનો દ્વારા જ આક્રોશ ઠાલવવામાં આવ્યો હતો. ગરીબી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, મહિલા અનામત, સામાજિક અનામત, સુરક્ષા અને સુવિધાનો અભાવ, પરિવારવાદ અને અન્ય સામાજિક, આર્થિક અને રાજકીય મુદ્દે જેન ઝીનો આક્રોશ ફાટયો અને તેમણે સરકાર ઉથલાવી દીધી હતી. તેવી જ સ્થિતિ ભારતની પણ છે. સરકાર ભલે વિરોધને વારંવાર ડામી દે છે. પરંતુ જમીની હકીકતથી હવે દેશની જનતા વાકેફ થવા માંડી છે. ભારત જેવા દેશમાં બેરોજગારીને કારણે કરોડો યુવાનો નોકરી માટે રઝળપાટ કરી રહ્યા છે. વળી દર વર્ષે તેમાં 80 લાખ શિક્ષિતોનો ઉમેરો થાય છે. જેની સામે સરકાર પાસે આ લોકોને રોજગારી આપવા કોઈ ચોક્કસ આયોજન નથી. આ ઉપરાંત આરોગ્ય સુવિધાના ઠેકાણા નથી અને શિક્ષણ સુવિધાના વેપારીકરણ અને મોંઘવારીએ લોકોની કમ્મર તોડી નાંખી છે. એટલું જ નહીં લોકોને સલાહ આપતા ભાજપી નેતાઓ ભ્રષ્ટાચાર કરીને તાગડધિન્ના કરી રહ્યા છે. ભારતના યુવાનોમાં રહેલી ચિંતા આ અઠવાડિયે પ્રકાશિત થયેલા ડેલૉઈટ ગ્લોબલ સર્વેમાં પણ પ્રતિબિંબિત થઈ હતી. સર્વેમાં કહેવામાં આવ્યું છે કે ભારતની જેન ઝેડ વસ્તી રોજગારના અભાવ અને વધતા જતા ફુગાવાથી ખરાબ રીતે પ્રભાવિત થયા છે. સર્વે અનુસાર જેન ઝેડમાં નાણાંકીય તણાવ વધુ છે. મોટી સંખ્યામાં યુવાનો ઘર ખરીદવામાં મુશ્કેલીઓ અને આર્થિક અસુરક્ષા વિશે વાત કરી રહ્યા છે.

અલબત, ભાજપરાજમાં બેરોજગારી, મંદી, મોંઘવારી, ગરીબી, ભ્રષ્ટાચાર વધ્યા છે. આવા સંજોગોમાં રાજકીય હરિફોને સરકાર શામ દામ દંડ ભેદની નીતિ અપનાવીને ડામી રહી છે. પરંતુ હવે દેશનો યુવાન જ તેની સામે થઈ જાય અને તેની શરૂઆત સોશિયલ મીડિયા થકી થાય તો કોને આરોપી બનાવવા અને કોને જેલમાં ધકલેવા તે સવાલ સરકાર સામે ઉભા છે. 2014ની લોકસભા ચૂંટણી વખતે પણ ભાજપે સોશિયલ મીડિયાનો ભરપુર ઉપયોગ કરી કોંગ્રેસ સરકાર વિરોધી પ્રચાર કર્યો હતો. હવે જ આ જ સોશિયલ મીડિયા તેને માટે ચિંતાનો વિષય બન્યું છે.

વળી કોકરોચ જનતા પાર્ટીએ ઉઠાવેલા મુદ્દા પણ ધ્યાન આકર્ષક છે. થોડા દિવસો પહેલા જ ભારતમાં નીટનું પેપર ફરી લીક થયું હતુ. તેથી પાર્ટીએ મોદી સરકારના શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ કરી છે જેને વ્યાયપક પ્રતિસાદ મળી રહ્યો છે. આ ઉપરાંત પક્ષે નિવૃત્ત ન્યાયાધીશોને રાજકીય હોદ્દા ન આપવા, મહિલાઓ માટે 50 ટકા અનામત, મોંઘવારી, બેરોજગારી અને સમાન રોજગાર જેવા યુવા લક્ષી મુદ્દાઓ ઉઠાવાયા છે. આ ઉપરાંત હરિફ પક્ષના ધારાસભ્યોની ખરદીવાની ભાજપની નીતિને નાબૂદ કરવા સીજેપીએ કોઈ પણ ચૂટાયેલો સભ્ય પાર્ટી બદલે તો 20 વર્ષ માટે ચૂંટણી લડવા પર પ્રતિબંધની માંગ કરી છે. યુવાન ડિજિટલ માધ્યમથી નેતાઓને સીધા સવાલ પૂછતા થઈ ગયા છે. હવે જો ખરેખર યુવાનોમાં આ મુદ્દાઓ પર જાગૃતિ વધે તો એકસાથે કરોડો લોકોને વિરોધ કોઈ સહન કરી શકે તેમ નથી.

સીજેપીની ભારતીય ચૂંટણી પંચમાં સત્તાવાર રીતે કોઈ નોંધણી થઈ નથી. તેની પાસે ચૂંટણી લડવા માટેનું કોઈ સત્તાવાર પ્રતીક (ચિહ્ન) નથી. વળી, વાસ્તવિક જમીની સ્તરે સંગઠન ઊભું કરવું અને તેને ટકાવી રાખવું સૌથી મોટો પડકાર છે. હાલમાં આ ચળવળ માત્ર સોશિયલ મીડિયા સુધી જ સીમિત છે. ખાતા બ્લોક કરીને અસંતોષને દબાવી રખાયો છે. જો કે, સોશ્યલ મીડિયામાં પેદા થયેલી કોઈ ઝુંબેશને રાજકીય ઝુંબેશમાં પરિવર્તિત કરવી તે ખૂબ અઘરું અને પડકારજનક કામ છે. ઈન્સ્ટાગ્રામ પર તહેલકો મચાવનાર અભિજિત દિપક પાસે આવો કોઈ રાજકીય અનુભવ કે કુનેહ હોય તેવું જણાતું નથી. અભિજિત દિપક પહેલાં આમ આદમી પાર્ટીની પ્રચાર પાંખ સાથે સંકળાયેલો હતો, પણ તેના વર્તમાન સાહસમાં આમ આદમી પાર્ટી કે અરવિંદ કેજરીવાલની કોઈ ભૂમિકા જણાતી નથી. કોક્રોચ જનતા પાર્ટીને જેન-જી દ્વારા જે સમર્થન મળ્યું છે તે સૂચવે છે કે ભારતના તમામ રાજકીય પક્ષો માટે નવી પેઢીને પ્રચંડ તિરસ્કાર છે. ગુપ્તચર એજન્સીના અધિકારીઓ અને કેટલાક આઈબીના અધિકારીઓને આ પેટર્ન થોડી શંકાસ્પદ લાગી રહી છે. તેઓ એમ પણ માને છે કે, કોઈ પ્રાદેશિક પાર્ટી મોટો રાજકીય લાભ લેવા માટે તેને સપોર્ટ કરી રહી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ ચેનલના ટેલિગ્રામ એકાઉન્ટમાં પણ પાકિસ્તાન સહીતના ભારતનું અહિત કરનારા અને ઈચ્છનારા દેશોના નામ સામે આવી રહ્યા છે. ફેબ્રુઆરી મહિનામાં જ આવી ચેનલો અને પેજ એક્ટિવ કરી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ તેને ધીમે ધીમે ડાયવર્ટ કરીને ભારતમાં અસ્થિરતા લાવવા માટે ઉશ્કેરણીનો સ્ત્રોત બનાવવામાં આવ્યા છે. જો કે, ભારતીય અધિકારીઓના આ દાવે સામે અભિજિત દિપકે તેના ઈન્ટા ફોલોઅર્સ પૈકી 94 ટકા તો ભારતીય જ હોવાનો દાવો કરી દીધો છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca






# આણંદ જિ.પં માં ફોર્મ રદ થયું છતાં પ્રમુખ બન્યાં ભાજપના જ

## કાયદાકીય આંટીઘૂંટીમાં માહીર ભાજપે હાઈકોર્ટના દ્વારા ખખડાવ્યા, કોર્ટે 8 જૂન સુધીનો સમય આપતાં કોંગ્રેસના સપનાં રોળાયા

**આણંદ**

આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ પદની ચૂંટણીને લઈને છેલ્લા બે દિવસથી ચાલી રહેલા ભારે રાજકીય ગરમાવા અને કાનૂની લડાઈનો આખરે અંત આવ્યો છે. ગુજરાત હાઈકોર્ટે આપેલી વચગાળાની રાહત બાદ, ભારતીય જનતા પાર્ટી (BJP)ના મહિલા ઉમેદવાર મયુરીબહેન પટેલ આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા છે. આ સાથે જ કોંગ્રેસના ઉમેદવાર બિનહરીફ જીત્યા હોવાની વહેતી થયેલી ચર્ચાઓ પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે.

આણંદ જિલ્લા પંચાયતમાં પ્રમુખની ખુરશી



અનુસૂચિત જનજાતિ (ST) માટે અનામત રાખવામાં આવી છે. ભાજપે આ બેઠક માટે મયુરીબહેન પટેલને પોતાના ઉમેદવાર બનાવ્યા હતા. મયુરીબહેન મૂળ મહારાષ્ટ્રના વતની છે અને તેમણે ગુજરાતમાં પટેલ જ્ઞાતિમાં લગ્ન કર્યા છે. ફોર્મ ભરતી વખતે મયુરીબહેને મહારાષ્ટ્ર સરકાર દ્વારા ઈસ્યુ કરાયેલું "ભીલ અનુસૂચિત જનજાતિ"નું પ્રમાણપત્ર રજૂ કર્યું હતું, જેની સામે કોંગ્રેસે સખત વાંધો ઉઠાવ્યો હતો.

24 મે, 2026ના રોજ આણંદના ચૂંટણી અધિકારી (DDO) સમક્ષ બંને પક્ષોના વકીલોએ દલીલો કરી હતી. અંતે, ડીડીઓએ જણાવ્યું કે ગુજરાત સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર અન્ય રાજ્યનું અનામત પ્રમાણપત્ર ગુજરાતમાં માન્ય રાખી શકાય નહીં. આ આધારે મયુરીબહેનનું ફોર્મ રદ કરવામાં આવ્યું હતું. ઉમેદવારી ફોર્મ રદ થતાં જ રાજકીય માહોલ ગરમાયો હતો અને ભાજપે તાત્કાલિક ગુજરાત હાઈકોર્ટમાં રીટ પિટિશન દાખલ કરી હતી. અદાલતમાં દલીલ કરવામાં આવી કે 'ભીલ' જ્ઞાતિ રાષ્ટ્રપતિના આદેશો અનુસાર ગુજરાત અને મહારાષ્ટ્ર બંને રાજ્યોમાં માન્ય અનુસૂચિત જનજાતિ છે. હાઈકોર્ટે નોંધ્યું કે આ મામલો કાનૂની રીતે ઊંડાણપૂર્વક ચકાસવા યોગ્ય છે કે અન્ય રાજ્યનું પ્રમાણપત્ર સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં માન્ય રહે કે નહીં. હાઈકોર્ટે સામાવાળાઓને નોટિસ પાઠવીને આગામી સુનાવણી 8 જૂન, 2026 પર નિયત કરી છે, પરંતુ તે પહેલાં મયુરીબહેનને મોટી વચગાળાની રાહત આપતાં તેમનું ફોર્મ માન્ય રાખવાનો આદેશ કર્યો હતો.

# વિઝા કન્સલન્ટને ધમકી, તારી પાસે 30 કલાક છે,પછી હું રૂબરૂમાં આવું છું

**વડોદરા**

હરણીરોડ વિસ્તારના એક વિઝા કન્સલટન્ટને રૃપિયા કઢાવવા માટે ફોન પર ધમકી આપનાર બે શખ્સ સામે પોલીસે ગુનો નોંધ્યો છે.

ન્યુ વીઆઈપી રોડની ઓમકાર રેસિડેન્સીમાં રહેતા અને હરણી રોડ પર મીરા ચાર રસ્તા પાસે વેદાંત કોમ્પ્લેક્સમાં શુભ સ્વસ્તિક એજ્યુ. સેન્ટર(એસવી ગુરપ)ના નામે ઓફિસ ધરાવતા તેજસ પાઠકે પોલીસને કહ્યું છે કે,ગઈ તા.૨૩મી મે એ રાત્રે કરણ ખુન્તી અને વિશાલ મેરે મેસેજ કરીને ફોન નહિ ઉપાડે તો કાલે તારે ઘેર આવું છું તેવી ધમકી આપી હતી.

બીજા દિવસે સાંજે વિઝા અને રૃપિયા બાબતે વિશાલ સાથે વાત કરી હતી.જે વખતે કરણે કોઇ પણ રીતે રૃ.૧૨ લાખ પરત આપી દે તેમ કહ્યું હતું.તેણે વિશાલને પણ કહ્યું હતું કે તું રૃ.એક લાખ રાખીને બાકીના ૧૧લાખ કઢાવી આપ.

ત્યારપછી વિશાલે ફરી ફોન કરીને તારી પાસે ૩૦ કલાક છે પછી હું રૃબરુમાં આવું છું..તેવી ધમકી આપી હતી. જ્યારે મારા ભાઈને પણ હોટલ પરથી હું ઘેર આવું છું તેવી ધમકી આપી હતી.જેથી કારેલીબાગ પોલીસે કરણ ખુન્તી અને વિશાલ મેર સામે ગુનો નોંધ્યો છે.

# છોટા ઉદેપુરમાં સાંસદ અને તેમના દીકરા બાદ તાલુકા પ્રમુખ પણ 2-2 બંદૂકો સાથે ભાન ભૂલ્યા

## ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં રાજ્યભરમાં આલોચના થઈ

**છોટા ઉદેપુર**

છૂટા ઉદેપુર જિલ્લામાં લોકપ્રતિનિધિઓ દ્વારા જાહેરમાં હથિયારોના પ્રદર્શનનો મામલો ગરમાયો છે. ગઈકાલે (24મી મે) સાંસદ જશુ રાઠવાનો બંદૂક વાળો વીડિયો વાઈરલ થયા બાદ, હવે છોટા ઉદેપુર તાલુકા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ રમેશ રાઠવા પદ સંભાળતાની સાથે જ મોટા વિવાદમાં સપડાયા છે. સોશિયલ મીડિયા પર તેનો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં તે ખુલ્લેઆમ બંને હાથમાં હથિયારો લહેરાવતા જોવા મળી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર, છોટા ઉદેપુર તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે વરણી થયા બાદ રમેશ રાઠવાના સમર્થકો અને પક્ષના કાર્યકરો દ્વારા એક ભવ્ય વિજય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પ્રમુખ રમેશ રાઠવા જીતની ખુશીમાં એટલા ભાન ભૂલ્યા હતા કે તેણે કાયદાનો કોઈ પણ ડર રાખ્યા વિના પોતાના બંને હાથમાં બે મોટી બંદૂકો પકડી રાખી હતી અને તેનું પ્રદર્શન કર્યું હતું. વિજય સરઘસમાં હાજર કોઈ વ્યક્તિએ આ સમગ્ર નજારો પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધો હતો, જે વીડિયો હવે સોશિયલ મીડિયા પર ભારે ચર્ચાનો વિષય બન્યો છે. એક જવાબદાર લોકપ્રતિનિધિ તરીકે બંધારણીય પદ પર બેઠા પછી સાર્વજનિક સ્થળોએ હથિયારોનું આ પ્રકારે પ્રદર્શન કરવું કેટલું યોગ્ય છે, તેને લઈને સ્થાનિક જનતા અને વિપક્ષ દ્વારા તીખી પ્રતિક્રિયાઓ આપવામાં આવી રહી છે.

# કરજણ ભાજપના ધારાસભ્યના પુત્ર ઋષિ પટેલ સહિત પાંચની એટ્રોસિટિના ગુના બાદ ધરપકડ

## આરોપીઓએ આદિવાસી સમાજના બે ડ્રાઇવરોને ઊંધા માથે લટકાવી માર માર્યો હતો

**કરજણ**

કરજણના કોંગ્રેસમાંથી આયાતી ભાજપ ધારાસભ્યના પુત્ર અને નારેશ્વર પટ્ટામાં તેમજ અન્ય વિસ્તારોમાં રેતીની લીઝોના ધંધા સાથે પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે સંકળાયેલા પુત્ર ષિ પટેલ અને તેના ચાર સાગરીતો સામે આદિવાસી શ્રમિક ડમ્પર ચાલકોને ડીઝલ ચોરીના આક્ષેપો કરી ઊંધા માથે લટકાવી પાઈપ વડે ઢોર માર મારી અમાનુષી અત્યાચાર ગુજારવા અને જાતિવિષયક અપમાનજનક શબ્દો ઉચ્ચારવા બાબતની ગત તા.૧૫ ના રોજ બનેલી ઘટના સંદર્ભે તા.૨૨ના રોજ આદિવાસીઓના ભારે હોબાળા વચ્ચે કરજણના વલણ પોલીસ સ્ટેશનમાં પીડિત નટવરભાઈ વસાવાએ (રહે.ઈન્દોર, તા.ઝઘડિયા) ફરિયાદ નોંધાવી હતી. જેની તપાસ કરજણ ડીવાયએસપીને સોંપવામાં આવી હતી.

એટ્રોસિટિની ફરિયાદ બાદ આરોપીઓની પોલીસે તપાસ અને શોધખોળ હાથ ધરી હતી. ઘટના બાદ ધારાસભ્યનો પુત્ર વિદેશમાં જતો રહ્યો હોવાની અટકળો પણ કરજણ પંથકમાં વહેતી થઈ હતી. પોલીસે અટકળોની વચ્ચે તે દિશામાં પણ તપાસ આરંભી હતી. ત્યારે ફરિયાદના ચાર દિવસ બાદ પાંચેય આરોપીઓ ષિ અક્ષયભાઈ પટેલ, જયદતસિંહ હિતેન્દ્રસિંહ રાજ, શાહિલ અનીસભાઈ પટેલ, જાવિદખાન દિલાવરખાન પઠાણ (રહે.મોટીકોરલ, તા.કરજણ) અને વિજયસિંહ સુરેન્દ્રસિંહ રાજપૂત (રહે. અકોટા, વડોદરા) ગઈકાલે પોલીસ સમક્ષ હાજર થઈ ગયા હતા.

# 19 વર્ષના પ્રેમીને પામવા સગીરા ભણતર-ઘર છોડવા તૈયાર થઇ

## અભ્યાસને બદલે પ્રેમના પાઠ ભણતા સગીર વિદ્યાર્થીઓ

**વડોદરા**

સગીરવયની વિદ્યાર્થિની ધોરણ-૯માં અભ્યાસ કરતી હતી ત્યારે એક વિદ્યાર્થી સાથે પરિચયમાં આવી હતી અને ત્યારબાદ બંને વચ્ચે પ્રેમ સબંધ બંધાયા હતા.સગીરા તેના બોયફ્રેન્ડને પરિવારજનો સમક્ષ પણ લાવી હતી અને પરિચય કરાવ્યો હતો.

પરિવારે બોયફ્રેન્ડ સમજીને કોઈ વાંધો લીધો નહતો.પરંતુ ત્યારબાદ સગીરાનું અભ્યાસમાં ધ્યાન નહિ લાગતાં પરિણામ પર અસર પડી હતી.મોબાઈલ પર ચેટિંગ અને બીજી હરકતોથી માતાને શંકા થઈ હતી,જેથી પુત્રીને પૂછતાં તેણે બોયફ્રેન્ડ સાથે લગ્ન કરવાની વાત કરી હતી. જો કે બોયફ્રેન્ડની ઉંમર પણ લગ્ન જેટલી નહિ હોવાથી અને સગીરાને કારકિર્દી ઘડવાની હોવાથી પરિવારે મંજૂરી આપી નહતી. ત્યારબાદ સગીરાનું વર્તન બદલાઈ ગયું હતું અને ધાકધમકી આપી ઘર છોડી દેતી હતી. જેથી કંટાળેલા પરિવારે અભયમની મદદ લેતાં બંને વિદ્યાર્થીનું કલાકો સુધી કાઉન્સેલિંગ કરાતાં તેઓ કારકિર્દી પર ધ્યાન આપવા સંમત થયા હતા.

# દિયોદરમાં તા. પંચાયતની ચૂંટણી બીજી વખત રદ, અધિકારીના નાટકનો આક્ષેપ

## લોકશાહીનું ચીરહરણ? માંદગીનું કારણ ધરી અધિકારી હોસ્પિટલ ભેગા થઈ ગયા

**દિયોદર**

દિયોદર તાલુકા પંચાયત પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી માટે ગત 25 મેના રોજ યોજાયેલી બેઠક ભાજપના બે સભ્યો વચ્ચેની આંતરિક માથાકૂટને કારણે માત્ર 20 મિનિટમાં સભા રદ કરી દેવાયા બાદ, 27 મેના રોજ બપોરે 3 વાગ્યા સુધી મોકૂફ રખાયેલી ચૂંટણી પર ફરી ગ્રહણ લાગ્યું છે. બપોરે 3 વાગ્યે ચૂંટણીનો સમય હોવા છતાં ચૂંટણી અધિકારી જ ગેરહાજર રહ્યા હતા અને તેઓ કથિત માંદગીનું કારણ આપી પાલનપુરની હૉસ્પિટલમાં દાખલ થઈ ગયા હોવાના સમાચાર સામે આવ્યા છે. સમગ્ર નાટકીય ઘટનાક્રમ વચ્ચે અંતે પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી બીજી વાર પણ રદ થઈ, આગામી સમયમાં નવી તારીખ જાહેર કરાશે.

જાડા તાલુકા પંચાયતના સદસ્ય હેતલબહેન ઠાકોર જે ગર્ભવતી છે, તે અસહ્ય પીડા વચ્ચે પણ લોકશાહી બચાવવા ત્યાં હાજર રહ્યા! એક માતા ગર્ભમાં નવજીવન લઈને ઊભી રહી, પણ જવાબદાર અધિકારીઓ કથિત બીમારીનું બહાનું ધરી મેદાન છોડી ગયા. પ્રશ્ન માત્ર રાજકારણનો નથી, પ્રશ્ન છે વહીવટીતંત્રની સંવેદનાનો! જો એક ગર્ભવતી બહેન પોતાની હાલત ભૂલીને કલાકો સુધી ઊભી રહી શકતી હોય, તો એસી ચેમ્બરોમાં બેસતા બાબુઓએ પણ દિલથી વિચારવું જોઈએ.

# 'દારૂ પીને પડવાથી મોત થયું' નો બચાવ ન ચાલ્યો, મર્ડર કેસમાં આરોપીને આજીવન કેદ

## મૃતકના પરિવારને યોગ્ય વળતર ચૂકવવા વડોદરાની અદાલતે આદેશ કર્યો

**સાવલી**

ખાખરીયા ગામની નવીનગરીમાં તા. 12 ઓક્ટોબર 2023ના રોજ રાત્રે વેરાઈ માતાના મંદિર પાસે આ બનાવ બન્યો હતો. ફરિયાદી રાજુભાઈ વસાવા, તેમની દીકરી મીનાબેન અને જમાઈ મિથુનભાઈ ઘરે જતા હતા, ત્યારે દારૂ પીધેલી હાલતમાં આરોપી શૈલેષ જયંતિભાઈ રાઠોડીયા ગાળો બોલવા લાગ્યો હતો. મિથુનભાઈના સાળા કિરણભાઈ વસાવાએ વચમાં પડીને ગાળો બોલવાની ના પાડતાં, ઉશ્કેરાઈ ગયેલા આરોપીએ વાંસનો બંબુ કિરણભાઈના માથામાં માર્યો હતો. જેથી કિરણભાઈનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે પોલીસે ગુનો દાખલ કર્યો હતો. આ કેસ અદાલતમાં ચાલી જતાં, સરકારી વકીલ સી.જી. પટેલે 20 સાક્ષીઓ અને તબીબી પુરાવા રજૂ કર્યા હતા.

સુનાવણી દરમિયાન બચાવ પક્ષના વકીલે એવી રજૂઆત કરી હતી કે કિરણભાઈ દારૂ પીધેલી હાલતમાં મંડપ પરથી નીચે પડી જવાથી તેમનું મૃત્યુ થયું છે. જોકે, બંને પક્ષની દલીલો તેમજ પુરાવાઓને ધ્યાને લઈ ન્યાયાધીશે આરોપી શૈલેષ રાઠોડીયાને આજીવન કેદની સજા અને મૃતકના પરિવારને યોગ્ય વળતર ચૂકવવાનો આદેશ કર્યો હતો.

# ટિકિટોની સોદાબાજી થાય છે, આક્ષેપ મૂકી પૂર્વ MLA મહેશ વસાવાનું કોંગ્રેસમાંથી રાજીનામું

## જીતેલા ઉમેદવારે પક્ષની વિચારધારા વિરૂદ્ધ જઇને ભાજપને સત્તા અપાવવા સપોર્ટ કર્યો

**ભરૂચ**

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ ભરૂચના રાજકારણમાં એક મોટો ગરમાવો આવી ગયો છે. આદિવાસી સમાજના છોટુ વસાવાના પુત્ર અને પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવાએ કોંગ્રેસ પાર્ટીમાંથી તાત્કાલિક અસરે રાજીનામું આપી દીધું છે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં મોટા પાયે આર્થિક સોદાબાજી થઈ હોવાના ગંભીર આક્ષેપો સાથે તેમણે પક્ષને અલવિદા કહી દીધું છે. બીટીપી ભાજપમાં જોડાયા પછી, ગત જાન્યુઆરી મહિનામાં સ્થાનિક ચૂંટણીઓ પહેલા કોંગ્રેસમાં સામેલ થયા હતા.

મહેશ વસાવાએ ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાને સંબોધીને મોકલેલા પત્રમાં ભરૂચ જિલ્લા કોંગ્રેસના નેતૃત્વ સામે આક્રોશ ઠાલવ્યો છે. તેમણે જણાવ્યું કે નેત્રંગ, વાલિયા અને ઝઘડિયા તાલુકામાં જાણીજોઈને કોંગ્રેસમાંથી જીતી ન શકે તેવા નબળા ઉમેદવારોને ટિકિટો આપીને આપ અને ભાજપના ઉમેદવારોને જીતવામાં મદદ કરવામાં આવી છે. આ મોટી સોદાબાજીના કારણે જ કોંગ્રેસને ધાર્યા પરિણામો મળ્યા નથી. આટલું જ નહીં, નેત્રંગ તાલુકા પંચાયતમાં કોંગ્રેસના જીતેલા ઉમેદવારે પક્ષની વિચારધારા વિરૂદ્ધ જઈને ભાજપને સત્તા બનાવવા સપોર્ટ કર્યો છે.

# ભાભી સાથે આડા સંબંધોના વિવાદમાં અંકલેશ્વરમાં રિક્ષાચાલકની ક્રૂર હત્યા

**અંકલેશ્વર**

અંકલેશ્વરમાં ચોંકાવનારો અને સગાંસંબંધોને લજવતો ગુનાહિત કિસ્સો સામે આવ્યો છે. મૃતક યુવાનની ઓળખ મુકેશ મોબેરા તરીકે થઈ છે, જે વ્યવસાએ રિક્ષાચાલક હતો. હત્યારાઓએ ચપ્પુના ઉપરાઉપરી ઘા ઝીંકીને તેને મોતને ઘાટ ઉતાર્યો હતો અને પુરાવા નાશ કરવાના ઈરાદે તેની લાશને બુલેટ ટ્રેનના બ્રિજ પાસેના ખેતરમાં ફેંકી દીધી હતી. લોકો દ્વારા ખેતરમાં મૃતદેહ દેખાતાં પોલીસને જાણ કરવામાં આવી હતી, જેના પગલે એ ડિવિઝન પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે મૃતક મુકેશને તેના જ પિતરાઈ ભાઈની પત્ની (ભાભી) સાથે આડા સંબંધો હતા. સંબંધોમાં અવરોધરૂપ બનતા મુકેશને રસ્તામાંથી હટાવવા માટે મહિલા અને તેના બીજા પ્રેમી સંજય વસાવાએ મળીને હત્યાનું આખું કાવતરું ઘડ્યું હતું. પોલીસે આ ગુનામાં સંડોવાયેલી કાવતરાખોર મહિલા અને તેના પ્રેમી સંજય વસાવાની ધરપકડ કરી લીધી છે અને આ મામલે વધુ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# કોલીયાથોરમાંથી રૂ. 78.15 લાખનો ગાંજો જપ્ત કરાયો, માલિકની ધરપકડ

## ખેતરમાં અન્ય પાકની આડમાં નશીલા પદાર્થનું વાવેતર

**છોટાઉદેપુર**

છોટા ઉદેપુર જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (SOG)ની ટીમે નશીલા પદાર્થોના વેપલા પર મોટો પ્રહાર કર્યો છે. છોટા ઉદેપુરના રાઠ વિસ્તારમાં આવેલા કોલીયાથોર ગામે એક ખેતરમાંથી વનસ્પતિજન્ય ગાંજાના મસમોટા જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે રૂ.78.15 લાખની કિંમતનો 156 કિલોગ્રામ ગાંજો જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

છોટા ઉદેપુર કોલીયાથોર ગામના એક ખેતરમાં અન્ય પાકની આડમાં નશીલા પદાર્થનું વાવેતર કરાયું હોવાની SOG પોલીસને ચોક્કસ બાતમી મળતા દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં પોલીસે ખેતરને કોર્ડન કરીને ઓચિંતો દરોડો પાડતા ખેતરમાં કપાસ કે મકાઈ જેવા સામાન્ય પાકની વચ્ચે વનસ્પતિજન્ય ગાંજાના લીલાછમ છોડ ઉગેલા જોવા મળ્યા હતા. પોલીસે આખા ખેતરમાંથી ગાંજાના નાના-મોટા કુલ 508 છોડ ઉખેડી લીધા હતા, જેનું કુલ વજન 156 કિલોગ્રામ જેટલું થવા જાય છે.

# ઉમરગામમાં ઘરકંકાસ બાદ માતાએ 3 માસૂમને મોતને ઘાટ ઉતાર્યા અને ઝેર ગટગટાવી લીધું

## કોઈ અગમ્ય કારણોસર ઉગ્ર ઝઘડો થતાં માતાએ ગુસ્સામાં આવીને કૃત્ય કર્યું

**ઉમરગામ**

ઉમરગામ તાલુકાના પાલી કરમબેલી ગામમાં બનેલી એક ઘટનાએ માનવતાને ઝકઝોરી મૂકી છે. પતિ-પત્ની વચ્ચે ચાલી રહેલા ગૃહકલેશના કારણે એક પરિણીતાએ પોતાના જ ત્રણ માસૂમ ફૂલ જેવા બાળકોની કથિત રીતે હત્યા કરી હોવાનો સનસનાટીભર્યો મામલો પ્રકાશમાં આવ્યો છે. ઘટનાની ભયાનકતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે મૃતક બાળકોમાં બે જોડિયા શિશુઓ પણ સામેલ છે. બનાવની જાણ થતાં જ ભીલાડ પોલીસ સ્ટેશનનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. માત્ર 9 મહિનાના જુડવા દીકરાઓ આર્યન અને વિહાન તેમજ 3 વર્ષની દીકરી નાયરાનો સમાવેશ થાય છે. પ્રાથમિક તપાસમાં ચર્ચા છે કે માતા નિશાબેન સંજયભાઈ હળપતિ (ઉંમર આશરે 22 વર્ષ) એ પોતાના આ ત્રણેય સંતાનોને કોઈ ઝેરી પદાર્થ પીવડાવી દીધો હતો અને ત્યારબાદ પોતે પણ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. હાલ માતાની તબિયત અત્યંત નાજુક હોવાથી તેને તાત્કાલિક સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે. બાળકોના પિતા સંજયભાઈ વસંતભાઈ હળપતિ (ઉંમર આશરે 25 વર્ષ) વહાણમાં નોકરી કરે છે અને થોડા દિવસો પહેલા જ દરિયાઈ સફર ખેડીને ઘરે પરત ફર્યા હતા. ગઈકાલે સાંજે કોઈ પતિ-પત્ની વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. આ વિવાદના આઘાતમાં અને ગુસ્સામાં આવીને માતાએ રાત્રિના સમયે આ લોહિયાળ પગલું ભર્યું હોવાનું સગા-સંબંધીઓ જણાવી રહ્યા છે.

# એટીએસ-એસઓજીને સફળતા : સરીગામથી કરોડોના એમડી ડ્રગ્સ સાથે બેને ઝડપી પાડ્યા

## અબ્દુલ કલામ, મેહુલ મકવાણા ગેરકાયદે રીતે મેફેડ્રોન ડ્રગ્સ બનાવી વેચતા હતા

**ગાંધીનગર**

રાજ્ય સરકારની ડ્રગ્સ સામેની 'ઝીરો ટોલરન્સ' નીતિ અંતર્ગત ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) અને વલસાડ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ને એક મોટી સફળતા મળી છે. વલસાડ જિલ્લાના વાપી તાલુકાના સરીગામ ખાતે આવેલા એક ભંગારના ગોડાઉનમાંથી પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને લાખો રૂપિયાની કિંમતનું પ્રતિબંધિત મેફેડ્રોન (MD) ડ્રગ્સ અને અન્ય શંકાસ્પદ



માદક પદાર્થનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ મામલે બે રીઢા ગુનેગારોની ધરપકડ પણ કરવામાં આવી છે.

ગુજરાત એટીએસના નાયબ પોલીસ અધિક્ષક એસ.એલ. ચૌધરીને એક ગુપ્ત માહિતી મળી હતી કે, રાજેશ મોર્યા નામનો વ્યક્તિ તેના ભાગીદારો અબ્દુલ કલામ અને મેહુલ મકવાણા સાથે મળીને સરીગામ ખાતે ગેરકાયદે રીતે મેફેડ્રોન ડ્રગ્સ બનાવીને તેનું વેચાણ કરી રહ્યો છે. આ માહિતીની ગંભીરતાને ધ્યાને લઈને એટીએસના વરિષ્ઠ અધિકારીઓના આદેશથી એક ખાસ ટીમે દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. ટેકનિકલ અને હ્યુમન રિસોર્સિસની મદદથી આ બાતમીની ચોક્કસ ખરાઈ કરવામાં આવી હતી.

# બેંકે ભાજપનો ખેસ લગાવેલી કાર જપ્ત કરતા હોબાળો, 34 લાખની લોન બાકી

**વડોદરા**

બુધવારે પાદરા ખાતે રહેતા અને પોતાને ભાજપના કાર્યકર ગણાવતા જગદીશ શાંતિલાલ પટેલે ફોર્ચ્યુનર કાર ખરીદવા માટે બેંકમાંથી 29.75 લાખની લોન લીધી હતી. બેંકના સત્તાવાર કર્મચારીઓના જણાવ્યા અનુસાર, લાંબા સમયથી લોનની ચુકવણી ન થવાના કારણે વ્યાજ સહિત આ આંકડો આશરે 34.12 લાખથી વધુ પર પહોંચી ગયો છે. બેંકના વારંવારના પ્રયાસો છતાં નાણાં પરત ન મળતા આખરે એજન્સી મારફતે આ મોંઘીદાટ કારને જપ્ત કરવામાં આવી છે.

બેંકના અધિકારીઓએ ખુલાસો કર્યો છે કે આ અગાઉ પણ પાદરા વિસ્તારમાં જગદીશ પટેલની આ કારને સીઝ કરવામાં આવી હતી, પરંતુ તે સમયે તેઓ ગમે તેમ કરીને કાર છોડાવી ગયા હતા. બેંકે એવો પણ દાવો કર્યો છે કે જગદીશ પટેલને અગાઉ બ્રાન્ચ ખાતે રૂબરૂ બોલાવીને બાકી રકમ ભરી જવા સમજાવવામાં આવ્યા હતા. તેમ છતાં, તેમના તરફથી કોઈ યોગ્ય સહકાર ન મળતાં આખરે બેંકના નીતિ-નિયમો મુજબ કાર સીઝ કરવાની ફરજ પડી હતી. બેંક એજન્સીએ કાર જપ્ત કરી ત્યારે મામલો રાવપુરા પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો અને ભારે હોબાળો મચાવી દીધો હતો.

# અમેરિકામાં સુપર માર્કેટમાં જંત્રાલના 45 વર્ષીય મેઘનાબેન પટેલની અજાણ્યા માસ્કવાળા યુવકે ગોળી મારી હત્યા કરી

## માસ્કવાળા વ્યક્તિએ થોડી વાત કરી અને અચાનક ગોળીબાર કરીને લૂંટ કરી ફરાર થઈ ગયો હતો

**વિજાપુર**

જંત્રાલ ગામની 45 વર્ષીય મેઘનાબેન પટેલની અમેરિકાના વર્જિનિયા રાજ્યમાં એક સુપરમાર્કેટમાં અજાણ્યા માસ્કવાળા યુવકે ગોળી મારીને હત્યા કરી દીધી છે. મેઘનાબેન છેલ્લા દસ વર્ષથી તેમના પતિ ઉપેન્દ્ર પટેલ સાથે આ સ્ટોર પર કામ કરતાં હતાં. 23 મેના રોજ સવારે આ ઘટના બની હતી, જેમાં કેમેરામાં સ્પષ્ટ રીતે જોવા મળ્યું કે માસ્કવાળા વ્યક્તિએ કાઉન્ટર પર આવીને થોડી વાત કરી અને અચાનક ગોળીબાર કરીને લૂંટ કરી ફરાર થઈ ગયો હતો. મેઘનાબેનના પિતા કરસનભાઈ પટેલ અને માતા કપિલાબેન માટે આ આઘાત સહન કરવો મુશ્કેલ બન્યો છે. તેઓ એક દીકરી નક્ષી અને એક દીકરા સ્મિતનાં માતા હતાં. મહેસાણા-સાબરકાંઠા વિસ્તારના ઘણા ગામોમાંથી લોકો અમેરિકા, કેનેડા અને અન્ય દેશોમાં મોટેલ, ગેસ સ્ટેશન તથા કન્વીનિયન્સ સ્ટોરના વ્યવસાયમાં સફળતા મેળવી રહ્યા છે. પરંતુ આવી ઘટનાઓ વારંવાર બનતી હોવાથી હવે સમુદાયમાં ચિંતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. આ વર્ષે મેઘનાબેન પટેલની ઘટના સાથે અમેરિકામાં પાટીદાર સમુદાયના સાતમા વ્યક્તિનું મોત આવા જ વ્યાવસાયિક સ્થળો પર થયું છે.

### વર્જિનિયા અને સાઉથ કેરોલિના સહિત વિવિધ રાજ્યોમાં ટાર્ગેટ

ગત વર્ષ 2025માં પણ અનેક કેસો સામે આવ્યા હતા જેમાં વર્જિનિયા, સાઉથ કેરોલિના સહિતના વિવિધ રાજ્યોમાં સ્ટોર અને મોટેલ પર લૂંટના પ્રયાસ દરમિયાન ગુજરાતીઓનાં મોત નીપજ્યા હતા. પ્રદીપ પટેલ અને તેમની દીકરી ઊર્મી, કિરણબેન પટેલ, પરેશ પટેલ જેવા અનેક નામો આ યાદીમાં સામેલ છે. મોટેભાગે આ ઘટનાઓ લૂંટના ઈરાદાથી થાય છે અને નાના વ્યવસાયોને ટાર્ગેટ કરવામાં આવે છે.

# સુરતની તિરુપતિ માર્કેટમાં માતાની સામે શ્વાને બાળકને બચકા ભરતા લોહીલુહાણ

**સુરત**

સુરતમાં રખડતા શ્વાનનો ત્રાસ હવે હજારો લોકોની ભીડથી ધમધમતી ટેક્સટાઇલ માર્કેટો સુધી પહોંચી ગયો છે. તિરુપતિ માર્કેટમાં ખરીદી માટે આવેલી એક મહિલા પોતાના માસૂમ બાળક સાથે પસાર થઈ રહી હતી. તે દરમિયાન મહિલાનું ધ્યાન બાળક પરથી થોડી ક્ષણો માટે હટતાં જ ત્યાં રખડતા ત્રણ શ્વાન બાળક પર તૂટી પડ્યા હતા. એકપછી એક શ્વાનોએ માસૂમ બાળકને ઘેરીને બચકાં ભરવાનું શરૂ કર્યું હતું અને તેને રસ્તા પર ઢસડ્યો હતો. બાળકની માતાએ બૂમાબૂમ કરી મૂકતા આસપાસના વેપારીઓ અને લોકો દોડી આવ્યા હતા અને શ્વાનના મોંમાંથી બાળકને માંડ-માંડ છોડાવી લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક હોસ્પિટલ ભેગો કર્યો હતો.

# જામનગર પાલિકાની બેઠક : કોંગ્રેસ અને આપ કોર્પોરેટરો જેલમાંથી આવ્યા

## ચૂંટણીમાં વિજેતા બનેલા બે વિપક્ષી સભ્યો હાલ જેલમાં બંધ

**જામનગર**

જામનગર મહાનગર પાલિકાની યોજાયેલી પહેલી જ બેઠક ભારે હલચલ અને રાજકીય ગરમાવા વચ્ચે સંપન્ન થઈ છે. આ બેઠક પર ચર્ચાનો વિષય કોઈ રાજકીય ખેંચતાણ નહીં, પરંતુ ગુજસીટોક જેવા ગંભીર પ્રકરણમાં જેલવાસ ભોગવી રહેલા બે નવનિયુક્ત કોર્પોરેટરોની હાજરી રહી હતી. કોર્ટની મંજૂરી બાદ આ બંને સભ્યોને કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે મહા નગરપાલિકાના સભાખંડમાં લાવવામાં આવ્યા હતા, જેને પગલે કોર્પોરેશન ભવન છાવણીમાં ફેરવાઈ ગયું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.

મહા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં વિજેતા બનેલા બે વિપક્ષી સભ્યો હાલ જેલમાં બંધ છે. જેમાં વોર્ડ નંબર 12થી ચૂંટાયેલા કોંગ્રેસના કોર્પોરેટર અલ્તાફ ખફી અને આમ આદમી પાર્ટીના કોર્પોરેટર અસલમ ખીલજી જેલવાસ ભોગવી રહ્યા છે. આ બંને કોર્પોરેટર સામે ઓર્ગેનાઈઝડ ક્રાઈમ હેઠળ ગંભીર ગુનાઈત પ્રકરણ ચાલી રહ્યું હોવાથી તેઓ લાંબા સમયથી જેલવાસ ભોગવી રહ્યા છે.

મહા નગરપાલિકાની પ્રથમ સામાન્ય સભા હોવાથી અને કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે હાજર રહેવું અનિવાર્ય હોઈ, બંને કોર્પોરેટરના વકીલો દ્વારા વિશેષ કોર્ટ સમક્ષ એક ખાસ અરજી કરાઈ હતી. કાનૂની દલીલો સાંભળ્યા બાદ, અદાલતે માનવતા અને બંધારણીય હકોને ધ્યાને રાખીને આ અરજી ગ્રાહ્ય રાખી હતી. કોર્ટે આદેશ કર્યો હતો કે કડક સુરક્ષા વ્યવસ્થા સાથે બંને લોકપ્રતિનિધિઓને સામાન્ય સભાની બેઠકમાં ભાગ લેવા દેવામાં આવે. કોર્ટના આદેશના પગલે મંગળવારે બપોરે જામનગર પોલીસના ઉચ્ચ અધિકારીઓની આગેવાની હેઠળ એક મોટો કાફલો જેલ પહોંચ્યો હતો. ત્યાંથી બંને કોર્પોરેટરોને પોલીસ વાનમાં ચુસ્ત સશસ્ત્ર બંદોબસ્ત વચ્ચે મહા નગરપાલિકા ભવન લાવવામાં આવ્યા હતા.

# ઓસ્ટ્રેલિયામાં પ્રસિદ્ધ સ્ટેટ રેસિંગ સ્પર્ધામાં બોટાદના યુવાનનો ડંકો

**બોટાદ**

તાજેતરમાં ઓસ્ટ્રેલિયા ખાતે યોજાયેલ વિશ્વ પ્રસિદ્ધ હાલ સ્ટેટ રેસિંગ તરીકે ઓળખાતી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં મુળ બોટાદના ઋત્વીજ પટેલે અને તેની ટીમ ઐતિહાસિક સફળતા ક્ષેત્રે કાઠુ કાઢ્યું હતું. સમગ્ર પ્રોજેક્ટમાં ઋત્વિજે કારની ગુણવત્તા જાળવવા મહત્વનું યોગદાન આપ્યું હતું.

ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં યોજાયેલી વિશ્વપ્રસિદ્ધ એફ૧ ઈન સ્કુલ્સ એટલે કે હાલ સ્ટેમ રેસિંગ તરીકે ઓળખાતી આંતરરાષ્ટ્રીય ટેકનિકલ સ્પર્ધામાં મૂળ બોટાદનાં ઋત્વિજ દિવ્યાંગભાઈ પટેલ અને તેમની ટીમ ટાયફૂનએ શાનદાર સફળતા મેળવી છે. એલામેન્ડા કે-૯ કોલેજ અને હોમસ્ટેડ સિનિયર સેકન્ડરી કોલેજના વિદ્યાર્થીઓની સંયુક્ત ટીમે વિકટોરિયા સ્ટેટ ફાઈનલ્સમાં સતત બીજી વખત સ્ટેટ ચેમ્પિયન બનવાની સિદ્ધિ મેળવી હતી. જ્યારે ઓસ્ટ્રેલિયન નેશનલ ફાઈનલ્સમાં સમગ્ર દેશમાં ચોથું સ્થાન મેળવી અનેક પ્રતિષ્ઠિત એવોડર્સ જીત્યા હતા.

# જામનગરમાં કરોડો રૂપિયાનું ફુલેકો ફેરવીને સુપર માર્કેટનો વેપારી ફરાર

## પોલીસ સમક્ષ અરજી, 1.33 કરોડની છેતરપિંડીનો આરોપ

**જામનગર**

જામનગર શહેરમાં વેપારી વર્તુળોમાં ભારે ચર્ચાસ્પદ બનેલા કરોડોના આર્થિક ફૂલેકા મામલે આખરે સિટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પ્રાથમિક તબક્કે વેપારી દ્વારા રૂ.1.33 કરોડની છેતરપિંડી આચરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

આ મામલે મુસ્તાકભાઈ ઈબ્રાહીમભાઈ સાબુવાલા (ઉ.વ.58, રહે. સોઢાવાડી, વહેવારિયા મદ્રેસા રોડ, જામનગર) દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે ફરિયાદના આધારે પોલીસે હિતેષભાઈ લક્ષ્મીકાંત ગોહીલ (રહે. વાલકેશ્વરી નગરી, શાશ્વત એપાર્ટમેન્ટ, જામનગર) સામે ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 316(5) હેઠળ ગુનો નોંધ્યો છે. હિતેષભાઈ ગોહીલે પોતે કાપડના વેપાર સાથે જુદી જુદી બેંકોના ક્રેડિટ કાર્ડ એજન્ટ તરીકે કામ કરતો હોવાનું જણાવી વેપારીઓ અને ઓળખીતાઓનો વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ કાપડના વેપાર તેમજ ક્રેડિટ કાર્ડના ધંધામાં રોકાણ કરવાથી ઊંચું કમિશન અને સારો નફો મળશે તેવી લાલચ આપી હતી.

આરોપીએ ફરીયાદી સહિત અનેક લોકોને વિશ્વાસમાં લઈ બેંક ચેક, ગુગલ-પે, રોકડ રકમ તેમજ ક્રેડિટ કાર્ડ મારફતે કુલ રૂ. 1,33,40,000 મેળવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. જોકે બાદમાં રોકાણકારોને ન તો કમિશન અપાયું, અને મૂળ રકમ પરત કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે આરોપી પોતાના પરિવાર સાથે અચાનક ફરાર થઈ ગયો હતો. જેના કારણે વેપારીઓ અને રોકાણકારોમાં ભારે ચિંતા ફેલાઈ હતી. આખરે 25 થી વધુ પીડિત વેપારીઓ જિલ્લા પોલીસ તંત્ર સમક્ષ પહોંચ્યા બાદ સમગ્ર મામલાની તપાસ શરૂ કરવામાં આવી હતી. આ મામલે સિટી 'એ' ડિવિઝન પોલીસ દ્વારા અનેક વેપારીઓના નિવેદનો નોંધવામાં આવ્યા હતા.

Imperial
PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) — 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough — 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab — 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road,
Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# મુન્દ્રા દરિયા કાંઠેથી 1150 કરોડનું 115 કિલોનું કોકેન જપ્ત

## મોડી રાત્રે જહાજમાંથી ઘણી શંકાસ્પદ બેગ દરિયામાં ફેંકાતી જોઈને ગુજરાત ATS અને કોસ્ટ ગાર્ડે તરત જ ઓપરેશન હાથ ધર્યું

**મુન્દ્રા**

ભારતીય કોસ્ટ ગાર્ડ અને ATSએ દરિયાઈ માર્ગે ડ્રગ્સની હેરાફેરી સામે મોટી કાર્યવાહી કરતાં આશરે 1150 કરોડનું 115 કિલોગ્રામ કોકેન જપ્ત કર્યું છે. ગુજરાતના મુન્દ્રા દરિયાકાંઠે હાથ ધરવામાં આવેલ આ સંયુક્ત કામગીરીને તાજેતરના વર્ષોમાં સૌથી મોટા માદક દ્રવ્ય વિરોધી ઓપરેશનમાંનું એક ગણવામાં આવે છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગુપ્ત માહિતીના આધારે 25-26 મે, 2026ની રાત્રે આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

ગુજરાત ATSને દરિયાઈ માર્ગે ડ્રગ્સની દાણચોરી અંગે ચોક્કસ અને વિશ્વસનીય ગુપ્ત



માહિતી મળી હતી. આ માહિતીના આધારે, ATSએ ભારતીય કોસ્ટ ગાર્ડ સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઓપરેશનના ભાગ રૂપે ATS અધિકારીઓને ICG ઇન્ટરસેપ્ટર બોટ પર તૈનાત કરવામાં આવ્યા હતા, અને મુન્દ્રા એન્કરેજ વિસ્તારમાં એક વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

સર્ચ ઓપરેશન દરમિયાન ટીમે કન્ટેનર જહાજ MV યુરોપ જોયું, જે મુન્દ્રા કિનારાથી લગભગ પાંચ નોટિકલ માઈલ દૂર લંગરાયેલું હતું. તે જ ક્ષણે, અધિકારીઓએ જહાજમાંથી ઘણી શંકાસ્પદ બેગ દરિયામાં ફેંકાતી જોઈ હતી. રાત્રિના અંધારા અને અત્યંત ઓછી દૃશ્યતા ધરાવતી પડકારજનક પરિસ્થિતિઓ હોવા છતાં સંયુક્ત ICG-ATS ટીમ તરત જ કાર્યવાહીમાં આવી અને દરિયામાં શોધખોળ શરૂ કરી.

ઝડપથી કાર્યવાહી કરતા ટીમે દરિયામાંથી પાંચ બેગ મળી. આ બેગની તપાસ કરતા અંદરથી સફેદ રંગનો પાવડર મળ્યો. પ્રારંભિક પરીક્ષણોમાં આ પદાર્થ કોકેન હોવાની પુષ્ટિ થઈ. અધિકારીઓના જણાવ્યા અનુસાર, કુલ 115 પેકેટ મળી આવ્યા હતા, જેમાં દરેક પેકેટનું વજન આશરે એક કિલોગ્રામ હતું. આમ, કુલ 115 કિલોગ્રામ કોકેન જપ્ત કરવામાં આવ્યું હતું.

ઓપન-સોર્સ મૂલ્યાંકન મુજબ, આંતરરાષ્ટ્રીય બજારમાં આ કોકેનની કિંમત આશરે ▯1,150 કરોડ હોવાનો અંદાજ છે. આટલા મોટા પ્રમાણમાં કોકેનની રિકવરીથી સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. એવી શંકા છે કે આ ગેરકાયદેસર વેપાર પાછળ કોઈ મોટી આંતરરાષ્ટ્રીય ડ્રગ સિન્ડિકેટ કાર્યરત હોઈ શકે છે.

# અમદાવાદમાં પેરોલ જમ્પ કરીને ફરાર થયેલો હત્યારો અંતે 13 વર્ષે પકડાયો

## હત્યા, લૂંટ કરનારને કોર્ટે ફાંસીની સજા સંભળાવી હતી

**અમદાવાદ**

ક્રાઈમ બ્રાન્ચે એક દાયકા કરતાં વધુ સમયથી કાયદાને થાપ આપીને નાસતા ફરતા ફાંસીની સજા પામેલા આરોપીને શોધી કાઢીને ઝડપી લીધો છે. 2013માં પેરોલ જમ્પ કરીને ભૂગર્ભમાં ઉતરી ગયેલા આરોપી સતીષ રૂપારેલિયાને અમદાવાદની હોટેલમાં વર્ષ 1994માં થયેલી હત્યા તેમજ લૂંટના કેસમાં કોર્ટે ફાંસીની સજા ફટકારી હતી. સેશન્સ કેસ નંબર 56/1995માં મુખ્ય આરોપી તરીકે સતીષ રૂપારેલિયા (ઉર્ફે સંજય ઠક્કર) સામે કેસ ચાલ્યો હતો. એપ્રિલ 2000માં અમદાવાદની એડિશનલ સિટી સેશન્સ કોર્ટે ભારતીય દંડ સંહિતા (I.P.C.) અને બોમ્બે પોલીસ એક્ટ હેઠળ હત્યા, લૂંટ અને ગુનાઈત કાવતરાના આ કેસમાં તેને કસૂરવાર ઠેરવીને ફાંસીની સજા સંભળાવી હતી. જેલવાસ દરમિયાન આરોપી સતીષ રૂપારેલિયાને વર્ષ 2013માં પેરોલ પર કામચલાઉ મુક્તિ આપવામાં આવી હતી. જોકે, પેરોલની મુદત પૂરી થવા છતાં તેણે જેલ સત્તાવાળાઓ સમક્ષ આત્મસમર્પણ ન કર્યું અને તે ફરાર થઈ ગયો હતો.

# ગુજરાતમાં શંકાસ્પદ ઈબોલાનો કેસ : કોંગોથી આવેલો યુવક અમદાવાદ સિવિલમાં દાખલ થયો

## અન્ય 3 પણ ક્વૉરેન્ટાઇન, 11 જેટલા મુસાફરો હાલ તેમના ઘરે જ હોમ આઇસોલેશનમાં

**વડોદરા**

આફ્રિકન દેશો યુગાન્ડા અને કોંગોમાં ઈબોલા વાઈરસ આતંક મચાવી રહ્યો છે, ત્યારે ગુજરાતમાં ઈબોલાનો પ્રથમ શંકાસ્પદ કેસ નોંધાયો છે. કોંગોથી મુંબઈ થઈ વડોદરા આવેલી આ 37 વર્ષની વ્યક્તિમાં શરદી-ખાંસીના લક્ષણો હતા, જેથી પ્રથમ બે દિવસ તેમને વડોદરાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે તેનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. આ સાથે મૂળ આફ્રિકન દેશના આ યુવકના સંપર્કમાં



આવેલા એક ડોક્ટર અને યુવકના બે મિત્રો સહિત કુલ 3 વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. મહત્વનું છે કે આફ્રિકન દેશોનો પ્રવાસ કરી ભારત પરત ફરતા 11 લોકોને ઘરે હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. આફ્રિકન દેશો યુગાન્ડા, દક્ષિણ સુદાન અને કોંગોમાં જીવલેણ ઈબોલા વાઈરસનો પ્રકોપ વધતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું આરોગ્ય વિભાગ એક્શન મોડમાં આવી ગયું છે. તકેદારીના ભાગરૂપે પ્રશાસન દ્વારા અમદાવાદમાં તમામ જરૂરી તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. આ આફ્રિકન દેશોમાંથી અમદાવાદ આવેલા 11 જેટલા મુસાફરોને હાલ તેમના ઘરે જ હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે.

# 'બહાર નીકળો, નહીંતર લાશો પડી જશે', જમીન વિવાદમાં નિવૃત્ત DYSPનું 5 રાઉન્ડ ફાયરિંગ

## મંજૂરી વગર પ્રોપર્ટીમાં પગ કેવી રીતે મૂક્યો કહી ફાયરિંગ કર્યું, વિવાદ થતાં આરોપી જેલભેગો

**અમદાવાદ**

નેહરુનગર વિસ્તારમાં બુધવારે જમીનના વિવાદને પગલે એક નિવૃત્ત ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ (DySP) દ્વારા હવામાં ફાયરિંગ કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ભારે તંગદિલી વ્યાપી ગઈ હતી. બે જૂથો વચ્ચે ચાલી રહેલા જમીન સંબંધી વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા આ ઘટના ઘટી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વિવાદિત જમીન પર બંને પક્ષોના આશરે પાંચથી છ લોકો સામસામે આવી ગયા હતા. આ દરમિયાન બંને જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણ થયું હતું. આ વિવાદ એટલો વધી ગયો કે ત્યાં હાજર નિવૃત્ત DySP અશ્વિન ચૌહાણે પોતાની પિસ્તોલ કાઢીને હવામાં એક પછી એક એમ પાંચ રાઉન્ડ ( બે રાઉન્ડ નીચે જમીનમાં અને ત્રણ રાઉન્ડ ઉપર હવામાં) ફાયરિંગ કરી દીધું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે કોઈને ગંભીર ઈજા થઈ નથી. ઘટનાનો વીડિયો પણ વાઈરલ થઈ રહ્યો છે, જેમાં નિવૃત્ત DySP અશ્વિન ચૌહાણ કહી રહ્યા છે કે મારી મંજૂરી વગર આ પ્રોપર્ટીમાં તમે પગ કેવી રીતે મૂક્યો, બહાર નીકળો નહીંતર લાશો પડી જશે, કોર્ટમાં મળીશું, તેમ કહી એક બાદ એક રાઉન્ડ હવામાં ફાયરિંગ કરે છે. અમદાવાદ શહેરની વચ્ચે ધોળે દિવસે ફાયરિંગની ઘટના બનતા જ આસપાસના લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી.

# અમદાવાદ સહિત અનેક મહાનગર પાલિકામાં હોદ્દેદારોની વરણી કરાઈ

**અમદાવાદ**

અમદાવાદ સહિત અનેક મહાનગરપાલિકાઓમાં ભાજપ દ્વારા નવા શાસકોની જાહેરાત કરવામાં આવતા કાર્યકર્તાઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

થલતેજ વોર્ડના કોર્પોરેટર હિતેશ બારોટને અમદાવાદના નવા મેયર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. જ્યારે અંજુ શાહને ડેપ્યુટી મેયર બનાવવામાં આવ્યા છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે કમલેશ પટેલની વરણી કરવામાં આવી છે. ઉપરાંત જશુભાઈ ઠાકોરને શાસક પક્ષના નેતા અને અતુલ મિશ્રાને દંડક તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

સુરત મહાનગરપાલિકાના જેમાં મેયર તરીકે માયાબેન માવાણી, ડેપ્યુટી મેયર તરીકે સુધાકર ચૌધરી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે રાજન પટેલ, શાસક પક્ષના નેતા તરીકે અલ્પા મહેતા અને દંડક તરીકે ઊર્મિલા ત્રિપાઠીની પસંદગી કરવામાં આવી છે.

વાપી મહાનગરપાલિકામાં મેયર તરીકે દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર તરીકે મિતેષ દેસાઈ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે સતીશ પટેલની પસંદગી કરવામાં આવી છે.

મહેસાણામાં પ્રથમ મેયર તરીકે સોનલ ઓઝાની જાહેરાત કરવામાં આવી હતી. ડેપ્યુટી મેયર તરીકે રમેશ રાજપૂત, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તરીકે દીપક પટેલ, પક્ષના નેતા તરીકે વિશાલ ઠાકોર અને દંડક તરીકે અનિલ દેસાઈની વરણી કરવામાં આવી હતી.

પોરબંદરમાં મેયર તરીકે સાગર મોદીની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી હતી. જ્યારે મનીષ શિયાળ ડેપ્યુટી મેયર અને વિક્રમ ઓડેદરા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન બન્યા છે.

ગાંધીધામ મનપામાં પ્રથમ મેયર તરીકે દિવ્યાબેન નાથાણીની પસંદગી કરવામાં આવી હતી. નવિન જરુ ડેપ્યુટી મેયર, તેજસ શેઠ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, ભરત મિરાણી શાસક પક્ષના નેતા, સુરેશભાઈ ધુઆ દંડક બન્યા છે.

નડિયાદ મનપામાં પ્રથમ મેયર તરીકે મનીષ પટેલની સર્વસંમતિથી પસંદગી કરવામાં આવી હતી. કલ્પેશ રાવળ ડેપ્યુટી મેયર, પરાગ બારોટ કારોબારી સમિતિના ચેરમેન, મેઘનાબેન શાહ પક્ષના નેતા અને પુષ્પાબેન પરમાર દંડક તરીકે ચૂંટાયા છે.

નવસારી મનપામાં પ્રથમ મેયર તરીકે અશોક ધોરાજિયાની બિનહરીફ કરાઈ હતી. કેયુરી દેસાઈ ડેપ્યુટી મેયર, મુકેશ અગ્રવાલ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને રાકેશ પટેલ દંડક તરીકે પસંદ થયા છે.

મોરબી મનપામાં ઉત્તમ સુરાણીને મેયર બનાવવામાં આવ્યા છે. ચિરાગ રાણપરા ડેપ્યુટી મેયર, જયંતી પડસુંબિયા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, અર્પિતા જાડેજા શાસક પક્ષના નેતા અને જયેશ દેસાઈ દંડક બન્યા છે.

જામનગર મનપામાં મહિલા અનામતના આધારે મોનિકા વ્યાસને મેયર બનાવવામાં આવ્યા છે. રાકેશ ડેર ડેપ્યુટી મેયર, ધીરેન મોનાણી સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, અમર મોદી શાસક પક્ષના નેતા અને પ્રવિણાબેન રુપણિયા દંડક તરીકે પસંદ થયા છે.

# અમદાવાદમાં 1.5 લાખના દાગીના લઈ લૂંટારૂઓ ફરાર, ત્રણ પકડાયા

**અમદાવાદ**

ચાંદલોડિયાના સંતોષીનગરમાં ઔડા ગાર્ડન પાસે ભાડાના મકાનમાં રહેતા 62 વર્ષીય વૃદ્ધા કિરણબહેન જગદીશભાઈ પીઠવા ચાંદલોડિયાની શ્રીજી સ્કૂલ પાસે 20થી 25 વર્ષની ઉંમરના બે અજાણ્યા યુવક તેમની પાસે આવ્યા હતા. તેમાંના એકે ખોટી કહાની ઉપજાવી કાઢી કિરણબહેનને કહ્યું કે, 'શેઠે અમને નોકરીમાંથી કાઢી મુકતા અમે દુકાનમાંથી ચોરી કરીને આવ્યા છીએ. એટલામાં બીજા શખસે રૂમાલ ખોલીને તેમાંથી 500 રૂપિયાની નોટ બતાવીને વૃદ્ધાને કહ્યું કે, 'આમાં 2.5 લાખ રૂપિયાના બંડલ છે. દરમિયાન આરોપીઓએ વૃદ્ધાને વિશ્વાસમાં લેવા કહ્યું કે, 'માજી તમે રૂપિયા લઈને ભાગી જાઓ તો? તેથી વિશ્વાસ માટે તમારા દાગીના અમને આપી દો, પછી ભાગ પાડીએ.' આરોપીઓની વાતોમાં આવીને કિરણબહેને પોતાના કાનમાં પહેરેલી 5 ગ્રામની સોનાની સેર, 3.5 ગ્રામની સોનાની બુટ્ટી અને 1.5 ગ્રામની સોનાની કડી મળી કુલ 1,50,000 રૂપિયાના દાગીના કાઢીને આરોપીને આપી દીધા હતા. આમ, દાગીના લેતા જ આરોપીઓ રૂમાલ કિરણબહેનને પકડાવી ફરાર થઈ ગયા હતા.

# ચોટીલા-હાઈવે પર અકસ્માતમાં જૈન મુનિ કાળધર્મ પામ્યા

**વડોદરા**

ગુરુવારે અમદાવાદ તરફથી 26 જૈન મુનિઓનો સમૂહ પદવિહાર કરીને ચોટીલા તરફ જઈ રહ્યા હતા, ત્યારે હાઈવે પર મઘરીખડા ગામ નજીક એક અજાણ્યા વાહન ચાલકે પૂરપાટ ઝડપે આવીને જૈન મુનિને અડફેટે લીધા હતા. અકસ્માતમાં પન્યાસપ્રવર ૐકારશેખર વિજયજી ગણિવર્યનું નિધન થતાં સમગ્ર જૈન સંઘમાં શોક છવાયો છે. ભયંકર અકસ્માતને પગલે ઘટનાસ્થળે જ જૈન મુનિનું નિધન થયુ હતુ. અકસ્માતના બનાવને લઈને પોલીસ અને અગ્રણીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

સ્વદેશ
FRIDAY, 29 MAY 2026



## આલ્ફામાં આલિયા લેડી કિલરના રોલમાં

મુંબઇ : યશરાજ ફિલ્મસ દ્વારા તેનાં સ્પાય યુનિવર્સના ભાગરુપે 'આલ્ફા' ફિલ્મ બનાવાઈ છે પરંતુ હવે એક દાવો એવો કરવામાં આવી રહ્યો છે કે આ ફિલ્મમાં આલિયા ભટ્ટ લેડી સ્પાય નહિ પરંતુ એક કિલરની ભૂમિકામાં હશે. ફિલ્મમાં આલિયા સાથે શર્વરી વાઘ તથા બોબી દેઓલ સહિતના કલાકારો છે. તાજેતરમાં રણવીરની 'ધુરંધર' ફિલ્મ સફળ થયા બાદ લોકોએ યશરાજની સ્પાય ફિલ્મોમાં તદ્દન બિનવાસ્તવદર્શી અને વધારે પડતું ગ્લેમરસ ચિત્રણ થયું હોવાની આકરી ટીકાઓ કરી હતી. તે પછી આદિત્ય ચોપરાએ 'આલ્ફા'ની વાર્તામાં કેટલાક ફેરફારો કરાવ્યા હોવાનું કહેવાય છે.

## 30 વર્ષ બાદ એક્ટિંગમાં કમબેક કરશે બોલિવૂડની 'દામિની'



'હીરો', 'દામિની' અને 'ઘાતક' જેવી શાનદાર ફિલ્મોના સહારે દર્શકોના દિલ પર રાજ કરનારી અભિનેત્રી મીનાક્ષી શેષાદ્રી આશરે ૩૦ વર્ષ બાદ સિનેમાના પડદે પાછી ફરવાની તૈયારી કરી રહી છે. લાંબા સમય બાદ કમબેક કરી રહેલી અભિનેત્રીએ જણાવ્યું કે, "રોલ ભલે લીડ હોય, સપોર્ટિંગ હોય કે પછી નાનો હોય, હું એવા પાત્રો ભજવવા માંગુ છું જે મને એક કલાકાર તરીકે પડકાર આપે." 80 અને 90ના દાયકાની સુપરહિટ એક્ટ્રેસ મીનાક્ષી શેષાદ્રી ફરી એકવાર ફિલ્મી પડદે એક્ટિંગ કરવા માટે સંપૂર્ણ રીતે ગંભીર નજરે પડી રહી છે. વર્ષ 2016માં આવેલી ફિલ્મ 'ઘાયલ વન્સ અગેન'માં ભજવેલા એક નાના રોલને બાદ કરીએ તો, મીનાક્ષી વર્ષોથી ફિલ્મોની દુનિયાથી દૂર રહી છે.

## કેટરિના અને વિકી કૌશલે પેપરાઝીને બતાવી પોતાના 6 મહિનાના પુત્રની પહેલી ઝલક



બોલિવૂડનું સૌથી લોકપ્રિય કપલ્સમાનું એક કેટરિના કૈફ અને વિકી કૌશલ છેલ્લા ઘણા સમયથી લાઈમલાઈટમાં છે. આ સ્ટાર કપલ હાલમાં પોતાના જીવનના સૌથી સુંદર તબક્કા એટલે કે 'પેરેન્ટહુડ'ને માણી રહ્યું છે. કેટરિના કૈફ 2025માં માતા બની હતી અને તેણે પુત્રને જન્મ આપ્યો હતો, જેનું નામ આ કપલે 'વિહાન કૌશલ' રાખ્યું છે. હાલમાં જ વિકી કૌશલના જન્મદિવસ પર કેટરિનાએ સોશિયલ મીડિયા પર પુત્રની એક ઝલક શેર કરી હતી, પરંતુ તેમાં બાળકનો ચહેરો છુપાવેલો હતો. આ દરમિયાન હવે એક મોટા સમાચાર સામે આવ્યા છે કે વિકી અને કેટરિનાએ મુંબઈના સેલિબ્રિટી ફોટોગ્રાફર્સને બોલાવીને પોતાના 6 મહિનાના વ્હાલસોયા પુત્રની પહેલી ઝલક બતાવી દીધી છે.

# રણવીર સિંહ પર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રતિબંધ



## ડોન-3 વિવાદમાં ફરહાન અખ્તરની ફરિયાદ બાદ FWICEની જાહેરાત

બોલિવૂડમાંથી એક અત્યંત ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. હિન્દી સિનેમાની ચર્ચિત ફ્રેન્ચાઈઝી 'ડોન 3'ને લઈને ચાલી રહેલા ગંભીર વિવાદ વચ્ચે ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ (FWICE) દ્વારા અભિનેતા રણવીર સિંહ પર સત્તાવાર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. ડિરેક્ટર ફરહાન અખ્તર અને પ્રોડ્યુસર રિતેશ સિધવાનીની કંપની 'એક્સેલ એન્ટરટેઈનમેન્ટ'ની ફરિયાદ બાદ સોમવારે 25મેના રોજ FWICEએ અંગે પ્રેસ કોન્ફરન્સ કરીને રણવીર સિંહ પર પ્રતિબંધની જાહેરાત કરી છે. આ તાજા વિવાદે રણવીર સિંહના કરિયરના જૂના વિવાદાસ્પદ કિસ્સાઓની યાદ તાજી કરાવી દીધી છે. અહીં નજર કરીએ રણવીર સાથે જોડાયેલા અગાઉના મોટા વિવાદો પર:

### 1. 'AIB નોકઆઉટ' રોસ્ટ વિવાદ

રણવીર સિંહના કરિયરનો સૌથી પહેલો અને મોટો વિવાદ 'AIB Knockout' રોસ્ટ શો હતો. એક ચેરિટી ઈવેન્ટ તરીકે યોજાયેલા આ કાર્યક્રમમાં રણવીર સિંહની સાથે અર્જુન કપૂર અને અન્ય કોમેડિયન્સ સામેલ હતા. શો દરમિયાન ઉપયોગમાં લેવાયેલી અત્યંત બોલ્ડ અને દ્વિઅર્થી ભાષાને કારણે દેશભરમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો, જેના પરિણામે રણવીર વિરુદ્ધ પોલીસ ફરિયાદો પણ થઈ હતી.

### 2. મહિલાઓ વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી અને એડ

ચેટ શો 'કોફી વિથ કરણ'નો એક જૂનો વીડિયો વાયરલ થયા બાદ રણવીર ભારે ટ્રોલ થયો હતો, જેમાં તે સહ-અભિનેત્રી અનુષ્કા શર્મા પર એક અણછાજતી ટિપ્પણી કરતો જોવા મળ્યો હતો. આ ઉપરાંત, વર્ષ 2016માં એક જાણીતી કપડાની બ્રાન્ડની જાહેરાતમાં રણવીરના ફોટો પર પણ ભારે હોબાળો થયો હતો. આ જાહેરાત પર મહિલાઓને વસ્તુ તરીકે રજૂ કરવાનો અને ઓફિસ કલ્ચર અંગે ખોટો સંદેશ આપવાનો આરોપ લાગ્યો હતો. વિવાદ વધતા બ્રાન્ડે એડ હટાવી પડી હતી અને રણવીરે માફી માંગી હતી.

### 3. 'પદ્માવત' વિવાદ

સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'પદ્માવત'માં અલાઉદ્દીન ખિલજીની નકારાત્મક ભૂમિકા ભજવનાર રણવીર સિંહ ફિલ્મની રિલીઝ પહેલાં જ મોટી મુશ્કેલીમાં મુકાયા હતા. કેટલાક સંગઠનો અને રાજકીય પક્ષો દ્વારા ફિલ્મનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો, જેમાં હિંસક પ્રદર્શનો અને ધમકીઓ પણ સામેલ હતી. જોકે, બાદમાં આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી.

### 4. 'PAPER' મેગેઝિન માટે ન્યૂડ ફોટોશૂટ

વર્ષ 2022માં રણવીર સિંહે 'પેપર' મેગેઝિન માટે ન્યૂડ ફોટોશૂટ કરાવીને સનસનાટી મચાવી દીધી હતી. જ્યાં એકતરફ કેટલાક લોકોએ તેને કલાત્મક અભિવ્યક્તિ ગણાવી હતી, તો બીજી તરફ સામાન્ય જનતા અને કાયદાકીય મંચ પર તેની આકરી ટીકા થઈ હતી. રણવીર પર અશ્લીલતા ફેલાવવાનો આરોપ લગાવીને મુંબઈમાં તેમની સામે એફઆઈઆર પણ નોંધાવવામાં આવી હતી અને પોલીસે તેમની પૂછપરછ કરી હતી.

### 5. 'કાંતારા' સાથે જોડાયેલી પવિત્ર ધાર્મિક પરંપરાની મજાક અને 'ડોન 3' એક્ઝિટ

તાજેતરમાં ગોવામાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન રણવીર સિંહે પ્રખ્યાત ફિલ્મ 'કાંતારા' સાથે જોડાયેલી દક્ષિણ ભારતની પવિત્ર 'દૈવ આરાધના'ની નકલ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ કૃત્યને ધાર્મિક લાગણી દુભાવનારું ગણાવીને ભારે વિરોધ થયો હતો, જે મામલો કર્ણાટક હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો અને બાદમાં રણવીરે માફી માંગવી પડી હતી. હવે આ તમામ વિવાદોની યાદીમાં 'ડૉન ૩' માંથી તેમની એક્ઝિટ ઉમેરાઈ છે. FWICEના અસહકારના આદેશ બાદ હવે બોલિવૂડમાં કલાકારોના પ્રોફેશનલિઝમ, કરારના નિયમો અને જવાબદારીઓ અંગે એક નવી ચર્ચા છેડાઈ ગઈ છે.

## મૂંગા જીવો સાથે ક્રૂરતા ન કરો : રવીના ટંડન



પંજાબમાં રખડતા કૂતરાઓના વધતા ત્રાસને રોકવા માટે સરકાર દ્વારા લેવાયેલા એક કડક નિર્ણય બાદ બોલિવૂડ અભિનેત્રી રવિના ટંડન અવાજ વિનાના પ્રાણીઓના સમર્થનમાં આવી છે. પંજાબમાં રસ્તા પરના કૂતરાઓને હટાવીને શેલ્ટર હોમમાં મોકલવા અથવા માનવજાત માટે ખતરો બને તેવા સંજોગોમાં તેમને 'ઇથનાઇઝ' એટલે કે પીડામુક્ત મરણ આપવું અથવા મારી નાખવાની ચાલી રહેલી કાર્યવાહી વચ્ચે રવિનાએ સોશિયલ મીડિયાના માધ્યમથી પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને એક ભાવુક અપીલ કરી છે. 'KGF: Chapter 2' ફેમ અભિનેત્રીએ પંજાબ સરકારને વિનંતી કરી છે કે રખડતા પ્રાણીઓ અંગે સુપ્રીમ કોર્ટના તાજેતરના નિર્ણયનો અમલ કરતી વખતે માનવતા અને કરુણાભર્યો અભિગમ રાખવામાં આવે. પોતાના સત્તાવાર ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક સત્તાવાર નિવેદન શેર કરતા રવિના ટંડને લખ્યું કે, "માનનીય મુખ્યમંત્રી ભગવંત માનજી, રસ્તા પરના પ્રાણીઓના સંચાલન અંગે સુપ્રીમ કોર્ટના તાજેતરના આદેશે દેશભરમાં એક મહત્ત્વપૂર્ણ ચર્ચા શરૂ કરી છે. જાહેર સુરક્ષા ચોક્કસપણે અત્યંત મહત્ત્વપૂર્ણ છે, પરંતુ હું હ્રદયપૂર્વક આશા રાખું છું કે આ નિર્ણયનો અમલ માનવતાભર્યા અને સંતુલિત રીતે જ કરવામાં આવશે. પ્રાણીઓની નસબંધી, રસીકરણ, યોગ્ય શેલ્ટર અને વ્યવસ્થિત પુનર્વસન જેવા કરુણાભર્યા ઉપાયોથી નાગરિકો અને પ્રાણીઓ બંનેની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે પંજાબ સરકારે આ તકનો ઉપયોગ જવાબદારી અને દયાભાવ સાથે આ ગંભીર મુદ્દાનો ઉકેલ લાવવા માટે કરવો જોઈએ, જેથી તે અન્ય રાજ્યો માટે એક આદર્શ ઉદાહરણ બની શકે. નિવેદનના અંતમાં રવિનાએ માર્મિક શબ્દોમાં કહ્યું કે, "અવાજ વિનાના આ જીવો સાથે આપણે કેવું વર્તન કરીએ છીએ, તે આખરે સમાજ તરીકે આપણે કોણ છીએ તેનું પ્રતિબિંબ છે."







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

## સ્પેસ રેસમાં નાસાને ટક્કર આપવા ચીની મિશન લોન્ચ

# ‘SHENZHOU-23’ : સ્પેસ રેસમાં ચીનનું ઐતિહાસિક કદમ

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

તાજેતરમાં ચીને શેનઝોઉ-23 મિશન લોન્ચ કર્યું છે. ચીનના મિશનનો મુખ્ય હેતુ પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં આવેલા ચીનના પોતાના અદ્યતન સ્પેસ સ્ટેશન ‘ટિઆન્ગોંગ’ ખાતે તૈનાત અવકાશયાત્રીઓને બદલવાનો અને ત્યાં નવા વૈજ્ઞાનિક પ્રયોગો હાથ ધરવાનો છે. આ મિશનમાં ત્રણ ચાઈનીઝ અવકાશયાત્રીઓ સ્પેસ સ્ટેશન પર મોકલવામાં આવ્યા છે. આ મિશન માત્ર વિજ્ઞાનનો એક પ્રયોગ નથી, પરંતુ ટેકનોલોજીકલ શ્રેષ્ઠતા, રાષ્ટ્રીય ગૌરવ અને ભવિષ્યની સ્પેસ ઈકોનોમી ઉપર વર્ચસ્વ જમાવવાની દિશામાં ચીનનું એક અત્યંત વ્યૂહાત્મક પગલું છે. ચીનના જિયુક્વાન સેટેલાઈટ લોન્ચ સેન્ટર પરથી ‘Shenzhou-23’એ પૃથ્વીના ગુરુત્વાકર્ષણને ફગાવીને આકાશ તરફ પ્રયાણ કર્યું હતું. રાત્રિના સમયે થયેલા આ લોન્ચિંગના દ્રશ્યો એટલા ભવ્ય હતા કે, તેનાથી આખું રણ પ્રકાશિત થઈ ગયું હતું. ચીની એન્જિનિયરોની તકનીકીને કારણે લોન્ચ થયાના માત્ર 3.5. કલાકની અંદર જ Shenzhou-23એ પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં સ્થિત ચીનના પોતાના સ્પેસ સ્ટેશન તિયાંગોંગ સાથે સફળતાપૂર્વક ઓટોમેટેડ ડોકિંગ પૂર્ણ કર્યું હતું.

તિયાંગોંગ ખાતે પહેલાથી જ હાજર ‘Shenzhou-21’ના અવકાશયાત્રીઓએ આ નવી ટીમનું સ્પેસ સ્ટેશનની અંદર પરંપરાગત શૈલીમાં ગળે મળીને અને હર્ષોલ્લાસ સાથે સ્વાગત કર્યું હતું. આ સાથે જ અવકાશમાં સંયુક્ત ક્રૂની હાજરીનો એક નવો તબક્કો શરૂ થયો હતો. કોઈ પણ સ્પેસ મિશનની સફળતાનો આધાર તેના મશીનો ઉપરાંત તેમાં બેઠેલા માનવીઓની ક્ષમતા પર હોય છે. Shenzhou-23માં બેસાડવામાં આવેલી ૩ સભ્યોની ટીમ શારીરિક, માનસિક અને તકનીકી રીતે અત્યંત આકરી અને કઠિન ટ્રેનિંગ મેળવીને ગઈ છે. આ ટીમનું કમ્પોઝિશન વૈજ્ઞાનિક દ્રષ્ટિએ જેટલું મહત્વનું છે, એટલું જ તે ચીનની આંતરિક રાજનીતિ માટે પણ ખાસ છે. મિશનના કમાન્ડર તરીકે ચીનના અત્યંત અનુભવી અને સૈન્ય પૃષ્ઠભૂમિ ધરાવતા અવકાશયાત્રી ઝુ યાંગઝુની નિમણૂક કરાઈ છે. તેમની પાસે અગાઉના મિશનનો પણ બહોળો અનુભવ છે, જે સ્પેસમાં આવનારી કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિને હેન્ડલ કરવા માટે ખૂબ જ જરૂરી છે. સ્પેસક્રાફ્ટના નેવિગેશન અને ટેકનિકલ પાસાઓને



સંભાળવાની મુખ્ય જવાબદારી ઝાંગ ઝિયુઆનના શિરે છે. તેઓ સિસ્ટમ એન્જિનિયરિંગમાં માસ્ટર છે. આ મિશનમાં જે નામ આંતરરાષ્ટ્રીય સ્તરે સૌથી વધુ હેડલાઈન્સ મેળવી રહ્યું છે, તે લાઈ કા-યિંગ છે. લાઈ કા-યિંગના રૂપમાં હોંગકોંગના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ નાગરિક અવકાશમાં પહોંચ્યો છે. સામાન્ય રીતે સ્પેસ એજન્સીઓ એરફોર્સના પાઈલટોને પસંદ કરતી હોય છે, પરંતુ લાઈ કા-યિંગ મૂળ હોંગકોંગ પોલીસ ફોર્સમાં ચીફ સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતા હતા અને તેઓ કમ્પ્યુટર ફોરેન્સિક એન્ડ ડિજિટલ ઈન્વેસ્ટિગેશનના એક્સપર્ટ છે.

ચીને તેની “પેલોડ સ્પેશિયાલિસ્ટ’ કેટેગરી હેઠળ હોંગકોંગ અને મકાઉ જેવા વિશેષ વહીવટી પ્રદેશોના નાગરિકો માટે સ્પેસ પ્રોગ્રામના દરવાજા ખોલ્યા, જે અંતર્ગત લાઈની પસંદગી થઈ છે. આ પગલા દ્વારા ચીને હોંગકોંગના નાગરિકોને મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો અને વૈશ્વિક સ્તરે ‘વન ચાઈના’ની તાકાત બતાવવાનો રાજદ્વારી પ્રયાસ કર્યો છે. આ ઉપરાંત, તેઓ ચીનની ચોથી મહિલા અવકાશયાત્રી બનીને સ્પેસમાં વિમેન એમ્પાવરમેન્ટનું પ્રતીક બન્યા છે. અત્યાર સુધી ચીન કે અન્ય દેશો દ્વારા સ્પેસ સ્ટેશન પર મોકલવામાં આવતા મિશનોનો સામાન્ય સમયગાળો ૬ મહિનાનો રહેતો હતો. ૬ મહિના પછી અવકાશયાત્રીઓ પૃથ્વી પર પાછા ફરે અને નવી ટીમ ત્યાં જાય તેવી સિસ્ટમ હતી. પરંતુ Shenzhou-23 મિશન દ્વારા ચીન એક બહુ મોટો અને જોખમી પ્રયોગ કરવા જઈ રહ્યું છે. આ ત્રણ અવકાશયાત્રીઓમાંથી કોઈ એક સભ્ય સતત ૧ વર્ષ સુધી સ્પેસ સ્ટેશન પર એકલો રહેશે. જો આ શક્ય બનશે તો ચીનના યાત્રીઓ અંતરિક્ષ ઈતિહાસમાં આ સૌથી લાંબો સિંગલ સ્પેસ સ્ટે રોકાણ કરનારો દેશ બની જશે. જો કે, આ સાથે યાત્રીઓને જોખમ પણ છે. કારણ કે, મનુષ્ય લાંબા સમય સુધી ઝીરો-ગ્રેવિટીવાળા વાતાવરણમાં રહે છે, ત્યારે તેના શરીર પર અત્યંત ગંભીર અસરો થાય છે. ગુરુત્વાકર્ષણના અભાવે સ્નાયુઓનો ઉપયોગ ઓછો થઈ જાય છે, જેથી સ્નાયુઓ નબળા પડી જાય છે. હાડકાંમાંથી કેલ્શિયમ ઓગળવા લાગે છે, જેના કારણે હાડકાં અત્યંત બરડ બની જાય છે. પૃથ્વીના વાતાવરણની બહાર રહેવાથી હાનિકારક કોસ્મિક કિરણોત્સર્ગનો સામનો કરવો પડે છે, જે કેન્સર જેવી બીમારીઓનું જોખમ વધારે છે. પૃથ્વીથી સેંકડો કિલોમીટર દૂર, એક બંધ લોખંડના ડબ્બા જેવા સ્પેસ સ્ટેશનમાં લાંબો સમય વિતાવવાથી ડિપ્રેશન અને એકલતા જેવી માનસિક સમસ્યાઓ થઈ શકે છે. ચીન આ ૧ વર્ષના પ્રયોગ દ્વારા એવો સચોટ ડેટા એકઠો કરવા માંગે છે, જેનાથી ભવિષ્યમાં જ્યારે મનુષ્યને મંગળ ગ્રહ પર કે ચંદ્ર પર લાંબાગાળાના મિશન માટે મોકલવામાં આવે, ત્યારે કઈ કઈ સાવચેતી રાખવી અને મેડિકલ સાયન્સમાં કેવા ફેરફારો કરવા તે જાણી શકાય. તિયાંગોંગ સ્પેસ સ્ટેશન ખાતે મિશન દરમિયાન આ ટીમ સ્પેસ સ્ટેશનની અંદર અને સ્પેસવોક દ્વારા બહાર નીકળીને અંદાજે ૧૦૦થી વધુ અદ્યતન વૈજ્ઞાનિક સંશોધનો કરવાની છે. પૃથ્વી પર ગુરુત્વાકર્ષણ બળ હોવાને કારણે ધાતુઓ કે કેમિકલ્સના મિશ્રણમાં ચોક્કસ શુદ્ધતા મળતી નથી. સ્પેસના વાતાવરણમાં ગુરુત્વાકર્ષણ ન હોવાથી ત્યાં એવા અતિ-શુદ્ધ એલોય (નવી ધાતુઓ) અને સેમિકન્ડક્ટર્સ બનાવી શકાય છે, જે પૃથ્વી પર બનાવવા અશક્ય છે. કેન્સર જેવી જીવલેણ બીમારીઓના સેલ્સ ઝીરો-ગ્રેવિટીમાં કેવી રીતે વર્તે છે, અને તેના પર કઈ દવાઓ ઝડપથી અસર કરે છે, તેનું લાઈવ ટેસ્ટિંગ આ મિશન દરમિયાન કરવાનું લક્ષ્ય છે.

હાલમાં પૃથ્વીની ભ્રમણકક્ષામાં માત્ર બે જ સ્પેસ સ્ટેશન કાર્યરત છે. જેમાં અમેરિકા, રશિયા, જાપાન અને યુરોપનું સયુક્ત આંતર રાષ્ટ્રીય સ્પેશન સ્ટેશન આઈએસએશ અને અને બીજું ચીનનું એકલપંડનું ‘તિયાંગોંગ’ છે. વૈજ્ઞાનિકોના મતે, ISS આગામી થોડા વર્ષોમાં તેની સમયમર્યાદા પૂરી થતાં નિવૃત્ત થઈ જશે અને તેને પ્રશાંત મહાસાગરમાં પાડી દેવામાં આવશે. તે સમયે જો અમેરિકા નવું કોમર્શિયલ સ્ટેશન નહીં બનાવી શકે, તો પૃથ્વીની કક્ષામાં ચીનનું ‘તિયાંગોંગ’ એકમાત્ર કાર્યરત સ્પેસ સ્ટેશન હશે. આ સ્થિતિ વૈશ્વિક વિજ્ઞાન પર ચીનનું એકહથ્થુ શાસન સ્થાપિત કરી શકે છે. અમેરિકા તેના ‘Artemis’ મિશન દ્વારા ફરી એકવાર માનવીને ચંદ્ર પર ઉતારવા અને ત્યાં કાયમી બેઝ બનાવવાની તૈયારી કરી રહ્યું છે. તેની સામે ચીને પણ સત્તાવાર જાહેરાત કરી દીધી છે કે તે ૨૦૩૦ પહેલાં પોતાના અવકાશયાત્રીઓને ચંદ્રની ધરતી પર ઉતારી દેશે. Shenzhou-23 મિશન એ ચીનના આ મૂન મિશનનો પાયો છે. કારણ કે, તેનાથી મળનારો હ્યુમન ડેટા જ ચંદ્ર પર જનારા વૈજ્ઞાનિકોને બચાવવામાં મદદ કરશે. ચીન હવે સ્પેસ સેક્ટરમાં અમેરિકાને એકલું પાડવાની રણનીતિ અપનાવી રહ્યું છે. તેણે જાહેરાત કરી છે કે તે ટૂંક સમયમાં તેના મિત્ર દેશો, જેમ કે પાકિસ્તાન કે અન્ય વિકાસશીલ દેશોના અવકાશયાત્રીઓને પણ પોતાના સ્પેસ સ્ટેશન પર ટ્રેનિંગ આપીને મોકલશે. જેનાથી એશિયા અને આફ્રિકાના દેશોમાં ચીનનો પ્રભાવ વ્યાપક પ્રમાણમાં વધી જશે. લાંબા સમય સુધી પશ્ચિમી દેશો સ્પેસ ટેકનોલોજીમાં મોનોપોલી ભોગવતા હતા, પરંતુ ચીનના આ મિશનથી પૂર્વનો આ દેશ હવે કોઈનાથી પાછળ નથી તેવો સંદેશ જશે.

**મિશનનો મુખ્ય હેતુ અવકાશયાત્રીઓને બદલવાનો છે. નવા ત્રણ ચાઇનીઝ અવકાશયાત્રી 6 મહિના સુધી ત્યાં રહીને માઇક્રોગ્રેવિટી વાતાવરણમાં માનવ શરીર પર થતી અસરો, સ્પેસ મેડિસિન, મટિરિયલ સાયન્સ અને અત્યાધુનિક તકનીકી ઉપકરણોના પરીક્ષણ સંબંધિત પ્રયોગો કરશે**

# ભગવાન વિષ્ણુની કૃપાથી સુખ-શાંતિ અને ભાગ્ય ચમકાવો

જ્યોતિષશાસ્ત્રમાં ભગવાન વિષ્ણુનો સંબંધ મુખ્યત્વે બૃહસ્પતિ (ગુરુ) ગ્રહ સાથે છે. ગુરુ ગ્રહને ભાગ્ય, જ્ઞાન, સંતાન, ધન અને વિવાહનો કારક માનવામાં આવે છે. જો કુંડળીમાં ગુરુ નબળો હોય તો વ્યક્તિને જીવનના દરેક ક્ષેત્રમાં સંઘર્ષ કરવો પડે છે.

### ગુરુ ગ્રહની મજબૂતી માટેના ઉપાયો

**ગુરુવારનું વ્રત અને પૂજા :** ગુરુવારે સવારે વહેલા ઊઠી, સ્નાન કરી પીળાં વસ્ત્રો ધારણ કરવાં. ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીની સંયુક્ત પૂજા કરવી. પૂજામાં પીળાં ફૂલ, ચણાની દાળ, ગોળ અને હળદર અર્પણ કરવાં.

**કેળાંના વૃક્ષની પૂજા :** શાસ્ત્રો અનુસાર કેળાના વૃક્ષમાં ભગવાન વિષ્ણુનો વાસ હોય છે. ગુરુવારે કેળાના વૃક્ષના મૂળમાં જળ ચડાવવું, હળદરનું તિલક કરવું અને શુદ્ધ ઘીનો દીવો પ્રગટાવવો. (ધ્યાન રાખવું કે વ્રત કરનારે આ દિવસે કેળાં ન ખાવાં).

**મંત્રજાપ :** વિષ્ણુ સહસ્ત્ર નામનો પાઠ કરવો એ કુંડળીના તમામ દોષોને શાંત કરવાનો રામબાણ ઈલાજ છે. આ સિવાય દર ગુરુવારે ૐ નમો ભગવતે વાસુદેવાય મંત્રની 108 વાર માળા કરવી.

**પીળી વસ્તુઓનું દાન :** આ દિવસે ગરીબો અથવા કર્મકાંડી બ્રાહ્મણોને પીળાં વસ્ત્રો, ચણાની દાળ, કેળાં, હળદર અથવા સોનાનું દાન કરવાથી કુંડળીમાં ગુરુ બળવાન બને છે અને ભાગ્યોદય થાય છે.

### લાલ કિતાબના અચૂક અને સરળ નુસખા

ભગવાન વિષ્ણુને પ્રસન્ન કરવા અને નકારાત્મક ઊર્જા દૂર કરવા માટે લાલ કિતાબમાં અદ્ભુત ઉપાયો દર્શાવ્યા છે.

**કેસર અથવા હળદરનું તિલક :** લાલ કિતાબ અનુસાર દરરોજ સવારે સ્નાન કર્યા પછી પોતાના કપાળ, નાભિ અને હૃદય પર કેસર અથવા ભીની હળદરનું તિલક કરવું જોઈએ. આ ઉપાયથી વ્યક્તિનું આત્મસન્માન વધે છે અને નકારાત્મક શક્તિઓ દૂર રહે છે.

**પીળા રેશમી દોરાનો ઉપાય :** જો લાંબા સમયથી કોઈ કામ અટકેલું હોય, તો ગુરુવારે ભગવાન વિષ્ણુના ચરણોમાં એક પીળો રેશમી દોરો અર્પણ કરો. પૂજા પછી આ દોરાને જમણા હાથના કાંડા પર (મહિલાઓએ ડાબા હાથ પર) બાંધી લેવો.

**મંદિરમાં ચણાની દાળ અને કેસરનું દાન :** સતત 8 કે 11 ગુરુવાર સુધી કોઈ ધાર્મિક સ્થળ કે મંદિરમાં જઈને ચણાની દાળ અને કેસરનું દાન કરવું. આ ઉપાયથી દેવામાંથી મુક્તિ મળે છે અને અટકેલાં નાણાં પાછાં આવે છે.

**પીપળાના વૃક્ષને જળ :** ગુરુવારે સવારે પીપળાના વૃક્ષને જળ અર્પણ કરવું, કારણ કે ગીતામાં ભગવાન વિષ્ણુએ સ્વયંને વૃક્ષોમાં પીપળો કહ્યા છે. જળ ચડાવ્યા બાદ પીપળાની સાત પરિક્રમા કરવી. વહેતા પાણીમાં સામગ્રી પ્રવાહિત કરવી લાલ કિતાબમાં વહેતા પાણીમાં (નદી કે નહેરમાં) વસ્તુઓ પ્રવાહિત કરવાના ઉપાયોને ખૂબ જ ઝડપી અને ચમત્કારિક માનવામાં આવ્યા છે. વહેતું પાણી નકારાત્મક ઊર્જા અને કષ્ટોને પોતાની સાથે વહાવી જાય છે. ભગવાન વિષ્ણુ સાથે સંબંધિત અશુભ અસરોને દૂર કરવા માટેના મુખ્ય ઉપાયો નીચે મુજબ છે.

**ચણાની દાળ વહાવવી :** જો કોઈ વ્યક્તિની કુંડળીમાં ગુરુ ગ્રહ ખરાબ ઘર(ભાવ)માં બેસીને અશુભ ફળ આપી રહ્યો હોય અથવા ભાગ્ય સાથ ન આપતું હોય, તો સતત 7 ગુરુવાર સુધી એક મુટ્ઠી ચણાની દાળ વહેતા શુદ્ધ પાણીમાં પ્રવાહિત કરવી.



**પીળાં ફૂલ અને હળદરની ગાંઠ :** નોકરીમાં પ્રમોશન ન મળતું હોય કે વ્યવસાય ઠપ થઈ ગયો હોય, તો ગુરુવારે સૂર્યાસ્ત પહેલાં આખા હળદરની 5 ગાંઠ અને થોડાં પીળાં ફૂલ વહેતા પાણીમાં વિષ્ણુ ભગવાનનું સ્મરણ કરીને વહાવી દેવા. આ ઉપાયથી પ્રગતિના માર્ગમાં આવતા અવરોધો દૂર થાય છે.

**નાળિયેર અને બદામનો ઉપાય :** જો ઘરમાં રાહુ-કેતુ અથવા શનિ નડતો હોય અને માનસિક તણાવ રહેતો હોય, તો ગુરુવારે પાણીવાળું નાળિયેર અને થોડી બદામ ભગવાન વિષ્ણુના મંદિરે ચડાવી, ત્યારબાદ તેને નદીના વહેતા પાણીમાં પ્રવાહિત કરી દેવું. આનાથી ઘરના સભ્યો પર આવી પડેલી આફતો ટળે છે.

**રત્ન ઉપચાર :** ભાગ્યોદય અને ગુરુ બળ માટે જ્યોતિષશાસ્ત્રમાં ગ્રહોની નકારાત્મક અસરોને દૂર કરવા અને તેમનાં શુભ ફળ મેળવવા માટે રત્ન ધારણ કરવાની સલાહ આપવામાં આવે છે. શ્રી વિષ્ણુની કૃપા અને ગુરુ ગ્રહની મજબૂતી માટે રત્ન ઉપચાર ખૂબ પ્રભાવી છે.

**પોખરાજ :** ગુરુ ગ્રહનું મુખ્ય રત્ન પોખરાજ છે. જે જાતકોનાં લગ્ન થવામાં અવરોધો આવતા હોય, સંતાનસુખ ન મળતું હોય કે બિઝનેસમાં સતત નુકસાન થતું હોય, તેમણે કોઈ યોગ્ય જ્યોતિષની સલાહ લઈને ગુરુવારે સોનાની વીંટીમાં પોખરાજ જમણા હાથની તર્જની (પહેલી આંગળી)માં ધારણ કરવો જોઈએ. ધારણ કરતાં પહેલાં તેને ભગવાન વિષ્ણુનામ ચરણોમાં સ્પર્શ કરાવી, દૂધ અને ગંગાજળથી પવિત્ર કરવો.

**સુનહલા :** જો મોંઘો પોખરાજ ખરીદવો શક્ય ન હોય, તો તેના ઉપરત્ન તરીકે `સુનહલા' અથવા `ટોપાઝ' ધારણ કરી શકાય છે. આ રત્ન આર્થિક સ્થિતિ સુધારવામાં અને નિર્ણયશક્તિ વધારવામાં ખૂબ મદદરૂપ સાબિત થાય છે.

**દાનનું મહત્ત્વ :** કષ્ટોનું નિવારણ અને પુણ્યની પ્રાપ્તિ શાસ્ત્રોમાં દાનને સર્વશ્રેષ્ઠ પુણ્યકર્મ માનવામાં આવ્યું છે. ભગવાન વિષ્ણુને પ્રસન્ન કરવા માટે ચોક્કસ વસ્તુઓનું દાન કરવાથી કુંડળીના અનેક ગંભીર દોષો શાંત થાય છે.

**પિત્તળનાં વાસણ અને અનાજનું દાન :** ગુરુવારે કોઈ ગરીબ બ્રાહ્મણ કે જરૂરિયાતમંદને પિત્તળનું વાસણ, ચણાની દાળ અથવા પીળા રંગનું અન્ન (જેમ કે, બુંદીના લાડુ) દાન કરવાથી ઘરમાં ક્યારેય અન્ન-ધનની કમી રહેતી નથી.

**વસ્ત્રદાન :** સાધુ-સંતો અથવા વૃદ્ધોને પીળાં વસ્ત્રો (ધોતી, શાલ વગેરે)નું દાન કરવાથી ગુરુ દોષ દૂર થાય છે અને સમાજમાં માન-સન્માન વધે છે.

**ધાર્મિક પુસ્તકોનું દાન :** વિષ્ણુ સહસ્ત્રનામ, શ્રીમદ્ ભગવદ્ગીતા કે રામાયણ જેવાં ધાર્મિક પુસ્તકોનું મંદિરમાં કે જિજ્ઞાસુ વ્યક્તિને દાન કરવાથી અક્ષય પુણ્ય મળે છે અને બુદ્ધિનો વિકાસ થાય છે.

ભગવાન વિષ્ણુની ઉપાસના એ માત્ર ભક્તિ નથી, પરંતુ જીવન જીવવાની એક સંતુલિત કળા છે. જ્યોતિષ, લાલ કિતાબ અને વાસ્તુશાસ્ત્રના આ ઉપાયો આપણને પ્રકૃતિ અને ઈશ્વર સાથે જોડે છે. જો કોઈ વ્યક્તિ પૂર્ણ શ્રદ્ધા, શુદ્ધ મન અને નિયમિતતા સાથે આ ઉપાયો કરે છે, તો તેના જીવનમાંથી નકારાત્મકતા, દરિદ્રતા અને રોગચાળો હંમેશ માટે ગાયબ થઈ જાય છે. પાલનહાર વિષ્ણુની કૃપાથી તેનું ઘર અન્ન અને ધનથી છલકાઈ જાય છે અને અંતે મોક્ષની પ્રાપ્તિ થાય છે.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room, Located in downtown Huntsville. Absentee owner, Employees run for last 3 years.
Owner operator can make more money

• 78 Room Hotel Ramada Inn – SOLD
• 12 Room Motel and Restaurant in Manitulin Island – SOLD
• 17 Room Motel near Chattham – SOLD
• 12 Room Motel in Blind River – Sold Conditional
• 21 Room Motel with Restaurant in Muskoka – Sold Conditional
• 54 Room Resort in 1000 Islands on 7 acres land – Sold Conditional

43 Room Motel with 241 Pizza Restaurant with Building in Cochrane – $4.5M
Renovated Rooms, Situalted on 6 Acres of the commercial land right on Trans Canada Hwy 11. Access land can be used for further development or many more uses
Plus 2 Apartments for manager and staff - Both businesses are money making and running through the staff. Absentee Owner – ideal for owner operator.

15 Room Motel + 1 Apt – Nr Sudbury - $999K
All Rooms recently renovated + Restaurant & Bar (closed) renovated. Indoor corridor. Easy one man opeation. Money making motel with NO competition. Year round business

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

Now licensed to work in ALBERTA as well
Motels coming up for Sale in 2026
65 Room Hotel near Calgary - $5.5M
22 Room Motel, 4 BR House near Edmonton - $799,000

Motel Jobs AND Working Partner Opporunity
(min $200,000 to invest) Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

17 Room Motel in Sault Ste Mari - $1.8M
Renovated Rooms, Spent thousands of dollar
Owners retiering

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100




## AI ટેકનોલોજી અને નવીન વિચારો સાથે યુવા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવા ચેમ્બર કટિબદ્ધ

# લંડન ઓન્ટેરિયોમાં હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સની 'સ્મોલ બિઝનેસ મીટ'

### નાના વ્યવસાયો માટે કેનેડિયન ફેડરલ સપોર્ટ અને હેલ્થકેર સિસ્ટમના આર્થિક પ્રદાન પર ચર્ચા, આગામી કાર્યક્રમ હેમિલ્ટનમાં યોજવા જાહેરાત

ઓન્ટેરિયો કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સ (CHCC-SWONના સાઉથવેસ્ટ ઓન્ટેરિયો ચેપ્ટર દ્વારા લંડન, ઓન્ટેરિયોમાં તેની સ્મોલ બિઝનેસ મીટનું સફળતાપૂર્વક આયોજન થયું હતું. કાર્યક્રમમાં દક્ષિણ ઓન્ટેરિયોમાંથી આશરે ૧૦૦ જેટલા ઉદ્યોગસાહસિકો, વ્યવસાયિક નેતાઓ, વ્યાવસાયિકો, નીતિ નિર્માતાઓ અને સમુદાયના સભ્યોને ઉદ્યોગસાહસિકતા, નવીનતા અને આર્થિક ભાગીદારીને મજબૂત બનાવવા પર કેન્દ્રિત એક સાંજ માટે ભેગા કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમે દક્ષિણ પશ્ચિમ ઓન્ટેરિયો અને સમગ્ર કેનેડામાં વ્યવસાય વૃદ્ધિ અને આર્થિક વિકાસના ભવિષ્યને લગતા નેટવર્કિંગ, સહયોગ અને અર્થપૂર્ણ સંવાદ માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ આપ્યું હતુ. તેણે વ્યવસાય માલિકો અને વ્યાવસાયિકોને સંબંધો બનાવવા, વિચારોનું આદાનપ્રદાન કરવા અને વિકસિત વ્યવસાયિક લેન્ડસ્કેપને આકાર આપતા ઉભરતા વલણોનું અન્વેષણ કરવાની તકો પણ પૂરી પાડી હતી. આ તકે, શ્રી મહાવીર સંઘવી (ભારતના કોન્સ્યુલ જનરલ - મુખ્ય મહેમાન), પીટર ફ્રેગિસ્કાટોસ (લંડન સેન્ટરના સંસદસભ્ય), ડેરેન સ્ટીવનસન (બોર્ડ ચેર, ક્લિન્ટન પબ્લિક હોસ્પિટલ ફાઉન્ડેશન) હાજર રહ્યા હતા. ચેમ્બરના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ મહર્ષિ જાની (પ્રમુખ, CHCC) ડૉ. રાકેશ કંટારિયા (સચિવ, CHCC), ગણેશ પરિદા (ઉપપ્રમુખ, CHCC), આશુતોષ સિંહ (ડિરેક્ટર, CHCC), વેદાંશી પટેલ (ડિરેક્ટર - યુવા બાબતો), નિલેશ પટેલ (સલાહકાર બોર્ડના સભ્ય)એ કર્યું હતુ. સાંજની શરૂઆત પરંપરાગત દીપ પ્રાગટ્ય સમારોહ અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ સાથે થઈ હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન, વક્તાઓએ સ્થિતિસ્થાપક સમુદાયો અને ટકાઉ આર્થિક વિકાસના નિર્માણમાં ઉદ્યોગસાહસિકતા, નવીનતા અને સહયોગી નેતૃત્વના મહત્વ પર ભાર મૂક્યો હતો.









## સંસ્કૃતિની જાળવણી સાથે યુવાનોને માટે રોજગારની તક ઉભી કરવા પર ભાર મુકાયો

સાઉથવેસ્ટર્ન CHCCના પ્રમુખ ભદ્રેશ પટેલે સભ્યોને એકસાથે આવવા, આજીવન સભ્યો બનવા અને નવા સભ્યો લાવીને સમુદાયને મજબૂત બનાવવામાં મદદ કરવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે સંસ્કૃતિ જાળવવા, યુવાનોને વ્યવસાયિક જ્ઞાન અને નવીનતા સાથે ટેકો આપવા અને વ્યવસાય વૃદ્ધિ દ્વારા નવી રોજગાર તકો ઊભી કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે ખાતરી પણ આપી હતી કે, ચેમ્બર નવા વિચારો સાથે યુવા ઉદ્યોગસાહસિકોને ટેકો આપવા માટે કટિબદ્ધ છે. જે બાદ તેમણે જાહેરાત કરી હતી કે આગામી મુખ્ય કાર્યક્રમ હેમિલ્ટન વિસ્તારમાં યોજાશે. તેમના ભાષણમાં, કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સના કેન્દ્રીય પ્રમુખ મહર્ષિ જાનીએ ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવવા અને હિમાયત, નેટવર્કિંગ તેમજ અર્થપૂર્ણ સમુદાય જોડાણ પહેલ દ્વારા આર્થિક તકોનો વિસ્તાર કરવા ચેમ્બરની ચાલુ પ્રતિબદ્ધતાને પુનઃ પુષ્ટિ કરી હતી.

મુખ્ય મહેમાન ભારતના કોન્સ્યુલ જનરલ મહાવીર સંઘવીએ કેનેડા અને ભારત વચ્ચે, ખાસ કરીને માળખાગત સુવિધાઓ, ટેકનોલોજી, નવીનીકરણીય ઉર્જા અને નવીનતા ક્ષેત્રોમાં ઉભરતી તકો ઉપર પ્રકાશ પાડ્યો હતો. તેમણે બંને દેશોમાં વ્યવસાયો અને સંસ્થાઓ વચ્ચે મજબૂત ભાગીદારી અને અર્થપૂર્ણ સહયોગ માટે વધતી જતી સંભાવના પર ભાર મૂક્યો હતો. લંડન સેન્ટરના સંસદસભ્ય પીટર ફ્રેગિસ્કાટોસે ઉપસ્થિતોને ઉદ્યોગસાહસિકો અને નાના વ્યવસાયો માટે ઉપલબ્ધ ફેડરલ સપોર્ટ પહેલ વિશે સંબોધન કર્યું હતું. તેમણે કેનેડિયન વ્યવસાયોને વિકસિત બજારની અંદર અનુકૂલન અને વિકાસ કરવામાં મદદ કરવા માટે રચાયેલા કાર્યક્રમો અને આર્થિક પગલાંની પણ જાણકારી આપી હતી. ક્લિન્ટન પબ્લિક હોસ્પિટલ ફાઉન્ડેશનના બોર્ડ અધ્યક્ષ ડેરેન સ્ટીવનસને ટકાઉ સ્થાનિક અર્થતંત્રોને ટેકો આપવા માટે આરોગ્ય સંભાળ પ્રણાલીઓ અને સમુદાય સંગઠનોના મહત્વ વિશે વાત કરી હતી. તેમણે સમુદાયોને પાછા આપવા અને લાંબા ગાળાની સામાજિક અસર ઊભી કરતી પહેલોમાં રોકાણ કરવાના મહત્વ ઉપર પણ પ્રકાશ પાડ્યો હતો.

આયોજન ટીમની સરાહના CHCC-SWONએ તેની આયોજન ટીમના સમર્પણ અને નેતૃત્વની પણ પ્રશંસા કરી હતી, જેમાં ભદ્રેશ પટેલ (પ્રમુખ), સચિન પટેલ (ઉપપ્રમુખ), સંજય ગુપ્તા (ઉપપ્રમુખ), ગૌરવ શીલ (સચિવ), ધર્મેશ પટેલ (ખજાનચી), કૌશિક પટેલ (પ્રવક્તા), હરેન ત્રિવેદી (માર્કેટિંગ અને જાહેરાત), શીતલ શાહ (સોશિયલ મીડિયા કન્વીનર) સામેલ હતા.ચેમ્બરે કાર્યક્રમના આયોજનમાં આર્થિક સમર્થન આપવા બદલ તમામ સ્પોન્સર્સ અભિ ગુપ્તા (એસકે ગ્રુપ), કૃણાલ પટેલ (આર્જવ કન્સ્ટ્રક્શન ગ્રુપ), ધવલ પટેલ (નિક્સન ફાર્મસી), ડૉ. વિરેન પટેલ (વોટરડાઉન સ્માઈલ સ્પેક્ટ્રમ), ટીના કોઠારી (શ્રાઈન રિયલ્ટી બ્રોકરેજ), ICICI બેંક કેનેડાનો આભાર માન્યો હતો. કાર્યક્રમના અંતે MC (એન્કર) વેદાંશી પટેલે ઉપસ્થિતોનું ઉષ્માભર્યું સ્વાગત કરી નાના વ્યવસાય મીટનું ભવ્ય સંચાલન કર્યું હતું. કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સ સાઉથવેસ્ટ ઓન્ટેરિયો ચેપ્ટર આગામી સમયમાં પણ ઉદ્યોગસાહસિકોને ટેકો આપવા અને સમૃદ્ધિમાં ફાળો આપવા માટે કટિબદ્ધ છે.

## ટેકનોલોજીઓ અને વ્યવસાય વિકાસની તકો પર ધ્યાન કેન્દ્રિત કરતું પ્રેઝન્ટેશન રજૂ થયું

**કાર્યક્રમમાં ઉભરતી ટેકનોલોજીઓ અને વ્યવસાય વિકાસની તકો પર ધ્યાન કેન્દ્રિત કરતી પ્રેઝન્ટેશન પણ રજૂ કરવામાં આવી હતી. 'Spark2Summit'ના સ્થાપક અને CEO અજય મિશ્રાએ 'કેનેડિયન ઓપોર્ચ્યુનિટીઝ ફોર AI અને ડિજિટલ ટેકનોલોજી' પર પ્રેઝન્ટેશન આપ્યું હતું, જેમાં કેનેડાના ભાવિ અર્થતંત્ર પર કૃત્રિમ બુદ્ધિમત્તા અને નવીનતાના પરિવર્તનશીલ પ્રભાવ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. શુભપ્રીત સિંહ, નિકુંજ સુનેજા અને રાહુલ બિજલવાન સહિત ICICI બેંક કેનેડાના પ્રતિનિધિઓએ ઉદ્યોગસાહસિકો અને નાના વ્યવસાય માલિકોને ટેકો આપવા માટે ઉપલબ્ધ નાણાકીય ઉકેલો અને બેંકિંગ સંસાધનોમાં મૂલ્યવાન આંતરદૃષ્ટિ શેર કરી હતી.**

# ૨૬૭ વેપારીઓના નાણાં ફસાયા : અમદાવાદના ઓશિયા મોલ પર રૂપિયા ૨૫૦ કરોડની છેતરપિંડીનો આક્ષેપ

## પેમેન્ટ ન મળ્યા અને અપાયેલા ચેક રિટર્ન થયા, સરકાર અને તંત્ર સમક્ષ વેપારીઓ દ્વારા ન્યાયની માંગ

**અમદાવાદ**

અમદાવાદમાં આવેલા ઓશિયા મોલના માલિકો સામે કરોડો રૂપિયાની છેતરપિંડીના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. મોલના માલિક ધીરેન્દ્ર ચોપરા ઉર્ફે ધીરજ ચોપડા અને તેમની પત્ની કવિતા ચોપરાએ વેપારીઓ પાસેથી ઉધારમાં માલ લઈને આશરે ૨૫૦ કરોડથી વધુની રકમ ચૂકવ્યા વગર ફરાર થઈ ગયાનો આરોપ લાગ્યો છે. આ મામલે છેલ્લા ઘણા મહિનાથી પેમેન્ટ ન મળતાં અને આપેલા ચેકો બેંકમાં બાઉન્સ થતાં આખરે ૨૬૭ જેટલા વેપારીઓએ પોલીસ અને સંબંધિત તંત્ર સમક્ષ ફરિયાદ નોંધાવી છે. વેપારીઓ હવે પોતાના ફસાયેલા નાણાં પરત મેળવવા સરકાર અને પ્રશાસન પાસે ન્યાયની માંગ કરી રહ્યા છે.

મળતી માહિતી મુજબ, ઓશિયા મોલમાં વિવિધ પ્રોડક્ટ્સ સપ્લાય કરતા વેપારીઓ લાંબા સમયથી નિયમિત રીતે માલ આપતા હતા. જાકે, છેલ્લા ૮ મહિનાથી મોલ તરફથી પેમેન્ટ આપવામાં આવતું ન હતું. વેપારીઓએ માલિકોનો સંપર્ક કરતા તેમને થોડા સમયમાં તમામ ચુકવણી કરી દેવાની ખાતરી આપવામાં આવી હતી.ખાતરીના ભાગરૂપે વેપારીઓને એડવાન્સ ચેક પણ આપવામાં આવ્યા હતા. પરંતુ લાંબા સમય સુધી નાણાં ન મળતાં વેપારીઓએ ચેક બેંકમાં જમા કરાવતાં એક પછી એક તમામ ચેક બાઉન્સ થયા હતા. જેના કારણે સમગ્ર છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો હતો. વેપારીઓનો આક્ષેપ છે કે, છેતરપિંડી સામે આવતાં જ મોલ ના માલિકો અને સંબંધિત મેનેજરો સંપર્કવિહોણા બની ગયા છે. તેમના ફોન સતત સ્વીચ ઓફ આવી રહ્યા છે. વધુમાં, ઓશિયા મોલ નો મામલો હવે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ સુધી પહોંચ્યો હોવાથી વેપારીઓની ચિંતા વધી ગઈ છે.વેપારીઓના જણાવ્યા અનુસાર, કેટલાક નાના વેપારીઓએ હજુ સુધી સત્તાવાર ક્લેમ પણ દાખલ કર્યો નથી. અનેક વેપારીઓનું મોટું રોકાણ ફસાઈ જતાં તેમની આર્થિક સ્થિતિ ખરાબ બની ગઈ છે. ભોગ બનનાર વેપારી વિવેકભાઈએ જણાવ્યું કે, “અમે ક્રેડિટ પર માલ સપ્લાય કરતા હતા. દ્રઝનૂમાં મામલો પહોંચતાં અમારા ૧.૫૭ કરોડના ચેક રિટર્ન થયા છે. હવે માલિકો સાથે કોઈ સંપર્ક થઈ શકતો નથી.”વેપારી હિતેશભાઈ ઠક્કરે જણાવ્યું કે, “હું મોલમાં બ્રાન્ડેડ ચીજવસ્તુઓ સપ્લાય કરતો હતો. અમે કંપનીઓને એડવાન્સ પેમેન્ટ કરીને માલ ખરીદ્યો હતો, જેના કારણે આખું રોકાણ ફસાઈ ગયું છે.

# ‘લવગુરુ સ્કેમ’નો સાગરિત ઝડપાયો સમસ્યા ઉકેલવાના બહાને કૌભાંડ

**અમદાવાદ**

સોશિયલ મીડિયામાં લવ ગુરુ બનીને પ્રેમ અને રિલેશનશિપની સમસ્યાનો ઉકેલ લાવવાના બહાને છેતરપિંડી કરતી ગેંગનો સાયબર ક્રાઈમ બ્રાન્ચની ટીમ પર્દાફાશ કર્યો હતો. જેમાં આરોપી દ્વારા 18થી 35 વર્ષની મહિલાઓને નિશાન બનાવીને વિધિ અને શુદ્ધિકરણના બહાને મહિલાઓ પાસેથી ઓનલાઈન પૈસા પડાવતા હતા. સમગ્ર કૌભાંડના મુખ્ય માસ્ટરમાઈન્ડ રજનીશ સહિત ત્રણ શખસો ઘટનાને અંજામ આપી મહિલાઓના લાઈવ સ્ટ્રિમિંગનું રેકોર્ડિંગ કરીને બ્લેકમેલ કરતાં હતા. આમ, આરોપીઓએ છેલ્લા બે વર્ષમાં ફેક પ્રોફાઈલ અને એડ્સ ચલાવીને અનેક મહિલાઓ સાથે છેતરપિંડી કરીને કુલ 60 લાખથી વધુ રકમ પડાવી છે. આ મામલે ‘લવગુરુ સ્કેમ’નો બીજો આરોપી ઝડપાયો છે.

DCPએ જણાવ્યું કે, ‘અમે જે લવગુરુ સ્કેમનો પર્દાફાશ કર્યો હતો, તેમાં પહેલા આરોપીની અટકાયત બાદ હવે અમે બીજા આરોપી વિકાસ પોખરાજ ભાર્ગવની ધરપકડ કરી છે. આ આખું કૌભાંડ ત્રણ લોકો મળીને ચલાવતા હતા, સોશિયલ મીડિયા પર પૂજા કિન્નર, કિન્નર માતા અને લવ ગુરુ રિલેશનશિપ ગુરુ જેવા નામના અનેક ફેક પ્રોફાઈલ બનાવતા હતા.

# વરખડમાં ડ્રગ્સ રેકેટની શંકાથી મુંબઈ પોલીસના દરોડા

## ભાજપ સાંસદ મનસુખ વસાવાએ સ્થાનિક પોલીસની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા

**અમદાવાદ**

મહારાષ્ટ્રના મુંબઈથી શરૂ થયેલા નશાના કાળા કારોબારના તાર છેક નર્મદા જિલ્લા સુધી પહોંચતા ચકચાર મચી ગઈ છે. મુંબઈમાં ઝડપાયેલા નશાકારક પદાર્થના જથ્થાની પૂછપરછના આધારે મુંબઈ પોલીસની એક ટીમ તાત્કાલિક નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના વરખડ ગામમાં ત્રાટકી હતી અને મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. આ ઘટનાને પગલે ભરૂચથી ભાજપ સાંસદ મનસુખ વસાવાએ સ્થાનિક પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવી આક્રોશ વ્યક્ત કર્યો છે.

મુંબઈની એક હોટલમાંથી ત્યાંની પોલીસે બે શખસોને શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડ્યા હતા. આ આરોપીઓની તલાશી લેતાં તેમની પાસેથી મોટી માત્રામાં નશાકારક પદાર્થ મળી આવ્યો હતો. મુંબઈ પોલીસે જ્યારે આ આરોપીઓની કડક પૂછપરછ હાથ ધરી, ત્યારે નશાકારક પદાર્થના તાર નર્મદાના નાંદોદના વરખડ ગામ સાથે જાડાયેલા હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો. આ કડી મળતાં જ મુંબઈ પોલીસની ટીમ સમય ગુમાવ્યા વિના સીધી વરખડ ગામ પહોંચી હતી અને સ્થાનિક સ્તરે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. વરખડ ગામમાં ચાલી રહેલી તપાસ અંગે સાંસદે નર્મદા પોલીસની નિષ્ફળતા પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું કે, ‘મેં હજુ થોડા સમય પહેલા જ આ બાબતે નર્મદા જિલ્લા એસપી(જીઁ)ને પત્ર લખીને લેખિત રજૂઆત કરી હતી. પરંતુ મારી રજૂઆત છતાં પોલીસની ઊંઘ ઉડી નહીં. મારા પત્ર લખ્યાના એક જ અઠવાડિયામાં ફરીથી દારૂના ધંધા ધમધમવા લાગ્યા અને હવે વરખડ ગામેથી આટલી મોટી માત્રામાં નશાકારક પદાર્થ મળી આવ્યો છે.’

# અમરેલીમાં ગે ડેટિંગ એપથી હનીટ્રેપ : યુવકને નિર્વસ્ત્ર કરીને વીડિયો બનાવી લૂંટી લેવાયો

## `જાન’ નામના આઈડી પરથી તેમને મળવા માટે મેસેજ આવ્યો હતો

**અમરેલી**

અમરેલી શહેરમાં ઓનલાઈન ડેટિંગ એપ્લિકેશન ના માધ્યમથી હનીટ્રેપ અને લૂંટ ચલાવવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. બાબરા તાલુકાના એક યુવકને ગે ડેટિંગ એપ્લિકેશન મારફતે જાળમાં ફસાવી, નિર્વસ્ત્ર કરી વીડિયો બનાવ્યા બાદ છરીની અણીએ લૂંટ ચલાવનાર ૬ આરોપીઓને અમરેલી પોલીસે ઝડપી પાડ્યા છે.મળતી માહિતી મુજબ, ૨૪ મે ૨૦૨૬ની રાત્રે બાબરા તાલુકામાં રહેતા અજયભાઈ પોતાના ટ્રક સાથે અમરેલી તરફ આવી રહ્યા હતા. લાઠી બાયપાસ ચોકડી નજીક ચા-પાણી માટે રોકાયા દરમિયાન તેઓ મોબાઈલમાં સોશિયલ મીડિયા જાઈ રહ્યા હતા. આ દરમિયાન ગે ડેટિંગ એપ્લિકેશન પર ભૂલથી ક્લિક થઈ ગયું હતું.

થોડીવાર પછી ‘જાન’ નામના આઈડી પરથી તેમને મળવા માટે મેસેજ આવ્યો હતો. બાદમાં અજયભાઈ જ્યારે પરત બાબરા તરફ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં બે શખ્સોએ પોતાનું એક્ટિવા આડું રાખીને ટ્રક રોક્યો હતો.

આરોપીઓએ અજયભાઈને બળજબરીપૂર્વક એક્ટિવા પર બેસાડી રેલવે પાટા નજીક આવેલા એક પુલિયા પાસે લઈ ગયા હતા. ત્યાં બીજા ચાર સાગરીતો પણ આવી પહોંચ્યા હતા. પોલીસ ફરિયાદ મુજબ, આરોપીઓએ યુવક સાથે મારામારી કરી, છરી બતાવી ધમકાવ્યો અને તેમના કપડાં ઉતરાવી દીધા હતા. ત્યારબાદ મોબાઈલની ફ્લેશ ચાલુ કરીને યુવકનો વીડિયો બનાવવામાં આવ્યો હતો.

# ગુજરાતમાં 147 ડેમ અડધા ખાલી થઈ જતાં મોટા જળસંકટના એંધાણ

## નર્મદા ડેમના જળસ્તરમાં પણ 13.16%નો ઘટાડો

**ગાંધીનગર**

ગુજરાત રાજ્યના જળસંગ્રહના આંકડાઓ અત્યંત ચિંતાજનક છે. ગુજરાતના કુલ 207 ડેમોમાંથી 147 ડેમો અત્યારે અડધા કે તેથી વધુ ખાલી થઈ ચૂક્યા છે. માત્ર 12 ડેમો જ એવા છે જ્યાં 70%થી વધુ જળસંગ્રહ ઉપલબ્ધ છે. ઉનાળાના બે માસ દરમિયાન આ ડેમોમાંથી 18.46 ટકા પાણીનો વપરાશ થયો છે.

પાણીની તંગીની સૌથી મોટી અસર સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશમાં જોવા મળી રહી છે. સૌરાષ્ટ્રના 141 ડેમોમાં હવે માત્ર 34.91% એટલે કે 31,915 MCFT પાણી જ બચ્યું છે. સૌરાષ્ટ્રના 10 ડેમો તો અત્યારથી જ સંપૂર્ણ સુકાઈને મેદાન બની ગયા છે, એટલે કે ત્યાં 0% પાણી છે. કચ્છના 20 ડેમોમાં ગત 27મી માર્ચે જ વોટર સ્ટોરેજ 40%થી નીચે સરકી ગયો હતો અને આ ટૂંકા ગાળામાં વધુ 8% પાણી ઘટ્યું છે. આજે કચ્છના તમામ ડેમોમાં થઈને માત્ર 32.40% જળસંગ્રહ બાકી છે.

એકંદરે જોઈએ તો, સૌરાષ્ટ્ર અને કચ્છના કુલ 161 ડેમો હાલમાં 65%થી વધુ ખાલી થઈ ગયા છે, નર્મદામાં પણ 13 ટકાનો ઘટાડો થયો છે.

# વેરાવળના નવાપરા ગામે દીપડો કૂવામાં ખાબક્યો, બચાવવા માટે કવાયત

**વેરાવળ**

વેરાવળ નજીક આવેલા નવાપરા ગામેથી એક ચિંતાજનક ઘટના સામે આવી હતી. અહીના એક ખેડૂતના ખેતરમાં ખુલ્લા કુવામાં એક દીપડો ખાબક્યો હોવાની વિગત પ્રકાશમાં આવી હતી. સવારે ખેડૂત પોતાના ખેતરે કામ અર્થે ગયો ત્યારે કુવામાંથી અવાજ આવતા તેણે અંદર જાયું હતું, જ્યાં દીપડો પાણી અને દીવાલ વચ્ચે ફસાયેલો જાવા મળ્યો હતો. ખેડૂતે સમય સૂચકતા વાપરીને તાત્કાલિક સ્થાનિક વન વિભાગને આ અંગે ટેલિફોનિક જાણ કરી હતી.દીપડો કુવામાં હોવાના સમાચાર મળતા જ વેરાવળ રેન્જ ફોરેસ્ટ ઓફિસર અને તેમની રેસ્ક્યૂ ટીમ જરૂરી સાધનો, દોરડા અને ખાસ પાંજરા સાથે તાત્કાલિક નવાપરા ગામે દોડી આવી હતી.

# કેનેડાના વિઝાના નામે ઓનલાઈન છેતરપિંડી કરતી ટોળકીનો લીડર પંજાબના મોહાલીથી ઝબ્બે

## ફરિયાદીના 14 ક્લાયન્ટોને કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાની ખાતરી આપી હતી

**સુરત**

સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે વિદેશ જવા ઈચ્છતા નાગરિકો સાથે છેતરપિંડી આચરતી ગેંગના લીડરને પકડવામાં સફળતા મેળવી છે. કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને લાખો રૂપિયાની ઓનલાઈન છેતરપિંડી આચરનાર મુખ્ય આરોપી અમિત સોનીની સાયબર ક્રાઈમની ટીમે પંજાબના મોહાલી ખાતેથી ધરપકડ કરી લીધી છે.પકડાયેલો આરોપી મોહાલીમાં સેન્ટિફ ગ્રુપ ઓફ કન્સલ્ટન્ટ્સ નામે વિઝા કન્સલ્ટન્સીની ઓફિસ ચલાવતો હતો અને તેની આડમાં નિર્દોષ લોકોને પોતાના શિકાર બનાવતો હતો. આ ઠગે ફરિયાદીના ૧૪ ક્લાયન્ટોને કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાની ખાતરી આપી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ વિઝા પ્રોસેસિંગના બહાને રજીસ્ટ્રેશન ફી, એમ્બેસી ફી અને અલગ-અલગ ચાર્જિસ પેટે તબક્કાવાર કુલ ૭,૦૧,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. નાણાં પડાવી લીધા બાદ ફરિયાદી અને ક્લાયન્ટ્સને શંકા ન જાય તે માટે આરોપી અમિત સોનીએ જાણીતી આંતરરાષ્ટ્રીય કંપનીના બનાવટી એપોઈન્ટમેન્ટ લેટર મોકલી આપી મોટી છેતરપિંડી આચરી હતી.જા કે, આ સમગ્ર કૌભાંડનો ભોગ બન્યા બાદ ફરિયાદીએ જાગૃતિ દાખવી સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર તુરંત જ પોતાની ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે સુરત સાયબર ક્રાઈમ સેલે અત્યંત આધુનિક ટેકનિકલ સોર્સિસ અને વૈજ્ઞાનિક તપાસ હાથ ધરીને આરોપીનું લોકેશન ટ્રેસ કર્યું હતું અને એક ટીમ પંજાબ રવાના કરીને મોહાલીથી મુખ્ય આરોપી અમિત સોનીને દબોચી લીધો હતો.

# અંધશ્રદ્ધાએ હદ વટાવી! સાબરકાંઠામાં ડાકણના વહેમમાં દંપતી પર જીવલેણ હુમલો, પતિનું મોત

## માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતાં આધેડ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા

**સાબરકાંઠા**

વિજયનગરના ગાડી ગામમાં એક મહિલા 'ડાકણ' હોવાના વહેમ રાખીને 12 લોકોના ટોળાએ એક પરિવાર પર હિંસક હુમલો કર્યો હતો. આ હુમલા દરમિયાન પત્નીને બચાવવા વચ્ચે પડેલા આધેડ પતિને ટોળાએ ખેતરમાં ઢસડી જઈ કુહાડીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો, ત્યાર પછી મહિલા અને અન્ય બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ચીઠોડા પોલીસે 12 આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી દીધી છે. વિજયનગર વિસ્તારના ગાડી ગામમાં રહેતી એક પરિણીતા ડાકણ હોવાની અંધશ્રદ્ધા રાખીને ગામના જ 12 લોકોનું ટોળું લાકડીઓ અને કુહાડી જેવા ધારદાર હથિયારો સાથે ધસી આવ્યું હતું.

ટોળાએ મહિલા પર હુમલો કરતા જ અરેરાટી વ્યાપી ગઈ હતી. આ સમયે મહિલાના આધેડ પતિ પોતાની પત્નીને બચાવવા માટે જીવના જોખમે વચ્ચે પડ્યા હતા. જો કે, અંધશ્રદ્ધામાં અંધ બનેલા આ ટોળાએ દયા રાખવાને બદલે આધેડને પકડી લીધા હતા અને તેમને ઢસડીને નજીકના ખેતરમાં લઈને માર માર્યો હતો. આ દરમિયાન માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતાં આધેડ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા આધેડને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ તેમણે દમ તોડી દીધો હતો.

# યુકે વિઝાના બહાને પોલીસ તાલીમાર્થી સાથે સંબંધી દ્વારા 25 લાખની છેતરપિંડી

**મહેસાણા**

33 વર્ષીય ડોલીબેન હર્ષલકુમાર પટેલ મૂળ જોટાણા તાલુકાના કસલપુરા ગામના વતની છે અને હાલ મહેસાણાના રાધનપુર રોડ સ્થિત મંગલમૂર્તિ ટાઉનશિપમાં રહે છે. તેઓ હાલમાં જૂનાગઢ પી.ટી.સી. સેન્ટર ખાતે ગુજરાત પોલીસ વિભાગની તાલીમ મેળવી રહ્યા છે. આશરે પાંચેક મહિના પહેલા ડોલીબેનનો સંબંધી યશવંત રવિન્દ્રભાઈ પાનશે મહેસાણા ખાતે તેમના ઘરે આવ્યો હતો. આ દરમિયાન યશવંતે ડોલીબેનને પોતાના ચાલમાં ભોળવી લીધા હતા. યુકેમાં રહેતી તેની બહેન શિવાની ગર્ભવતી હોવાથી તેની દેખભાળ માટે તેના માતા-પિતાને તાત્કાલિક યુકે મોકલવાના છે. આ માટે વિઝાની પ્રક્રિયામાં બેન્ક ખાતામાં રૂપિયા 25 લાખનું બેલેન્સ બતાવવું અત્યંત જરૂરી છે, તેવું કહીનું રૂપિયા માંગ્યાં હતા, આ રૂપિયા ત્રણ મહિનામાં પાછા આપી દેવાનો વાયદો પણ કર્યો હતો. જેથી ડોલીબેને પતિના મિત્ર પાસેથી આ રૂપિયાની વ્યવસ્થા કરી આપી અને યશવંતને આ રકમનો ચેક આપ્યો હતો, ત્રણ મહિના પછી પણ યશવંતે પૈસા પરત કર્યા એટલે ડોલીબેને આંતરિક તપાસ કરતા જાણવા મળ્યું કે આરોપીના માતા-પિતા પણ યુકે ગયા ન હતા અને સમગ્ર વાત માત્ર નાણાં પડાવવાનું બહાનું હતું.

# ગીરમાં CDV વાયરસથી 4 સિંહબાળના મોતથી દોડધામ, 17 સિંહો આઇસોલેટ

## વેક્સિનેશન શરૂ : ગાંધીનગરમાં એક ઉચ્ચ સ્તરીય બેઠક

**ગીરનાર**

ગુજરાતનું ગૌરવ ગણાતા એશિયાટિક સિંહોના ગઢ ગીરના જંગલમાંથી ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ગીરમાં CDV (કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ)ના શંકાસ્પદ પ્રકોપ અને સિંહોના સતત થઈ રહેલા મોતના પગલે વન વિભાગમાં ભારે દોડધામ મચી ગઈ છે. તાજેતરમાં 4 સિંહબાળના કરુણ મોત નીપજતાં રાજ્ય સરકાર એક્શન મોડમાં આવી છે. આ ગંભીર પરિસ્થિતિને પગલે મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી સ્થિતિની સમીક્ષા



કરી હતી, જ્યારે વડાપ્રધાન કાર્યાલયની પણ આ મામલે સતત નજર રાખી રહ્યું છે. ગીરમાં સિંહબાળના મૃત્યુના પગલે વન વિભાગે સિંહના વેક્સીનેશનની કામગીરી હાથ ધરી છે. આ ઉપરાંત વિભાગ દ્વારા ડી ટીકિંગનું કાર્ય પણ કરવામાં આવી રહ્યું છે.

# અમદાવાદ શહેરકોટડામાં સામૂહિક દુષ્કર્મ આચરનારા બે ઝડપાયા, બ્લેકમેલિંગ કરીને આપી હતી ધમકીઓ

## ફોન જપ્ત, વીડિયો ઉતાર્યો હોવાની શંકા, ઝડપાયેલા બંને આરોપીઓ પરિણીત અને મજૂર

**અમદાવાદ**

શહેરકોટડામાં સામૂહિક દુષ્કર્મની ઘટના સામે આવી છે. એક યુવતીને તેના પરિણીત પુરુષ મિત્ર સાથેની અંગત તસવીરો સમાજમાં જાહેર કરી દેવાની અને પરિવારને જાનમાલનું નુકસાન પહોંચાડવાની ધમકી આપીને બે નરાધમોએ હોટેલમાં લઈ જઈ સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. ભોગ બનનાર પીડિતાએ આ મામલે 23મી મેના રોજ ફરિયાદ નોંધાવતા શહેરકોટડા પોલીસે ગણતરીના કલાકોમાં બંને નરાધમ આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

'પીડિતા તેના એક પરિણીત મિત્ર સાથે અવારનવાર બહાર હરવા-ફરવા અને જમવા જતી હતી. આ પુરુષ મિત્રના સંપર્કથી મિત અને તેજસ નામના બે યુવકો પીડિતાના પરિચયમાં આવ્યા હતા. ત્યારબાદ આ બંને આરોપીઓએ યુવતી અને તેના મિત્રના અંગત ફોટા પોતાની પાસે હોવાનો દાવો કરી બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું હતું. બદનામી અને પરિવારને નુકસાન પહોંચાડવાના ડરનો ગેરલાભ ઉઠાવીને બંને શખસો યુવતીને બળજબરીથી નિકોલ વિસ્તારની એક હોટેલમાં લઈ ગયા હતા અને ત્યાં બે વખત તેની પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું.'

પીડિતાની ફરિયાદ મળતાં જ પોલીસે તાત્કાલિક એક્શન મોડમાં આવીને બંને આરોપીઓ મિત ઉર્ફે મયંક મકવાણા અને તેજસ ઉર્ફે જોગી ચાચા લેઉવાને દબોચી લીધા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ બંને આરોપીઓ પોતે પણ પરિણીત છે અને છૂટક મજૂરી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે.



# PCOD માટે મહત્ત્વપૂર્ણ યોગ અને એક્સરસાઇઝ

**PCOD (Polycystic Ovary Disorder)** એ આજે મહિલાઓમાં સામાન્ય પરંતુ ગંભીર રીતે અસર કરતી સમસ્યા છે. જીવનશૈલી, હોર્મોનલ અસંતુલન અને સ્ટ્રેસ તેનાં મુખ્ય કારણો છે. યોગ્ય યોગ અને એક્સરસાઇઝ દ્વારા PCODને કાબૂમાં રાખી શકાય છે. આજના સમયમાં ઘણી યુવતીઓ અને મહિલાઓ PCOD જેવી સમસ્યાથી પીડાય છે. અનિયમિત પિરિયડ્સ, વજન વધવું, પિમ્પલ્સ, વાળ ખરવા વગેરે તેનાં સામાન્ય લક્ષણો છે. દવાઓ સાથે યોગ અને એક્સરસાઇઝ કરવાથી શરીર અને મન બંનેમાં સંતુલન આવે છે.

**PCODમાં યોગ કેમ મહત્ત્વનો?** હોર્મોન બેલેન્સ કરે છે, સ્ટ્રેસ અને એંગ્ઝાયટી ઘટાડે છે, વજન કંટ્રોલમાં મદદ કરે છે, ઓવરીઝનું ફંક્શન સુધારે છે.

**છ અસરકારક યોગાસનો**

1. ભુજંગાસન : આ આસન પેટ અને ઓવરી પર સીધી અસર કરે છે અને હોર્મોનલ બેલેન્સમાં સુધારો કરવાનું કામ કરે છે. આ આસન કરવા માટે પેટના બળે સૂઈને હાથની મદદથી છાતી ઉપર ઉઠાવો. 15-20 સેકન્ડ સુધી રાખો.

2. બટરફ્લાય પોઝ : આ પોઝ કરવાથી પેલ્વિક એરિયામાં બ્લડ સર્ક્યુલેશન વધે છે અને પિરિયડ્સ રેગ્યુલર કરવામાં મદદરૂપ થાય છે. બટરફ્લાય પોઝ માટે બંને પગને જોડીને બેસો અને ઘૂંટણને ઉપર-નીચે હલાવો.

3. માર્જારી આસન : આ આસન હોર્મોનલ સિસ્ટમને સક્રિય કરે છે અને પેટની ચરબી ઘટાડવાનું કામ કરે છે. આ આસન કરવા માટે હાથ અને ઘૂંટણ પર આવીને શ્વાસ લેતાં પેટ નીચે અને છોડતા ઉપર કરો.

4. ધનુરાસન : આ આસન ઓવરી અને યુટરસ માટે ખૂબ ફાયદાકારક છે તથા વજન ઘટાડવામાં મદદ કરે છે.

5. પશ્ચિમોત્તાનાસન : આ આસન સ્ટ્રેસ ઘટાડવામાં મદદ કરે છે, આ ઉપરાંત પેટ અને થાઈ ફેટ ઘટાડે છે.

**PCOD માટે એક્સરસાઇઝ**

1. બ્રિસ્ક વૉકિંગ : દરરોજ 30-45 મિનિટ ઝડપી ચાલવાથી ઈન્સ્યુલિન રેઝિસ્ટન્સ ઓછું થાય છે.

2. કાર્ડિયો : કેલરી બર્ન કરે, વજન ઘટાડે છે.

3. સ્ટ્રેન્થ ટ્રેનિંગ : મેટાબોલિઝમ વધારે, હોર્મોન બેલેન્સ કરે.

4. સૂર્યનમસ્કાર : સૂર્યનમસ્કાર સંપૂર્ણ શરીર માટે બેસ્ટ હોર્મોનલ બેલેન્સ સુધારે છે.

**પ્રાણાયામ અને ધ્યાન**

અનુલોમ વિલોમ કરવાથી હોર્મોનલ બેલેન્સમાં મદદ કરે છે અને મન શાંત રાખે છે. પીસીઓડીમાં કપાલભાતિ પણ સારું પરિણામ આપે છે. એ વજન ઘટાડે, પેટની ચરબી ઓછી કરે છે.

# હૃદયના સ્વાસ્થ્ય માટે બેસ્ટ એક્સરસાઈઝ : જમ્પિંગ જેક્સ

જમ્પિંગ જેક્સ, એક એવી કસરત જેને આપણે સ્ટાર જમ્પ તરીકે પણ ઓળખીએ છીએ. જે માત્ર કસરત નથી પણ સવાર સવારમાં કાર્ડિયો કરવાની બેસ્ટ એક્સરસાઈઝ છે. જેનાથી આખું શરીર ફિટ રહે છે. સ્પિરિચ્યુઅલ લેવલ પર પણ આ કસરત તમને મદદ કરે છે, જેમાં બોડી આખું રિલેક્સ અને રિફ્રેશ ફીલ કરી શકે છે. ઘણા લોકો કસરતની હળવી શરૂઆત કરવાના ભાગરૂપે પણ જમ્પિંગ જેક્સ કરતા હોય છે.

**કઈ રીતે કરશો જમ્પિંગ જેક્સ?** : સૌ પ્રથમ તો શરૂઆતની સ્થિતિમાં માત્ર સીધા ઊભા રહો. પગ ભેગા રાખો અને હાથ બાજુ પર રાખો. ત્યારબાદનું સ્ટેપ છે કૂદકો મારવો. કૂદકો મારીને પગને ખભાની પહોળાઈ જેટલા ફેલાવો. હાથની હિલચાલ પર ખાસ ધ્યાન આપવું, કારણ કે તે જ સૌથી અગત્યનું છે, કૂદકો મારતી વખતે જ હાથને ઉપર તરફ લઈ જાઓ અને માથાની ઉપર તાળી પાડો. એ પછી ફરીથી કૂદકો મારીને પગ ભેગા કરો અને હાથ પાછા બાજુ પર લાવો. આ કસરતનું 5-5 કે 7-7 ના સેટમાં એકી સંખ્યામાં પુનરાવર્તન કરો, જે આ ક્રિયાને ઝડપી ગતિમાં પુનરાવર્તિત કરશે.

**શું સાવચેતી રાખશો?** : આમ તો ડૉક્ટરની સલાહ લઈને જ કોઈ પણ કસરત કરવી જોઈએ. જો તમને ઘૂંટણમાં દુખાવો કે કોઈ અન્ય સમસ્યા હોય, તો ડૉક્ટરની સલાહ લીધા પછી જ આ કસરત કરવી. શરૂઆતમાં ધીમી ગતિથી શરૂ કરો અને પછી ઝડપ વધારો. જે તમારા શરીરને નુકસાન ઓછું કરે અને ફાયદારૂપ બની રહે.



**શું ફાયદા છે જમ્પિંગ જેક્સના?** : જમ્પિંગ જેક્સ વજન ઘટાડવામાં ખૂબ મદદ કરે છે, ખાસ કરીને તે કેલરી બાળવામાં ખૂબ અસરકારક છે. આ ઉપરાંત હૃદયના સ્વાસ્થ્ય માટે પણ આશીર્વાદરૂપ છે. તે હૃદયના ધબકારા વધારે છે, જે કાર્ડિયોવાસ્ક્યુલર ફિટનેસ સુધારે છે. મૂળ તો આખા શરીરની કસરત થઈ જતી હોય છે. તે પગ, હાથ અને પેટના સ્નાયુઓને મજબૂત બનાવે છે અને સાંધાની મજબૂતી પણ વધારે છે. તે હાડકાંને મજબૂત કરવામાં મદદ કરી શકે છે. જેના માટે કોઈ સાધનની જરૂર નથી.

# CM સિદ્ધારમૈયાનું અંતે રાજીનામું : ડિ.કે શિવકુમાર કર્ણાટકના નવા મુખ્યમંત્રી બનશે

## સિદ્ધારામૈયા-ડિકે શિવકુમારે ગળે લગાવીને પાર્ટીમાં એકતાનો મોટો સંદેશ આપ્યો

**બેંગ્લોર**

કર્ણાટકના રાજકારણમાંથી આ સમયના સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા આજે પોતાના પદ પરથી રાજીનામું આપવા જઈ રહ્યા છે, જ્યારે તેમના સ્થાને હવે ડિકે શિવકુમાર કર્ણાટકના નવા મુખ્યમંત્રી બનશે. સિદ્ધારમૈયાએ આજે સવારે પોતાના નિવાસસ્થાને કેબિનેટ મંત્રીઓ સાથે બ્રેકફાસ્ટ મીટિંગ યોજીને સરકારના ત્રણ વર્ષના કામકાજનો રિપોર્ટ કાર્ડ રજૂ કર્યો હતો અને તમામ સહયોગીઓનો આભાર માનીને રાજીનામું આપવાની જાહેરાત કરી દીધી હતી. તેમણે આગામી મુખ્યમંત્રી તરીકે ડિકે શિવકુમારના નામનો પ્રસ્તાવ પણ મૂક્યો છે. સિદ્ધારમૈયા આજે બપોરે ૩ વાગ્યે રાજભવન (લોકભવન) પહોંચીને પોતાનું રાજીનામું સોંપશે.

આ બેઠક નિર્ધારિત સમય કરતાં એક કલાક મોડી શરૂ થઈ હતી. ડેપ્યુટી સીએમ ડિકે શિવકુમાર દિલ્હીથી સીધા જ એરપોર્ટથી સીએમ આવાસ પહોંચ્યા હતા. સીએમ હાઉસમાં સિદ્ધારામૈયા અને ડિકે શિવકુમારે એકબીજાને ગળે લગાવીને પાર્ટીમાં એકતાનો મોટો સંદેશ આપ્યો હતો. આ દરમિયાન શિવકુમારે સિદ્ધારામૈયાના ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ પણ લીધા હતા. બેઠકમાં સંતોષ લાડ, બી. સુરેશ, એમ.બી. પાટીલ અને રામલિંગા રેડ્ડી સહિતના તમામ દિગ્ગજ મંત્રીઓ અને ધારાસભ્યો હાજર રહ્યા હતા.

# રૂ.15 હજાર કરોડના ખર્ચે કોમ્બેટ ફાઈટરના ઉત્પાદનની તૈયારી શરૂ

**નવી દિલ્હી**

દેશને સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાની દિશામાં સરકારે વધુ એક મહત્વનો નિર્ણય લીધો છે. સંરક્ષણ મંત્રાલયે આશરે રૂ.૧૫,૦૦૦ કરોડના ખર્ચે, એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટના પાંચ પ્રોટોટાઈપના ડેવલપમેન્ટ અને ઉત્પાદન માટે ત્રણ બિડર્સની રિક્વેસ્ટ ફોર પ્રપોઝલ શોર્ટ લિસ્ટ કરી દેશમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ ઉપરાંત વધુ એક ફાઈટર જેટ ઉત્પાદન સુવિધા શરૂ કરવાનો માર્ગ મોકળો કર્યો છે. સંરક્ષણ મંત્રાલય દ્વારા અંતિમ પસંદગીમાં સ્થાન પામેલાં ત્રણ બિડર્સમાં ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ, લાર્સન એન્ડ ટુબ્રો અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ તથા ભારત ફોર્જ અને ભારત અર્થ મૂવર્સ લિમિટેડનો સમાવેશ થાય છે. અમેરિકન જીઈ-૪૧૪ એન્જિનથી સજ્જ એએમસીએનું ઉત્પાદન ડીઆરડીઓની એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સીની ડીઝાઈન અને નિપુણતા હેઠળ તૈયાર કરાશે. એએમસીએનું પ્રથમ પ્રોટોટાઈપ ૨૦૨૭ના પ્રારંભમાં તૈયાર થાય તેવી શક્યતા છે, જ્યારે પાંચમી જનરેશનના મલ્ટિ-રોલ ફાઈટરની પ્રથમ ફ્લાઈટ ૨૦૨૮-૨૦૨૯ની વચ્ચે ઉડાન ભરશે.

# સાન ફ્રાન્સિસ્કો જતી ફ્લાઈટમાં ખામી આઠ કલાક બાદ દિલ્હીમાં લેન્ડિંગ કર્યું

## પ્લેનમાં બેઠેલા 230 જેટલા મુસાફરોનો આબાદ બચાવ

**નવી દિલ્હી**

દિલ્હીથી અમેરિકાના સાન ફ્રાન્સિસ્કો જઈ રહેલી એર ઇન્ડિયાની ફ્લાઈટ AI173માં અધવચ્ચે ટેકનિકલ ખામી સર્જાતાં તેને બુધવારે સવારે પરત દિલ્હી એરપોર્ટ પર લેન્ડ કરાઈ હતી. બોઈંગ 777-300 ER એરક્રાફ્ટમાં સર્જાયેલી આ ખામી સમયે પ્લેનમાં આશરે 230 જેટલા મુસાફરો સવાર હતા.

આ ફ્લાઈટે દિલ્હીથી ટેકઓફ કર્યા બાદ આશરે ૩ કલાકથી વધુનો સમય હવામાં રહ્યું હતું. પ્લેન જ્યારે ચીનની એરસ્પેસમાં હતું, ત્યારે જ તેમાં ટેકનિકલ ખામી હોવાનું માલૂમ પડ્યું હતું. પાઈલટે નિર્ધારિત પ્રોટોકોલ હેઠળ પ્લેનને તુરંત જ રાષ્ટ્રીય પાટનગર દિલ્હી તરફ ડાયવર્ટ કરવાનો નિર્ણય લીધો હતો. આખી પ્રક્રિયા દરમિયાન પ્લેન આશરે ૮ કલાક કરતાં વધુ સમય સુધી હવામાં રહ્યું હતું અને આખરે બુધવારે સવારે દિલ્હીમાં તેનું સેફ લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. એર ઇન્ડિયાએ જણાવ્યું છે કે, "27 મેના રોજ દિલ્હીથી સાન ફ્રાન્સિસ્કો જઈ રહેલી ફ્લાઈટ AI173 ટેકનિકલ ખામીના કારણે નક્કી કરેલી પ્રક્રિયા મુજબ દિલ્હી પરત ફરી છે.

# રાહુલ ગાંધીનો નવો આક્રમક-નિર્ણાયક અંદાજ દક્ષિણ ભારત બન્યો કોંગ્રેસનો મજબૂત કિલ્લો

## તમિલનાડુ, કેરળ, કર્ણાટકમાં 2028ની ચૂંટણીઓ માટે તૈયારી શરૂ કરી દેવાઈ

**ચેન્નાઈ**

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનો અંદાજ હવે ઝડપથી બદલાઈ રહ્યો છે. લાંબા સમયથી ટીકાકારો તેમની નિર્ણય લેવાની ક્ષમતા પર સવાલો ઉઠાવતા હતા, પરંતુ છેલ્લા કેટલાક અઠવાડિયામાં તમિલનાડુ, કેરળ અને હવે કર્ણાટકમાં જે રીતે નિર્ણયો લેવાયા છે, તેનાથી એક વાત સ્પષ્ટ છે કે, રાહુલ ગાંધી હવે પહેલા કરતાં વધુ આક્રમક, વ્યવહારુ અને નિર્ણાયક ભૂમિકામાં આવી ગયા છે. રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે, રાહુલ ગાંધી હવે અન્ય નેતાઓ પર નિર્ભર રહેવાને બદલે પોતાની રાજકીય સૂઝબૂઝ પર વધુ ભરોસો કરવા લાગ્યા છે.

હાલમાં કોંગ્રેસ દક્ષિણ ભારતના પાંચમાંથી ચાર રાજ્યોમાં કાં તો સત્તામાં છે અથવા ગઠબંધન સરકારનો હિસ્સો છે. ભાજપ સામે લડવા માટે દક્ષિણને બચાવી રાખવું એ રાહુલ ગાંધીની સૌથી મોટી રાજકીય પ્રાથમિકતા છે. વર્ષ 2028ની કર્ણાટક વિધાનસભા ચૂંટણી અને આગામી લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાહુલ ગાંધી અત્યારથી જ લાંબા ગાળાની વ્યૂહરચના ગોઠવી રહ્યા છે. તમિલનાડુમાં વિધાનસભા ચૂંટણી પહેલાં જ રાહુલ ગાંધી ઈચ્છતા હતા કે, કોંગ્રેસ માત્ર ડીએમકે (DMK) પર નિર્ભર રહેવાને બદલે અભિનેતામાંથી રાજનેતા બનેલા વિજય સાથે ગઠબંધનની શક્યતાઓ ચકાસે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ આ વિચારની વિરુદ્ધ હતા, તેઓને લાગતું હતું કે DMKથી અંતર રાખવું જોખમી સાબિત થશે. પરંતુ રાહુલ ગાંધી જાણતા હતા કે વિજયની એન્ટ્રીથી તમિલનાડુના સમીકરણો બદલાયા છે.

# હાર બાદ મમતા સામે ફરિયાદ, ટીએમસીના 15 જેટલા સાંસદો દ્વારા રાજીનામાની તૈયારી

## 12થી વધુ ધારાસભ્યો મમતાથી નારાજ, ટીએમસીમાં મોટું ભંગાણ થાય તેવા અહેવાલો

**કોલકાતા**

પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી હાર્યા બાદ મમતા બેનરજીનો પક્ષ તૃણમુલ કોંગ્રેસ તૂટવા લાગ્યો છે. એવા અહેવાલો છે કે ૧૫ જેટલા સાંસદો ટીએમસી છોડી શકે છે. જ્યારે હાલમાં જ ચૂંટાયેલા ધારાસભ્યોમાં અનેક હવે બળવો કરવાની તૈયારીમાં છે. નંદીગ્રામમાં જે પેટા ચૂંટણી યોજાવાની છે તેના માટે ઉમેદવારો શોધવામાં પણ ટીએમસીને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.



૧૫ જેટલા સાંસદો ટીએમસી છોડવાની તૈયારીમાં હોવાના અહેવાલો વચ્ચે જ મમતા બેનરજીના નજીકના ગણાતા લોકસભાના સાંસદ કાકોલી ઘોષે રાજીનામુ આપી પણ દીધુ છે. કાકોલીએ તમામ પદો પરથી રાજીનામુ આપી દીધુ છે. તેઓ વર્ષોથી ટીએમસી સાથે જોડાયેલા રહ્યા અને પક્ષના વરીષ્ઠ નેતામાં સામેલ છે. આ પહેલા તેમને હટાવીને મમતાએ કલ્યાણ બેનરજીને ચીફ વ્હિપની જવાબદારી સોંપી દીધી હતી ત્યારથી કાકોલી નારાજ જોવા મળી રહ્યા હતા. તે સમયે કાકોલીએ સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે હું ચાર દસકાથી ટીએમસી સાથે જોડાયેલી રહી, જેનું આ ઈનામ મને મળ્યું છે.

# પૂર્વી લદાખમાં ભારત અને ચીન વચ્ચે શાંતિ માટે નવી વ્યૂહનીતિ બનાવાઈ

**લદાખ**

ભારત અને ચીન વચ્ચે પૂર્વી લદાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખાની સ્થિતિને લઈને બેઈજિંગમાં વર્કિંગ મિકેનિઝમ ફોર કન્સલ્ટેશન એન્ડ કોઓર્ડિનેશનની એક મહત્વની બેઠક યોજાઈ. આ બેઠક અંગે વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, બંને દેશો વચ્ચેની વાતચીત અત્યંત સકારાત્મક, રચનાત્મક અને ભવિષ્યલક્ષી રહી છે. બંને પક્ષોએ સ્વીકાર્યું છે કે સરહદ પર શાંતિ અને સ્થિરતા જાળવી રાખવાને કારણે જ દ્વિપક્ષીય સંબંધોને સામાન્ય બનાવવાની દિશામાં પ્રગતિ થઈ શકી છે.

ભારત અને ચીન હવે પછીની 'સ્પેશિયલ રિપ્રેઝન્ટેટિવ્સ'(SR)ની બેઠક માટે નક્કર તૈયારીઓ કરવા સંમત થયા છે, જે હવે ચીનમાં યોજાવાની છે. બેઠકમાં બંને દેશો વચ્ચે સરહદ વ્યવસ્થાપન, સરહદ રેખાંકન, મિકેનિઝમ બિલ્ડિંગ અને ક્રોસ-બોર્ડર કોઓપરેશન જેવા મહત્ત્વના વિષયો પર વિગતવાર ચર્ચા થઈ હતી. આ ઉપરાંત, ભારતીય પક્ષે સરહદ પારથી વહેતી નદીઓના મુદ્દે આગામી નિષ્ણાત-સ્તરની બેઠક વહેલી તકે યોજવા પર ભાર મૂક્યો હતો. બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ (પૂર્વ એશિયા) સુજીત ઘોષે કર્યું હતું.

# રાજસ્થાનનું શ્રીગંગાનગર 48.2 ડિગ્રી સાથે વિશ્વનું સૌથી ગરમ સ્થળ, પહેલી જૂનથી કેરળમાં ચોમાસાના આગમનની શક્યતા

## પિલાનીમાં 47, બાંદામાં 47.8, દિલ્હી, હરિયાણા અને ચંડીગઢમાં પણ તાપમાન 45થી 46 ડિગ્રી સેલ્સિયસ

**નવી દિલ્હી**

નાગપુરમાં ગરમીને કારણે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને ૧૭ થઈ ગઈ છે. રાજસ્થાનમાં શ્રીગંગાનગર ૪૮.૨ ડિગ્રી સેલ્સિયસ સાથે વિશ્વનું સૌથી ગરમ શહેર રહ્યું છે. સમગ્ર ઉત્તર ભારતમાં ગરમીનો પ્રકોપ જારી છે. ભારતીય હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર દક્ષિણ પશ્ચિમ ચોમાસુ અરબ સાગર, લક્ષદ્વીપ અને બંગાળની ખાડીમાં આગળ વધી રહ્યું છે.

ભારતીય હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર રાજસ્થાનનાં શ્રીગંગાનગરમાં દેશનું સૌથી વધુ તાપમાન ૪૮.૨ ડિગ્રી સેલ્સિયસ



નોંધવામાં આવ્યું હતું. નાગપુરમાં ૪૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. જેમાં બુધવારે રેલવે સ્ટેશન પર મૃત્યુ પામેલા પાંચ લોકો પણ સામેલ છે.

રાજસ્થાનમાં પિલાની ૪૭ ડિગ્રી સે. તાપમાન સાથે બીજું સૌથી ગરમ શહેર રહ્યું હતું. ઉત્તર પ્રદેશનાં બાંદા જિલ્લામાં ૪૭.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. જે રાજ્યનું સૌથી વધારે તાપમાન હતું.

દિલ્હી, હરિયાણા અને ચંડીગઢમાં પણ તાપમાન ૪૫ થી ૪૬ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે તાપમાન નોંધવામાં આવ્યું હતું.

આઈએમડીએ અંદાજ મૂક્યો હતો કે 1 જૂને વરસાદ થવાની શક્યતા છે. જો કે તેમાં ચાર દિવસ આગળ કે પાછળ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. સામાન્ય રીતે 1 જૂને કેરળમાં ચોમાસાનું આગમન થાય છે.

# હાઈલેવલ બેઠક બાદ પેટ્રોલ-ડીઝલ, LPG સિલિન્ડર અંગે સરકારે કહ્યું, 'સ્ટોક ફૂલ'

**લખનઉ**

પેટ્રોલ-ડીઝલ, LPG ગેસ સિલિન્ડર પર સરકાર એલર્ટ મોડમાં છે. બુધવાર(27 મે) રક્ષામંત્રી રાજનાથ સિંહ સાથે મોદી સરકારના 10 મંત્રીની હાઈલેવલ બેઠક મળી હતી. દેશમાં સપ્લાઈ ચેઈન અને જરૂરી વસ્તુઓની ક્યાં અછત છે અને કેટલી જરૂરત છે આ મામલે ફરી એક વખત સમીક્ષા કરવામાં આવી છે. બેઠકમાં તમામ મંત્રીઓ પાસેથી ઈનપુટ મેળવવામાં આવ્યા હતા. જેમાં મંત્રીઓએ વિસ્તૃતમાં માહિતી આપી હતી. આ દરમિયાન દેશમાં પેટ્રોલ-ડીઝલ, LPG સિલિન્ડર અંગે સરકારે મોટી જાહેરાત કરતાં કહ્યું કે, સ્ટોક ફૂલ. પેટ્રોલ અને ડીઝલના પુરવઠા મામલે સરકારે સ્પષ્ટતા કરી કે, 'હાલમાં દેશમાં કોઈ અછત નથી.'

# બિહારમાં ગંગામાં પેસેન્જર બોટ ડૂબી, 3 લોકોના મોત, 4 ગુમ

## અચાનક સંતુલન બગડવાના કારણે તે પલટી ગઈ, ઘટનાસ્થળે ઉચ્ચ અધિકારીઓ હાજર, પરિવારોમાં ભારે આક્રોશ અને આક્રંદ

**પટના**

બિહારના બાઢ જિલ્લાના પ્રસિદ્ધ ઉમાનાથ ગંગા ઘાટ પર આજે વહેલી સવારે એક મોટી અને દર્દનાક હોડી દુર્ઘટના સર્જાઈ છે. ઉમાનાથ ઘાટથી દિયારા વિસ્તાર તરફ જઈ રહેલી એક હોડી અચાનક ગંગા નદીમાં ડૂબી ગઈ હતી. આ હોડી પર કુલ 14 લોકો સવાર હતા, જેમાંથી અત્યાર સુધીમાં 7 લોકોને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા છે, જ્યારે 2 લોકોના મોત થયા છે અને તેમના મૃતદેહ પણ મળી આવ્યા છે. બાકીના 5 લાપતા લોકોની શોધખોળ માટે નદીમાં યુદ્ધના ધોરણે રેસ્ક્યૂ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

મળતી માહિતી મુજબ, આજે વહેલી સવારે લોકો ખેતીકામ કે અન્ય કામ અર્થે ઉમાનાથ ગંગા ઘાટ પરથી હોડીમાં સવાર થઈને દિયારા વિસ્તાર તરફ જવા નીકળ્યા હતા. હોડી હજુ નદીની વચ્ચે



પહોંચી જ હતી કે અચાનક સંતુલન બગડવાના કારણે તે પલટી ગઈ. જોતજોતામાં હોડી પર સવાર તમામ 14 લોકો ગંગા નદીના પાણીમાં ડૂબવા લાગ્યા અને ઘાટ પર બુમરાણ મચી ગઈ હતી. નદી કિનારે હાજર કેટલાક લોકોએ તાત્કાલિક પાણીમાં કૂદીને 7 લોકોને તરત જ બહાર કાઢી લીધા, જેના કારણે તેમનો જીવ બચી ગયો હતો.

આ ઘટનાની ગંભીરતાને જોતાં સ્થાનિક વહીવટીતંત્ર તાત્કાલિક એક્શનમાં આવ્યું છે. ઘટનાની જાણ થતાં જ બાઢના એસડીઓ (SDO) ગરિમા લોહિયા અને એસડીપીઓ (SDPO) રામકૃષ્ણ ભારે પોલીસ કાફલા સાથે ઉમાનાથ ગંગા ઘાટ પર પહોંચી ગયા છે અને ત્યાં જ કેમ્પ કરીને રાહત કામગીરી પર નજર રાખી રહ્યા છે.

સ્થાનિક ડાઈવર્સ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમો નદીમાં સતત સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. જેથી બાકીના 5 લોકોને વહેલી તકે શોધી શકાય. હાલમાં ગંગા ઘાટ પર સ્થાનિક લોકો અને પીડિતોના પરિવારોની ભારે ભીડ એકઠી થઈ ગઈ છે, અને પરિજનોનું રોઈ-રોઈને ખરાબ હાલત છે.

# ઉત્તર પ્રદેશમાં આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ ISI સાથે જોડાયેલા 4 યુવાનોની ધરપકડ થઈ

## ભારતીયો ફસાવવા ઈન્ટરનેટનો ઉપયોગ, 200થી વધુ મોબાઈલ નંબરોની તપાસ કરી

**સહારનપુર**

જમ્મુ કાશ્મીરના આતંકી નેટવર્ક સક્રિય કરવાની પ્રકાશમાં આવેલી માહિતી વચ્ચે ઉત્તર પ્રદેશમાંથી આતંકી મોડ્યુલનો પર્દાફાશ થયો છે. યુપી એન્ટી-ટેરરિસ્ટ સ્ક્વોડે સહારનપુરથી ચાર યુવાનોની ધરપકડ કરી છે. તેમજ તે ભારતમાં પાકિસ્તાનના આતંકીઓના ઈશારે સ્લીપર સેલ તૈયાર કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

આ કાર્યવાહી યુપી એન્ટી-ટેરરિસ્ટ સ્ક્વોડ અને યુપી સ્પેશિયલ ટાસ્ક ફોર્સ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી. તેમજ તપાસ એજન્સીઓ અનુસાર, આ નેટવર્ક પાકિસ્તાન સ્થિત ગેંગસ્ટર શહજાદ ભટ્ટી અને આતંકવાદી આબિદ જાદ સાથે જોડાયેલું હતું. જેઓ ભારતીય યુવાનોને ફસાવવા અને તેમને રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ માટે તૈયાર કરવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતા હતા.

યુપી એટીએસ અને એસટીએફ સતત ઈનપુટ મળી રહ્યા હતા કે, પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ ભારતમાં આતંકી નેટવર્ક સ્થાપિત કરી રહી છે. આ ઓપરેશનમાં યુવાનોને કટ્ટરપંથી બનાવવામાં આવી રહ્યા છે.

જેની બાદ એટીએસ અને એસટીએફ દ્વારા 200થી વધુ શંકાસ્પદ મોબાઈલ નંબરો અને સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર દેખરેખ શરૂ કરી હતી. તેમજ તપાસ દરમિયાન અનેક મહત્વપૂર્ણ લીડ્સ બહાર આવ્યા બાદ આ મોટી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

# દિલ્હી, પંજાબ સહિત ચાર રાજ્યમાં ભાજપે પ્રદેશ પ્રમુખોની નિમણૂક કરી

**નવી દિલ્હી**

ભાજપે દિલ્હી સહિત દેશના ચાર મહત્ત્વના રાજ્યોમાં નવા પ્રદેશ પ્રમુખોની જાહેરાત કરી દીધી છે. દિલ્હી ઉપરાંત પંજાબ, હરિયાણા અને પૂર્વત્તર રાજ્ય ત્રિપુરામાં પાર્ટી એકમને હવે નવા નેતૃત્વની કમાન સોંપવામાં આવી છે.

રાજધાની દિલ્હીમાં ભાજપે મોટો દાવ ખેલતા હર્ષ મલ્હોત્રાને નવા પ્રદેશ અધ્યક્ષ જાહેર કર્યા છે. તેઓ કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયમાં રાજ્યમંત્રી તરીકે ફરજ બજાવે છે. હર્ષ મલ્હોત્રા હવે વીરેન્દ્ર સચદેવાની જગ્યાએ દિલ્હી ભાજપનું સુકાન સંભાળશે.

પંજાબ ભાજપના નવા પ્રદેશ પ્રમુખ તરીકે કેવલ સિંહ ઢિલ્લોનની વરણી કરવામાં આવી છે. દેશ અને પંજાબના એક મોટા ઉદ્યોગપતિ તરીકે જાણીતા કેવલ સિંહ ઢિલ્લોન પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહના ખૂબ જ નજીકના ગણાય છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનમાં મોટા ફેરફાર કરીને બે રાજ્યોમાં નવા પ્રદેશ પ્રમુખોની નિમણૂક કરવામાં આવી છે. હરિયાણા પ્રદેશ ભાજપના નવા પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે. આ સાથે જ ત્રિપુરામાં પણ પક્ષની કમાન સોંપતા અભિષેક દેબરોયને ત્રિપુરા પ્રદેશ ભાજપના નવા અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

# NEET-UG પેપર લીક પ્રકરણમાં વધુ પ્રોફેસર સહિત વધુ બેની ધરપકડ

**નવી દિલ્હી**

નીટ પેપર લીક કેસમાં CBIએ બુધવારે વધુ બે આરોપીઓની ધરપકડ કરી છે. મળતી માહિતી અનુસાર તપાસ એજન્સીએ લાતૂરના એક ડૉક્ટર અને પુણેની એક મેડિકલ કોચિંગ ઈન્સ્ટિટ્યૂટના ફિઝિક્સ ફેકલ્ટીની ધરપકડ કરી છે. આ ઘટનામાં અત્યાર સુધી કુલ 13 લોકોની ધરપકડ કરવામાં આવી છે.

CBIએ જણાવ્યું કે આરોપીની ઓળખ ડૉ. મનોજ શિરૂરે તરીકે થઈ છે, જે લાતૂરના ડૉક્ટર છે, તેમણે આ કેસના મુખ્ય આરોપી અને કોચિંગ સેન્ટરના માલિક પીવી કુલકર્ણીના પુત્ર સહિત ત્રણ વિદ્યાર્થીને કેમિસ્ટ્રીનું પેપર અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. બીજી ધરપકડ કરાયેલા વ્યક્તિની ઓળખ તેજસ હર્ષદકુમાર શાહ તરીકે થઈ છે, જે પુણેના એક કોચિંગ સેન્ટર ડૉ. અભંગ પ્રભુ મેડિકલ એકેડમી (APMA)માં ફિઝિક્સ ફેકલ્ટી છે. કહેવામાં આવે છે કે તેને ધરપકડ કરાયેલા આરોપી મનીષા હવાલદાર પાસે NEET UG 2026 પરીક્ષામાં કથિત લીક થયેલા ફિઝિક્સના સવાલ મળ્યા હતા. CBIના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, આ ષડયંત્રનો પર્દાફાશ કરવા માટે તપાસ ચાલુ છે.

# કેરળના પૂર્વ મુખ્યમંત્રી વિજયનને ત્યાં ઈડીના દરોડા, ઈડીના અધિકારીઓ પર પથ્થરમારો

## કેરળના પૂર્વ સીએમની પુત્રીના ઘરે લોકો ઉમટ્યા, સરકારી વાહનમાં તોડફોડ

**તિરુવનંતપુરમ**

ઈડીએ કેરળના પૂર્વ મુખ્યમંત્રી વિજયનને ત્યાં દરોડા પાડયા હતા, દરોડા દરમિયાન ઈડીના અધિકારીઓ પર વિજયનના સમર્થકો અને ડાબેરી પક્ષ સીપીઆઈ(એમ)ના કાર્યકર્તાઓએ હુમલો કર્યો હતો, એટલુ જ નહીં સમગ્ર કેરળમાં આ દરોડાને લઈને વિરોધ પ્રદર્શનો કરવામાં આવ્યા હતા. ઈડીના અધિકારીઓના વાહનો પર પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો. જ્યારે ઈંડા ફેંકવાની ઘટના પણ સામે આવી હતી.



કેરળના પૂર્વ મુખ્યમંત્રી પિનારાયી વિજયનની પુત્રીની કંપની અને રેત ખનન સાથે સંકળાયેલી એક કંપની વચ્ચે નાણાકીય ડીલને લઈને ઈડી દ્વારા આ દરોડા પાડવામાં આવ્યા હતા. ઈડીના અધિકારીઓ પૂર્વ મુખ્યમંત્રી વિજયનના ભાડાના મકાને પહોંચ્યા હતા અને તપાસ કરી હતી. આ દરમિયાન ઘરની બહાર મોટી સંખ્યામાં ડાબેરીઓ એકઠા થઈ ગયા હતા, અને ઈડી વિરુદ્ધ સુત્રોચ્ચાર કરવા લાગ્યા હતા. ભીડ વધી જતા બાદમાં હિંસાની ઘટનાઓ સામે આવવા લાગી હતી. દરોડા દરમિયાન ઘરની આસપાસ આઠ સુરક્ષાકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા હતા. જેવા આ તમામ લોકો ઘરની બહાર નીકળ્યા કે તરત જ સ્થિતિ કાબુ બહાર જવા લાગી હતી.

# TDPની જાહેરાત : 2029ની ચૂંટણીમાં મહિલાઓને મળશે 33% બેઠકો પર અનામત

**નવી દિલ્હી**

તેલુગુ દેશમ પાર્ટીના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ નારા લોકેશે એક મોટો રાજકીય દાવ ખેલતાં જાહેરાત કરી છે કે, તેમની પાર્ટી 2029ની સામાન્ય ચૂંટણીઓમાં વિધાનસભા અને લોકસભાની 33% બેઠકો મહિલા ઉમેદવારો માટે ફાળવશે. ટીડીપીના મહાનાડુ સંમેલનમાં એક ઐતિહાસિક પ્રસ્તાવ રજૂ કરતાં લોકેશે સ્પષ્ટ કર્યું હતું કે, કેન્દ્ર સરકારનું મહિલા અનામત બિલ દેશભરમાં લાગુ થાય કે ન થાય, પણ તેમની પાર્ટી આ વચન ચોક્કસપણે પૂરું કરશે.ે નારા લોકેશે રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકેના પોતાના પ્રથમ ભાષણમાં જણાવ્યું હતું કે, આ પ્રતિબદ્ધતા માત્ર એક ચૂંટણી નારો નથી પરંતુ ભારત અને પક્ષના ભવિષ્ય પ્રત્યેની એક જવાબદારી છે.

# મથુરામાં પરિક્રમા માર્ગ પર ફાયરિંગ,4ને ગોળી વાગી, 12થી વધુ લોકો ઈજાગ્રસ્ત

## જૂની અદાવતમાં યુવકો વચ્ચે બોલાચાલી થતાં મામલો બિચક્યો

**મથુરા**

ઉત્તર પ્રદેશના મથુરાના મહોલી ગામમાં ગુરુવારે એક ભયાનક ઘટના સામે આવી છે. ગામના ગુડ્ડી પ્રધાન અને ચંદ્રપાલ વચ્ચે અગાઉ છ મહિના પહેલા કોઈ બાબતે ઝઘડો થયો હતો. તે સમયે ગામના લોકોએ વચ્ચે પડીને મામલો શાંત પાડ્યો હતો, પણ અગાઉની અદાવતને ધ્યાને રાખીને બંને પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ ગુરુવારે જ્યારે પરિક્રમા ચાલી રહી હતી, ત્યારે ચંદ્રપાલ પક્ષ તરફથી શ્રદ્ધાળુઓ માટે પાણીની પરબ અને સેવા કેમ્પ લગાવવામાં આવ્યો હતો. આ દરમિયાન ગુડ્ડી પ્રધાનના માણસો પણ ત્યાં કેળા અને અન્ય સામગ્રી વહેંચવા પહોંચી ગયા હતા. બસ, આ જ વાતને લઈને બંને પક્ષો આમને-સામને આવી ગયા અને વિવાદ શરૂ થઈ ગયો. જોતજોતામાં મામલો એટલો વધી ગયો કે બંને તરફથી અંધાધૂંધ ફાયરિંગ શરૂ થઈ ગયું. 4ને ગોળી વાગી, 12થી વધુ લોકો ઘાયલ થયાં હતા. સામા પક્ષના હરિઓમના માથામાં અને સાવિત્રી નામના મહિલાના હાથમાં ગોળી વાગી હતી. ઘાયલોને હોસ્પિટલ ભેગા કરવામાં આવ્યા હતા.

# અભિનેત્રી-મોડેલ ટ્વીશા શર્મા કેસમાં પૂર્વ જજ ગિરીબાલા સિંહના જામીન રદ કરાયા

**ભોપાલ**

હાઈકોર્ટમાં અભિનેત્રી અને મોડેલ ટ્વિશા શર્માના રહસ્યમય મોત મામલે CBIએ બુધવારે હાઈકોર્ટમાં પૂર્વ જજ ગિરીબાલા સિંહની આગોતરા જામીન અરજીનો સખત વિરોધ કર્યો હતો. કોર્ટે ભોપાલની સેશન્સ કોર્ટ દ્વારા ગત 15 મેના રોજ પૂર્વ જજ ગિરીબાલા સિંહને અપાયેલા આગોતરા જામીન સદંતર રદ કરી દીધા છે. CBIના જણાવ્યા અનુસાર, જ્યારે ટ્વિશા ગર્ભવતી બની ત્યારે તેના પતિ સમર્થ સિંહ અને સાસુ ગિરીબાલા સિંહે તેના ચારિત્ર્ય પર શંકા કરી હતી. તેથી સત્ય બહાર લાવવા માટે તેમની કસ્ટડીમાં પૂછપરછ કરવી ખૂબ જ જરૂરી છે. ટ્વિશાના પરિવારના સિનિયર એડવોકેટ અનુરાગ શ્રીવાસ્તવે જણાવ્યું કે, 'છેવટે ટ્વિશાને ન્યાય મળ્યો છે.

રેકોર્ડ નહીં IPLની ટ્રોફી જીતવી છે...

# 15 વર્ષનો વૈભવ સૂર્યવંશી સેન્ચુરી ચૂક્યો પણ લોકોના દિલ જીત્યા




ઇન્ડિયન પ્રીમિયર લીગ 2026ની એલિમિનેટર મેચમાં રાજસ્થાન રોયલ્સે સનરાઇઝર્સ હૈદરાબાદને એકતરફી મુકાબલામાં હરાવીને ક્વોલિફાયર-2 માં જગ્યા બનાવી લીધી છે. હવે આગામી મેચ માટે ગુજરાત ટાઇટન્સ (GT) માટે પણ જોખમની ઘંટી વાગી ગઈ છે. રાજસ્થાનની આ વિસ્ફોટક જીતનો સૌથી મોટો હીરો 15 વર્ષનો યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી રહ્યો. વૈભવે હૈદરાબાદના બોલરોની લાઇન-લેન્થ બગાડતા માત્ર 29 બોલમાં 97 રનની તોફાની ઇનિંગ રમીને મેચનું પાસું સંપૂર્ણપણે પલટી નાખ્યું હતું. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. IPL ઇતિહાસની સૌથી ફાસ્ટેસ્ટ સેન્ચુરી (સૌથી ઝડપી સદી) ચૂકવા અંગે જ્યારે વૈભવને પૂછવામાં આવ્યું ત્યારે તેણે પરિપક્વતા બતાવતા કહ્યું કે, હું જ્યારે આઉટ થઈને પેવેલિયન પરત ફર્યો ત્યારે મને ખબર પડી કે હું કોઈ રેકોર્ડની નજીક હતો. મારો ફોકસ કોઈ વ્યક્તિગત રેકોર્ડ પર નથી, પરંતુ ટીમ માટે વધુમાં વધુ યોગદાન આપવા પર હતો. સદી તો ભવિષ્યમાં પણ બનશે, પરંતુ અત્યારે અમારો એકમાત્ર ટાર્ગેટ IPL ટ્રોફી જીતવાનો છે. વૈભવે ઉમેર્યું કે, તે વિરોધી ટીમની રણનીતિ પર વધારે ધ્યાન નથી આપતો. તે મેચ પહેલા માત્ર બોલર્સ, વિકેટનું વલણ અને બાઉન્ડ્રીની સાઇઝ સમજી લે છે. જો બેટ્સમેન પોઝિટિવ માઇન્ડસેટ સાથે રમે, તો પ્રેશર આપોઆપ બોલરો પર આવી જાય છે.

## IPL-2026ની ફાઈનલમાં પહોંચી બેંગલુરુની ટીમ



આઈપીએલ-2026માં રૉયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે રમાયેલી પ્લેઓફની મેચમાં ગુજરાતની ટીમનો શરમજનક પરાજય થયો છે. બેંગલુરુની ટીમે 20 ઓવરમાં 5 વિકેટે 254 રન નોંધાવી ગુજરાતને જીતવા માટે 255 રનનો ટાર્ગેટ આપ્યો હતો, જોકે ગુજરાતની ટીમ માત્ર 162 રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે. બેંગલુરુના કેપ્ટન રજત પાટીદારે વિસ્ફોટ બેટિંગ કરીને ટીમને મજબૂત સ્કોર સુધી પહોંચાડ્યું હતું, તો જેકોબ ડફ્ફી સહિતના બોલરોએ પણ મહત્ત્વનું યોગદાન આપ્યું છે. બેંગલુરુ તરફથી કેપ્ટન રજત પાટીદારે વિસ્ફોટક બેટિંગ કરીને માત્ર 33 બોલમાં 5 ચોગ્ગા અને 9 છગ્ગાની મદદથી અણનમ 93 રનની તોફાની ઈનિંગ રમી હતી. ઓપનર વેંકટેશ અય્યરે આક્રમક શરૂઆત કરતા 7 બોલમાં 3 ચોગ્ગા અને 1 છગ્ગા સાથે 19 રન ફટકાર્યા હતા, જ્યારે વિરાટ કોહલીએ 25 બોલનો સામનો કરીને 5 ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી 43 રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. મિડલ ઓર્ડરમાં દેવદત્ત પડિક્કલે 19 બોલમાં 5 ચોગ્ગા સાથે 30 રન બનાવ્યા હતા. ત્યારબાદ કુણાલ પંડ્યાએ પણ શાનદાર બેટિંગ કરતા 28 બોલમાં 5 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકારીને 43 રન જોડ્યા હતા. નીચલા ક્રમે ટિમ ડેવિડ 5 બોલમાં 4 રન બનાવી આઉટ થયો હતો, જ્યારે જીતેશ શર્માએ અંતમાં ઝડપી બેટિંગ કરતા માત્ર 5 બોલમાં 1 ચોગ્ગા અને 1 છગ્ગા સાથે અણનમ 15 રન ઝૂડી કાઢ્યા હતા.

# ભારતે "એશિયન ઈન્ડોર ચેમ્પિયનશિપ 2027" અને 2028ના અધિકારો મેળવ્યા

### એશિયન એથ્લેટિક્સ કાઉ.ની બેઠકમાં'એશિયનરિલે"ની પણ યજમાની અપાઇ

**ભૂવનેશ્વ**

હોંગકોંગમાં મળેલી એશિયન એથ્લેટિક્સ કાઉન્સિલની બેઠકમાં ભારતને આગામી "એશિયન ઈન્ડોર ચેમ્પિયનશિપ ૨૦૨૭' અને 'એશિયન રિલે ૨૦૨૮નું યજમાનીના અધિકારો સોપવામાં આવ્યા છે. વર્લ્ડ એથ્લેટિક્સના ઉપાધ્યક્ષ આદિલ સુમરીવાલાએ બુધવારે સોશિયલ મીડિયા પર પુષ્ટિ કરી છે કે "એશિયન ઈન્ડોર ચેમ્પિયનશિપ ૨૦૨૭'નું આયોજન ભુવનેશ્વરમાં થશે. જ્યારે ચંડીગઢ "એશિયન રિલે ૨૦૨૮'ની યજમાની કરશે. આદિલ સુમરીવાલાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરતા લખ્યું. "ભારતીય એથ્લેટિક્સ મહાસંઘને અભિનંદન. ચંડીગઢને એશિયન રિલે અને ભુવનેશ્વરને એશિયન ઈન્ડોર ચેમ્પિયનશિપ ૨૦૨૮ ની યજમાની સોંપવામાં આવી છે. એશિયન એથ્લેટિક્સ કાઉન્સિલે બુધવારે હોંગકોંગમાં આ નિર્ણયો લીધા. આ ભારત માટે ખૂબ જ ગર્વની ક્ષણ છે." ઉલ્લેખનીય છે કે કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને ભારત આ પ્રકારના આયોજનો ઈચ્છી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે માર્ચમાં, વર્લ્ડ એથ્લેટિક્સ કાઉન્સિલે ભારતને ઈન્ડોર ચેમ્પિયનશિપ ૨૦૨૮ની યજમાનીના અધિકારો આપ્યા હતા. ભારતે ગયા વર્ષે ભુવનેશ્વરમાં વર્લ્ડ એથ્લેટિક્સના બ્રોન્ઝ-લેવલ કોન્ટિનેન્ટલ ટૂર કાર્યક્રમની સફળતાપૂર્વક યજમાની કરી હતી. ઓડિશાને વધુ એક આંતરરાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમની યજમાની મળવા પર, મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ કહ્યું કે આ ઓડિશાને એક અગ્રણી વૈશ્વિક રમતગમત હબ તરીકે સ્થાપિત કરવાની દિશામાં વધુ એક માઈલસ્ટોન છે.

# ૭૪.૮૨ મીટર દૂર સુધી ભાલો ફેંકીને સુમિતે પોતાનો જ વર્લ્ડ રેકોર્ડ તોડયો

### પાંચમા પ્રયાસમાં ઐતિહાસિક થ્રો કરીને ઈતિહાસ રચ્યો

**બેંગ્લુરુ**

ભારતના સ્ટાર પૅરા ઍથ્લેટ અને બે વખતના પેરાલિમ્પિક ગોલ્ડ મેડાલિસ્ટ સુમિત અંતીલે ફરી એકવાર રમતગમત જગતમાં ભારતનો ડંકો વગાડ્યો છે. બેંગલુરુ ખાતે રમાઈ રહેલી "ઈન્ડિયન ઓપન ઈન્ટરનેશનલ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ૨૦૨૬' માં તેણે ૭૪.૮૨ મીટર દૂર ભાલો ફેંકીને નવો વર્લ્ડ રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો છે.બુધવારે રમાયેલી મેન્સ જાવેલિન થોની ૪૯૪ કેટેગરીમાં ૨૭ વર્ષીય સુમિતે પોતાના પાંચમા પ્રયાસમાં આ ઐતિહાસિક થો




કર્યો હતો. આ સાથે જ તેણે પોતાના જ અગાઉના ૭૩.૨૯ મીટરના વર્લ્ડ રેકોર્ડને ધ્વસ્ત કરી દીધો હતો. નોંધનીય છે કે, સુમિતે આ અગાઉના રેકોર્ડ ૨૦૨૩ એશિયન પૅરા ગેમ્સમાં બનાવ્યો હતો.

# કોલકાતામાં મેસ્સીની વિશાળ પ્રતિમાને હટાવવામાં આવશે

### 70 ફૂટ ઊંચી સુવર્ણ પ્રતિમા પવનમાં હલતી હોવાથી સરકારનો નિર્ણય

કોલકાતા : કોલકાતાના લેક ટાઉન વિસ્તારમાં સ્થિત આર્જેન્ટિનાના દિગ્ગજ ફૂટબોલર લિયોનેલ મેસ્સીની ૨૧ મીટર (૭૦ ફૂટ) ઊંચી સુવર્ણ પ્રતિમાને જોખમી હોવાના કારણે દૂર કરવામાં આવશે. ગત ડિસેમ્બરમાં મેસ્સીની ભારત મુલાકાત (GOAT ટૂર) દરમિયાન અનાવરણ કરાયેલી આ પ્રતિમા ભારે પવનને કારણે હલી રહી છે. પશ્ચિમ બંગાળ સરકારના એન્જિનિયરોએ વ્યસ્ત માર્ગ પર આવેલી આ શિલ્પકૃતિને અસુરક્ષિત જાહેર કરી છે. રાજ્યના ધારાસભ્ય શરદવત મુખર્જીએ જણાવ્યું હતું કે, હાલ મજૂરોએ પ્રતિમાને દોરડાથી બાંધીને ટેકો આપ્યો છે, પરંતુ સુરક્ષા જાળવવા તેને વહેલી તકે ત્યાંથી સંપૂર્ણપણે હટાવી લેવામાં આવશે.



# ફ્રેન્ચ ઓપનમાં અપસેટ:વાઈલ્ડકાર્ડ ખેલાડી વૉલ્ટને મેદવેદેવને પહેલા રાઉન્ડમાં હરાવ્યો

### સ્પર્ધામાં વિશ્વની નંબર એક ખેલાડી સબાલેન્કાનો દબદબો કાયમ રહ્યો

**પેરિસ**

ફ્રેન્ચ ઓપનમાં મોટો અપસેટ સર્જાયો છે. ડેનિલ મેદવેદેવે પહેલા રાઉન્ડમાં જ પરાજયનો સામનો કરવો પડ્યો હતો. ઓસ્ટ્રેલિયાના વાઈલ્ડકાર્ડથી એન્ટ્રી મેળવનારા ખેલાડી એડમ વૉલ્ટને મેદવેદેવને ૬-૨, ૬-૧, ૧-૬ અને ૬-૪થી હરાવીને સ્પર્ધા બહાર કર્યો હતો. પૂર્વ નંબર એક ખેલાડી માટે ફ્રેન્ચ ઓપન સારું રહ્યું નથી. લાલ રંગની માટીની કલે કોર્ટમાં મેદવેદેવ આ પહેલા નવમાંથી છ ટૂર્નામેન્ટમાં પહેલા રાઉન્ડમાં જ પરાજીત થઈને સ્પર્ધા બહાર થયો છે. મહિલા સિંગલ્સની મેચમાં વિશ્વની નંબર એક ખેલાડી આર્યના સબાલેન્કાએ વિજયી કૂચ આગળ વધારી હતી. કાળઝાળ ગરમી વચ્ચે રમાયેલી મેચમાં સબાલેન્કાએ જીત મેળવી હતી.

કોર્ટ પર મેચ દરમિયાન સબાલેન્કા ગરમીથી ખુબ જ પરેશાન જણાતી હતી પરંતુ ગરમીની તકલીફને કોરાણે ધકેલીને વિશ્વની નંબર એક ખેલાડીએ પહેલા રાઉન્ડની મેચમાં સ્પેનની જેસિકા બોઝાસ મનેરિયાને માત્ર ૭૫ મિનિટ ચાલેલી મેચમાં સીધા સેટમાં ૬-૪, ૬-૨થી હરાવી હતી. ગત વર્ષે રનર્સ અપ રહેલી સબાલેન્કા હજુ સુધી ફ્રેન્ચ ઓપનનો ખિતાબ પોતાની ઝોળીમાં નાખી શકી નથી. પ્રથમ સેટમાં લય વિનાની જણાતી બેલારૂસની ખેલાડીએ બીજા સેટમાં પોતાનું વર્ચસ્વ દેખાડ્યુ હતું. એક તબક્કે સબાલેન્કા ૫-૦થી આગળ હતી પરંતુ મનેરિયોએ પછી સ્કોર ૫-૨ કર્યો હતો. જોકે તેણે ડબલ ફૉલ્ટ કરતા સબાલેન્કા ૬-૨થી સેટ જીતી ગઈ હતી.

# કોંગો-યુગાન્ડામાં ઈબોલાનો કહેર, 200ના મોત, 900થી વધુ કેસ

**WHOના મતે સ્ટ્રેનમાં મૃત્યુદર 30% થી 50% સુધી હોઈ શકે. આ વાયરસ સૌપ્રથમ 2007માં બુંડીબુગ્યો વિસ્તારમાં જોવા મળ્યો હતો**

**લંડન**

આફ્રિકામાં ઈબોલા વાયરસનો પ્રકોપ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં 900થી વધુ શંકાસ્પદ કેસ સામે આવ્યા છે, જ્યારે 223 લોકોના મોતના અહેવાલ છે. સૌથી ગંભીર સ્થિતિ કોંગોમાં છે, જ્યાં 112 સંક્રમિતો અને 11 દર્દીઓના મોતની પુષ્ટિ થઈ ચૂકી છે. આ ઉપરાંત પાડોશી દેશ યુગાન્ડામાં પણ ચેપ ફેલાઈ રહ્યો છે, જ્યાં અત્યાર સુધીમાં 8 દર્દીઓ અને 1 વ્યક્તિના મોતની પુષ્ટિ થઈ છે. WHOના વડા ટેડ રોસે જણાવ્યું છે કે, હેલ્થ એજન્સીઓ યુદ્ધના ધોરણે કામગીરી કરી રહી છે, પરંતુ વાયરસના ઝડપી ફેલાવાને કારણે



પરિસ્થિતિ પડકારજનક બની છે.

આ વખતે ઈબોલાનો 'બુંડીબુગ્યો સ્ટ્રેન' ફેલાઈ રહ્યો છે, જે આ વાયરસનો એક અત્યંત દુર્લભ પ્રકાર છે. આ સ્ટ્રેન માટે હાલમાં કોઈ ખાસ વેક્સિન કે ચોક્કસ સારવાર ઉપલબ્ધ નથી, જેના કારણે રોગને કાબૂમાં લેવો મુશ્કેલ બની રહ્યો છે. WHOના મતે, આ સ્ટ્રેનમાં મૃત્યુદર 30% થી 50% સુધી હોઈ શકે છે. આ વાયરસ સૌપ્રથમ 2007માં યુગાન્ડાના બુંડીબુગ્યો વિસ્તારમાં જોવા મળ્યો હતો. આ ચેપ મે 2026માં કોંગોના ઈતુરી પ્રાંતમાંથી શરૂ થયો હતો. આ વિસ્તાર લાંબા સમયથી હિંસા અને સંઘર્ષથી પ્રભાવિત છે. અહીં મોટી સંખ્યામાં વિસ્થાપિત લોકો અને સોનાની ખાણોમાં કામ કરતા મજૂરો રહે છે. લોકોની સતત અવરજવરને કારણે વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે, અને હવે તે નોર્થ કિવુ અને સાઉથ કિવુ પ્રાંત સુધી પહોંચી ગયો છે. સાઉથ કિવુના કેટલાક ભાગો પર બળવાખોર સંગઠનનો કબજો છે.

કોંગોમાં ઈબોલા સામેની લડાઈ વચ્ચે હોસ્પિટલો પર સશસ્ત્ર હુમલા થઈ રહ્યા છે. ઈતુરી પ્રાંતની મોંગબ્વાલુ જનરલ રેફરલ હોસ્પિટલ પર સતત બે દિવસ હુમલો કરવામાં આવ્યો હતો, અને સારવાર માટેના ટેન્ટને આગ ચાંપી દેવામાં આવી હતી. હુમલા બાદ 18 ઈબોલા દર્દીઓ હોસ્પિટલમાંથી ભાગી ગયા હતા, જેમાંથી એક દર્દી પોઝિટિવ હતો અને તે હજુ પણ સામાન્ય લોકોની વચ્ચે ફરી રહ્યો છે. બીજા દિવસે થયેલા હુમલામાં વધુ 7 દર્દીઓ ભાગી ગયા હતા. નિષ્ણાતોના મતે, ઈબોલાથી મૃત્યુ પામેલા લોકોના મૃતદેહો અત્યંત ચેપી હોય છે, અને સુરક્ષા વગર અંતિમ સંસ્કાર કરવાથી સંક્રમણ વિસ્ફોટક રૂપ લઈ શકે છે.

## ફ્રાન્સ-બ્રિટનમાં ગરમીને કારણે 7ના મોત પહેલીવાર પેરિસમાં પારો 30 ડિગ્રીને પાર

**જર્મની, ઈટાલી અને સ્પેન પણ હિટવેવની ચપટમાં**

**લંડન**

ફ્રાન્સ અને યુકેમાં મે મહિનામાં અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગે પણ ચેતવણી આપી છે અને ફ્રાન્સમાં તો ગરમીના લીધે 7ના મોત થયા હતા.

બ્રિટનમાં વિક્રમજનક ગરમી પડી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ સોમવારે દક્ષિણ-પશ્ચિમ લંડનમાં તાપમાન 34.8 ડિગ્રી સુધી પહોંચ્યું હતું. આ મે મહિનાનું અત્યાર સુધીનું સૌથી વધુ તાપમાન છે. જૂના રેકોર્ડથી બે ડિગ્રી વધારે છે.

ફ્રાન્સમાં પણ સ્થિતિ ગંભીર છે. દેશની હવામાન એજન્સી મેટિયો ફ્રાન્સે જણાવ્યું હતું કે સોમવારનો દિવસ મે મહિનાનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો. ઉત્તર-પશ્ચિમ ફ્રાન્સ માટે ઓરેન્જ હીટવેવ એલર્ટ જારી કરાયું હતું

હીટવેવથી જર્મની, સ્પેન અને ઈટાલી પણ બાકાત રહી શક્યા ન હતા. જર્મનીમાં આ વર્ષે પહેલી વખત તાપમાન 30 ડિગ્રીને પાર પહોંચી ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં તાપમાન વધી શકે છે.

## યુકેમાં મહિલા દર્દીનું જાતીય શોષણ કરનાર ભારતીય ડૉક્ટર ચિરાગ પટેલ આઠ મહિના માટે સસ્પેન્ડ કરાયા

**ચિરાગે મહિલા સાથે આપત્તિજનક તસવીરો શેર કર્યાની પણ કબૂલાત કરી હતી**

**લંડન**

યુનાઈટેડ કિંગડમ (UK)ના કાર્ડિફમાં યુનિવર્સિટી હૉસ્પિટલ ઑફ વેલ્સના ન્યુરોસર્જન ડૉ. ચિરાગ પટેલને મહિલા દરદી સાથે સેક્સ માણવા અને તેને વ્યસનકારક પેઈનકિલર્સ લખી આપવા બદલ મેડિકલ ટ્રિબ્યુનલ દ્વારા ૮ મહિના માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

ચિરાગ પટેલે મહિલા દરદી સાથેના આ સંબંધોની કબૂલાત કરી હતી. ચિરાગ પટેલે સૌપ્રથમ ફેબ્રુઆરી



૨૦૧૯માં પેશન્ટ A તરીકે ઓળખાતી આ મહિલાની સારવાર કરી હતી. બાદમાં તેમણે ઑગસ્ટ ૨૦૧૯ અને ડિસેમ્બર ૨૦૨૧માં ફરીથી તેના પર ઑપરેશન કર્યું હતું અને ત્રીજી પ્રક્રિયામાં સ્પાઈનલ કોર્ડ સ્ટિમ્યુલેટર દાખલ કર્યું હતું.

શરૂઆતની સર્જરીના થોડા સમય પછી ડૉક્ટરે દરદી સાથે જાતીય સંબંધ શરૂ કર્યો હતો. આ કૃત્ય માટે તેમણે ખૂબ પસ્તાવો વ્યક્ત કર્યો હતો. ચિરાગ પટેલે જાતીય સંબંધ અને મહિલા સાથે આપત્તિજનક તસવીરો શેર કર્યાની કબૂલાત કરી હતી અને દરદીને વ્યસનકારક ગોળીઓ સહિતની દવાઓ લખવાનું સ્વીકાર્યું હતું.

## અમેરિકામાં વોશિંગ્ટનની પેપર મિલમાં કેમિકલ ટેંક ફાટતાં 2 લોકોના મોત, જ્યારે 9 શ્રમિકો ગુમ

**લોકો માટે રેસ્ક્યુ ઓપરેશન શરૂ, ઘટનામાં 8થી9 અનેક લોકો ગંભીર રીતે દાઝ્યા**

**વોશિંગ્ટન**

અમેરિકાના દક્ષિણ-પશ્ચિમ વોશિંગ્ટનમાંથી એક અત્યંત ભયાનક અને હૃદયકંપાવનારી દુર્ઘટના સામે આવી છે. અહીં આવેલી એક પલ્પ અને પેપર મિલમાં કેમિકલ ટેન્ક અચાનક ફાટવાને કારણે મોટો બ્લાસ્ટ થયો છે. આ ભયાનક વિસ્ફોટમાં અનેક લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય 9 લોકો હજુ પણ ગુમ હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની ગંભીરતાને જોતાં સ્થાનિક ફાયર ડિપાર્ટમેન્ટ અને કંપની પ્રશાસન દ્વારા આ દુર્ઘટના સ્થળને 'માસ કેઝ્યુઅલ્ટી સીન' (સામૂહિક હતાહત સ્થળ) ઘોષિત કરવામાં આવ્યું છે.

વહેલી સવારે કેમિકલ ટેન્ક ફાટતાં આખી યુનિટ મલબામાં ફેરવાઈ

પ્રાપ્ત વિગતો અનુસાર, આ દર્દનાક અકસ્માત દક્ષિણ-પશ્ચિમ વોશિંગ્ટનમાં સ્થિત 'નિપ્પોન ડાયનાવેવ પેકેજિંગ કંપની'માં મંગળવારે સવારે સ્થાનિક સમય મુજબ આશરે 7:15 વાગ્યે થયો હતો. મિલની અંદર આવેલી એક વિશાળ કેમિકલ ટેન્કમાં અચાનક જોરદાર ધડાકો થયો હતો, જે એટલો શક્તિશાળી હતો કે જોતજોતામાં આખી યુનિટ મલબાના ઢગલામાં તબદીલ થઈ ગઈ હતી. આશરે 40 જેટલા ફાયર ફાઈટર્સ, પેરામેડિક્સ અને પ્રાદેશિક જોખમી પદાર્થોની ખાસ સ્પેશિયલ ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. મલબા હેઠળ દબાયેલા અને લાપતા થયેલા 9 કર્મચારીઓની શોધખોળ માટે કલાકો સુધી મોટા પાયે રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું.

## ઈરાનની જેલમાંથી 10 ભારતીય નાવિકો મુક્ત કરાયા, હવે ઘરવાપસીની તૈયારી

**ભારત પરત લાવવા જરૂરી પ્રક્રિયા પણ શરૂ કરી દેવાઈ**

**તહેરાન**

ઈરાનમાં જુલાઈ 2025થી જેલમાં બંધ 10 ભારતીય નાવિકોને લાંબી કાનૂની અને રાજદ્વારી મંત્રણા બાદ આખરે મુક્ત કરવામાં આવ્યા છે. ભારતના શિપિંગ સત્તાવાળાઓએ મંગળવારે મોડી રાત્રે આ અંગેની સત્તાવાર જાહેરાત કરી હતી. 'ડાયરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગ'ના જણાવ્યા મુજબ, આ તમામ નાવિકો 'એમવી હાર્બર ફીનિક્સ' નામના ઓઈલ ટેન્કર જહાજ પર કામ કરતા હતા, જેમને જુલાઈ 2025માં જાસક પોર્ટ નજીકથી ઈરાની સુરક્ષા દળોએ અટકાયતમાં લીધા હતા. શિપિંગ ઓથોરિટીએ સ્પષ્ટ કર્યું છે કે અત્યારે આ તમામ નાવિકો એકદમ સુરક્ષિત છે અને તેમને વહેલી તકે ભારત પરત લાવવા માટેની જરૂરી પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે. જહાજ ટ્રેક કરતી વેબસાઈટ્સના રિપોર્ટ મુજબ, આ ઓઈલ ટેન્કર પલાઉ દેશના ધ્વજ સાથે ક્રૂડ ઓઈલ અને અન્ય પેટ્રોલિયમ વસ્તુઓ લઈને જઈ રહ્યું હતું. ભારત અને ઈરાન વચ્ચે વર્ષો જૂના રાજદ્વારી અને ઊર્જા સંબંધો છે.

## પેન્ટાગને ક્યુબા પર સૈન્ય હુમલાનો પ્લાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મોકલ્યો

**નવી દિલ્હી**

વિશ્વમાં ચાલી રહેલા સૈન્ય તણાવ વચ્ચે અમેરિકા વધુ એક યુદ્ધમાં કૂદવાની જોરદાર તૈયારી કરી રહ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અમેરિકી રક્ષા મંત્રાલય 'પેન્ટાગન' એ ક્યુબા પર લશ્કરી કાર્યવાહી કરવા માટેનો ગુપ્ત પ્લાન તૈયાર કરી લીધો છે. આ પ્રસ્તાવને અંતિમ મંજૂરી માટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પાસે મોકલવામાં આવ્યો છે. જો ટ્રમ્પ આ પ્લાનને લીલી ઝંડી આપશે તો ક્યુબા અને અમેરિકા વચ્ચે ભીષણ જંગ શરૂ થઈ શકે છે. ચાલુ વર્ષે એટલે કે 2026માં અમેરિકા તરફથી આ ત્રીજો સૈન્ય હુમલો હશે. ટ્રમ્પ પ્રશાસનને અગાઉ એવી આશા હતી કે કડક આર્થિક પ્રતિબંધો લાદ્યા બાદ ક્યુબામાં આપોઆપ તખ્તાપલટ થઈ જશે.

## લેબેનોન-ઈઝરાયલ યુદ્ધથી અનેક મકાનો કાટમાળ, 300 ગામો ખાલી કરવા આદેશ

**અત્યંત ક્રૂરતાપૂર્વક હુમલા કરવાની ઇઝરાયલની ચીમકી**

**લેબનોન**

ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે થયેલા યુદ્ધવિરામ બાદ ફરી એકવાર સ્થિતિ બેકાબૂ બની ગઈ છે. ઈઝરાયલી સેનાએ (IDF) દક્ષિણ લેબેનોનના એક વિશાળ વિસ્તારને કોમ્બેટ ઝોન જાહેર કરીને ત્યાં વસતા લોકોને તાત્કાલિક વિસ્તાર ખાલી કરી દેવાનો આદેશ આપ્યો છે. સેનાએ નાગરિકોને સરહદથી આશરે 40 કિલોમીટર દૂર આવેલી ઝહરાની નદીની ઉત્તરે જતા રહેવા જણાવ્યું છે. 17 એપ્રિલે યુદ્ધવિરામ અમલમાં આવ્યા બાદ આ અત્યાર સુધીનો સૌથી મોટો ઈવેક્યુએશન ઓર્ડર છે, જે લેબેનોનના અંદાજે 14% વિસ્તારને આવરી લે છે.

ઈઝરાયલી સેનાએ હિઝબુલ્લાહ પર વારંવાર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવતા કહ્યું છે કે, તેઓ હવે આ વિસ્તારમાં અત્યંત આક્રમક બળ સાથે લશ્કરી કાર્યવાહી કરશે. આ ચેતવણી બાદ ઈઝરાયલે દક્ષિણના મોટા શહેર ટાયર (Tyre) પર જોરદાર એરસ્ટ્રાઈક કરી છે. જેના કારણે સ્થાનિક લોકોમાં ભારે નાસભાગ મચી ગઈ છે.

## નેપાળમાં આંદોલન પર મોટો ખુલાસો, પૂર્વ PM સહિતના નેતાઓ સામે થશે કાર્યવાહી

**કાઠમંડુ**

નેપાળમાં ગયા વર્ષે થયેલા 'Gen Z પ્રોટેસ્ટ'ને લઈને રાષ્ટ્રીય માનવાધિકાર આયોગે બુધવારે પોતાનો બહુપ્રતીક્ષિત તપાસ અહેવાલ જાહેર કર્યો છે. આ રિપોર્ટ સામે આવતા જ નેપાળના રાજકારણમાં મોટો ભૂકંપ આવી ગયો છે. અહેવાલમાં દેશના પૂર્વ વડાપ્રધાનો, મંત્રીઓ, સાંસદો અને સુરક્ષા દળોના ઉચ્ચ અધિકારીઓ પર માનવાધિકાર ઉલ્લંઘન અને હિંસા ભડકાવવાના અત્યંત ગંભીર આરોપો લગાવીને તેમની સામે કડક કાર્યવાહી કરવાની ભલામણ કરવામાં આવી છે. માનવાધિકાર આયોગના રિપોર્ટથી પૂર્વ વડાપ્રધાન કે.પી. શર્મા ઓલી અને પૂર્વ ગૃહમંત્રી રમેશ લેખકને મોટો ઝટકો લાગ્યો છે.

# ફીફા વર્લ્ડ કપ દરમિયાન ટોરોન્ટોમાં ટ્રાફિક જામની ભીતિ

# સરકારી કર્મચારીઓને મળશે 'વર્ક ફ્રોમ હોમ'ની મંજૂરી

## ટુર્નામેન્ટ દરમિયાન 3 લાખ પ્રવાસીઓ ઉમટવાની શક્યતા વચ્ચે ટ્રેઝરી બોર્ડનો મોટો નિર્ણય : ટોરોન્ટો પ્રશાસનની ખાનગી સંસ્થાઓને પણ રિમોટ વર્કની ભલામણ

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોના ટ્રેઝરી બોર્ડ કહે છે કે જાહેર સેવા કર્મચારીઓને ટોરોન્ટોમાં દિવસના FIFA વર્લ્ડ કપ મેચો દરમિયાન દૂરથી કામ કરવાની મંજૂરી આપવામાં આવી શકે છે.

ટ્રેઝરી બોર્ડના પ્રમુખ કેરોલિન મુલરોનીના પ્રવક્તા લિઝ તુઓમી કહે છે કે પ્રાંત અપેક્ષા રાખે છે કે, ઓન્ટેરિયો પબ્લિક સર્વિસ અઠવાડિયામાં પાંચ દિવસ કાર્યસ્થળ પર રહેવાની બાબતને મહત્વ અપાશે, પરંતુ મેનેજરો 12 જૂન અને 26 જૂનના રોજ યોજાનારી વર્લ્ડ કપ ડે ગેમ્સ જેવી પરિસ્થિતિઓ માટે "ટૂંકા ગાળાની સુગમતા પૂરી પાડવા માટે એડહોક, પ્રસંગોપાત અથવા કામચલાઉ રિમોટ વર્ક વિનંતીઓને મંજૂરી આપી શકે છે.

OPS યુનિયનોએ ફૂટબોલ ટુર્નામેન્ટ દરમિયાન વૈકલ્પિક કાર્ય વ્યવસ્થાની હિમાયત કર્યા પછી ભીડમાં વધારો, ચાલુ બાંધકામ અને ફૂટપાથ ઍક્સેસમાં વિક્ષેપ અંગે ચિંતાઓ ટાંકીને આ વાત સામે આવી છે. સરકારી કર્મચારીનું પ્રતિનિધિત્વ કરતા યુનિયનોના એક જૂથ, જેમાં ઑન્ટારિયો પબ્લિક સર્વિસ એમ્પ્લોઇઝ યુનિયન અને ઑન્ટારિયોના મેનેજમેન્ટ,



એડમિનિસ્ટ્રેટિવ અને પ્રોફેશનલ ક્રાઉન એમ્પ્લોઈઝનો સમાવેશ થાય છે, તેમણે કેબિનેટ સચિવ મિશેલ ડીઈમેન્યુએલને એક સંયુક્ત પત્ર લખીને 8 જૂનથી 3 જુલાઈ સુધી ટોરોન્ટોમાં કામ કરતા તમામ કર્મચારીઓ માટે કામચલાઉ રિમોટ વર્ક વ્યવસ્થા કરવા વિનંતી કરી હતી. જે બાદ ટોરોન્ટો શહેરે ડાઉનટાઉન કોરમાં સંસ્થાઓને પણ ભલામણ કરી હતી કે, તેઓ કામના સમયપત્રકને સમાયોજિત કરે અને શક્ય હોય ત્યાં રિમોટ વર્કને મંજૂરી આપે. જેથી મુસાફરીની જરૂરિયાત ઓછી થાય, કારણ કે શહેર વર્લ્ડ કપ દરમિયાન અંદાજે 300,000 મુલાકાતીઓનું આયોજન કરવાની તૈયારી કરી રહ્યું છે. મુલરોનીએ આ અઠવાડિયાની શરૂઆતમાં જાહેરાત કરી હતી કે, તે 5 જૂને તેમના કેબિનેટ પદ અને ઑન્ટારિયો વિધાનસભામાંથી રાજીનામું આપશે.

ગયા ઓગસ્ટમાં, તેમણે જાહેરાત કરી હતી કે, તમામ જાહેર સેવા કર્મચારીઓ જાન્યુઆરી 2026 સુધીમાં અઠવાડિયામાં પાંચ દિવસ વ્યક્તિગત રીતે કામ પર પાછા ફરશે, જે પગલું યુનિયનો દ્વારા પરામર્શ વિના લેવામાં આવ્યું હોવાનું કહેવાય છે.

આ આદેશ અમલમાં આવ્યા પછી હજારો સરકારી કર્મચારીઓએ વૈકલ્પિક કાર્ય વ્યવસ્થા માટે વિનંતીઓ કરી છે. વ્યાવસાયિક કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરતા યુનિયન, AMAPCEOએ જણાવ્યું હતું કે આવી વિનંતીઓ કરનારા 5,500 સભ્યોમાંથી 365 સભ્યોને એવા પ્રતિભાવો મળ્યા, જેની તેમને જાણ છે અને ફક્ત નવ સભ્યોને જ મંજૂરી આપવામાં આવી હતી.

# મોંઘવારીનો માર : ઓન્ટેરિયો અને B.C.માં મકાનના હપ્તા ભરવામાં માલિકોને મુશ્કેલી

## એક્વીફેક્સનો અહેવાલ, દેશમાં મોરગેજ ડિલિન્ક્વન્સી બેલેન્સમાં 32%નો વધારો

**ઓન્ટેરિયો**

એક અહેવાલમાં જણાવાયું છે કે કેનેડિયનો તેમના મોરગેજ ચૂકવવા માટે વધુને વધુ સંઘર્ષ કરી રહ્યા છે, ખાસ કરીને ઊંચા ભાવવાળા ઓન્ટેરિયો અને બ્રિટિશ કોલંબિયા બજારોમાં તેની અસર છે. એક્વીફેક્સ કેનેડાના માર્કેટ પલ્સ રિપોર્ટમાં જણાવાયું છે કે ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં પ્રથમ ક્વાર્ટરમાં રાષ્ટ્રીય સ્તરે મોરગેજ ડિલિન્ક્વન્સી બેલેન્સ 32 ટકા વધ્યું હતું, જેમાં ઓન્ટેરિયો અને બ્રિટિશ કોલંબિયા પ્રાંતોમાં અનુક્રમે 52 ટકા અને 36 ટકાનો વધારો થયો હતો.

જે મકાનમાલિકોએ ચુકવણી ચૂકી ગયા છે, તેમના સરેરાશ ડિલિન્ક્વન્ટ નોન-મોરગેજ બેલેન્સ ક્વાર્ટરમાં $54,000 સુધી પહોંચ્યા, જે એક વર્ષ પહેલાની તુલનામાં 4.6 ટકાનો વધારો છે. તેમના ડિલિન્ક્વન્ટ મોરગેજનું સરેરાશ બેલેન્સ પણ 13.2 ટકા વધીને $355,500 થયું છે.

રિપોર્ટ અનુસાર, 2025ના ચોથા ક્વાર્ટરની સરખામણીમાં ઘરમાલિકોના નાદારીમાં 11 ટકાનો વધારો થયો છે, જેમાં નાદાર મોરગેજ ધારકો સરેરાશ $82,400 નું બિન-મોરગેજ દેવું ધરાવે છે. ડિલિન્ક્વન્સી બેલેન્સમાં વધારો થયો હોવા છતાં ચૂકી ગયેલી મોરગેજ ચુકવણીઓ દુર્લભ છે. 90-વત્તા-દિવસના વોલ્યુમ ડિલિન્ક્વન્સી દર 0.22 ટકા પર બેસે છે, જે રોગચાળા પહેલાના સ્તરથી નીચે છે.

ઈક્વિફેક્સ કેનેડા ખાતે એડવાન્સ્ડ એનાલિટિક્સના વાઈસ-પ્રેસિડેન્ટ રેબેકા ઓક્સે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, એકંદરે, જ્યારે તમે મોરગેજ ખોટી ચુકવણીઓ જુઓ છો, ત્યારે તે ખૂબ જ ઓછી ટકાવારી છે. કારણ કે, ગ્રાહકો સામાન્ય રીતે, તેઓ શક્ય તેટલા લાંબા સમય સુધી તેમના મોરગેજને સુરક્ષિત રાખવાનો પ્રયાસ કરશે, ઊંચા વ્યાજ દરો ઘરમાલિકોને ચૂકવણી કરવામાં મુશ્કેલી પડી રહી છે. તેનું કારણ છે વર્ણવતા ઓક્સે ઉમેર્યું કે, રોગચાળા દરમિયાન, અમે જોયું કે વ્યાજ દરો ખૂબ ઓછા હતા. જેમ જેમ તે વ્યાજ દરો વધવા લાગ્યા, તેમ તેમ અમને મોરગેજ ધરાવતા ગ્રાહકો પર થોડી અસર થવા લાગી હતી. હવે મોટી ચિંતા એ હશે કે જો વ્યાજ દરો ફરી પાછા વધશે.

# જર્મની સાથે LNG સોદો : બીસીના $10 બિલિયનના મેગા પ્રોજેક્ટને મળશે વેગ

## જર્મન કંપની SEFE અલાસ્કા સરહદ નજીકના પ્લાન્ટમાંથી ગેસ ખરીદવા તૈયાર; પ્રીમિયર ડેવિડ એબીએ નિર્ણયને વધાવ્યો

**બ્રિટિશ કોલંબિયા**

કેનેડા દ્વારા જર્મનીને લિક્વિફાઈડ નેચરલ ગેસ સપ્લાય કરવાનો સોદો પશ્ચિમ કિનારે અલાસ્કા સરહદ નજીક પ્રસ્તાવિત $10-બિલિયન (આશરે ૧૦ અબજ ડૉલર)ના મેગા પ્રોજેક્ટ 'કસી લિસીમ્સ' માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. બ્રિટિશ કોલંબિયાના પ્રીમિયર ડેવિડ એબીએ આ અંગે હકારાત્મક સંકેતો આપતા જણાવ્યું છે કે, આ આંતરરાષ્ટ્રીય સોદાને કારણે આ બહુપ્રતિક્ષિત ઉર્જા પ્રોજેક્ટ ઝડપથી આગળ વધવાની શક્યતા ઘણી વધી ગઈ છે. અહેવાલો અનુસાર જર્મનીની અગ્રણી કંપની Securing Energy for Europe અલાસ્કાની સરહદ નજીક પ્રસ્તાવિત આ વિશાળ પ્લાન્ટ અને નિકાસ ટર્મિનલમાંથી મોટા પાયે ગેસ ખરીદવા માટે સજ્જ થઈ છે. અલ્ટાના કનાનાસ્કિસ ખાતે પશ્ચિમી પ્રીમિયર્સ (મુખ્યમંત્રીઓ) સાથેની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા પ્રીમિયર એબીએ જણાવ્યું હતું કે, "મને લાગે છે કે બ્રિટિશ કોલંબિયાએ તક ઝડપીને બોલ ફેંકી દીધો છે અને હવે ફેડરલ (કેન્દ્ર) સરકાર પાસે આ તકને સફળતામાં બદલવાની ઉત્તમ તક છે."

'કસી લિસીમ્સ' પ્રોજેક્ટ એ વેસ્ટર્ન LNG, રોકીઝ LNG અને સ્થાનિક નિસ્ગા'આ નેશન વચ્ચેની સંયુક્ત ભાગીદારી છે. જો કે, આ પ્રોજેક્ટને જરૂરી તમામ નિયમનકારી અને પર્યાવરણીય મંજૂરીઓ મળી ચૂકી છે,

# બ્રહ્મા કુમારી દ્વારા એજેક્સમાં "આપના આંતરિક વિશ્વનું નવીકરણ" કાર્યક્રમ

## પાંચ જૂથો તરફથી પ્રશ્નોત્તરી સત્રનું આયોજન કરાયું, વીડિયોના માધ્યમથી રાજયોગની અનુભુતિ કરાવાઈ

**ટોરોન્ટો**

બ્રહ્મા કુમારી, ટોરોન્ટો દ્વારા ૨૪ મે, ૨૦૨૬ના રોજ એજેક્સના ઓડલી રિક્રિએશન સેન્ટર ખાતે "આધ્યાત્મિક ગુણો દ્વારા આપના આંતરિક વિશ્વનું નવીકરણ" વિષય પર બે કલાકનો કાર્યક્રમ યોજાયો હતો. મુખ્યત્વે ડરહામ પ્રદેશના, ૬૦ ભાઈઓ અને બહેનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. શરૂઆતમાં બ્રહ્મા કુમારી સંગઠનના સ્વાગત અને પરિચયવિધિ થયા બાદ વીસ મિનિટ માટે પાંચ પ્રશ્નોની ચર્ચા કરવા અને વક્તાને બે પ્રશ્નો પૂછવા ડ્રો સિસ્ટમ દ્વારા ધીરજ, પ્રામાણિકતા, શુભકામનાઓ, નમ્રતા અને નિર્ભયતા જેવા પાંચ ગુણો માટે પાંચ જૂથો કાર્યક્રમની શરૂઆતથી જ બનાવવામાં આવ્યા હતા. ટોરોન્ટો સેન્ટરના ડિરેક્ટર બીકે સિસ્ટર સાવી મુખ્ય વક્તા હતા, તેમણે સંસ્થાના વિચારો રજુ કરતા જણાવ્યું કે, "સ્વ"માં એટલે



કે, આત્મા તરીકે ઓળખાતી ચેતના અથવા શક્તિમાં શાણપણ અથવા જ્ઞાન, શક્તિ, શુદ્ધતા, સુખ, શાંતિ, આનંદ અને પ્રેમ જેવા મૂળભૂત સાત ગુણો હોય છે. ત્યારબાદ પાંચ જૂથો તરફથી પ્રશ્નોત્તરી સત્ર યોજાયો હતો, જેમાં ઉત્તર ચિત્રમાં દર્શાવ્યા મુજબ ગેસ્ટ વક્તા અને બીકે શિક્ષકો દ્વારા આપવામાં આવ્યા હતા. અંતે, વીડિયો દ્વારા ૨૦ મિનિટ માટે રાજયોગનો અનુભવ કરાવવામાં આવ્યો. કાર્યક્રમના અંતે, દરેકને આશીર્વાદ કાર્ડ અને ટોલી અથવા પ્રસાદ આપવામાં આવ્યો હતો.

# ટોરોન્ટોમાં લિથિયમ-આયન બેટરીના બ્લાસ્ટથી ફરી ભીષણ આગ: ફાયર ચીફે જારી કરી ચેતવણી

## બે મોટી આગ પાછળ સ્માર્ટફોન-ઈ-બાઈકની બેટરીઓ જવાબદાર નીકળી

**ટોરન્ટો :** ટોરોન્ટો શહેરમાં લિથિયમ-આયન બેટરી ફાટવાને કારણે વધુ એક ભીષણ આગની ઘટના સામે આવ્યા બાદ ફાયર વિભાગે નાગરિકો માટે ગંભીર ચેતવણી જારી કરી છે. ટોરોન્ટોના ફાયર ચીફ જીમ જેસોપે સોમવારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા જણાવ્યું હતું કે, સ્માર્ટફોન, ઈ-બાઈક અને ઈલેક્ટ્રિક ટૂથબ્રશ જેવા રોજિંદા ગેજેટ્સમાં વપરાતી બેટરીઓના કારણે ગયા અઠવાડિયે એશ્વરેન રોડ રિસાયક્લિંગ ફેસિલિટી ખાતે બે અલગ-અલગ જગ્યાએ આગ લાગી હતી.યુએલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ્સના અહેવાલ મુજબ, આ અકસ્માત સમયે બેટરીઓ 'થર્મલ રનઅવેની સ્થિતિમાં હતી. આ લિથિયમ-આયન બેટરીઓ સાથે સંકળાયેલું સૌથી મોટું અને પ્રાથમિક જોખમ છે. આ સ્થિતિમાં બેટરીનો સેલ અનિયંત્રિત સ્તરે અંદરથી ગરમ થવા લાગે છે અને તે જાતે જ શોર્ટ સર્કિટ થઈને અથવા બ્લાસ્ટ થઈને ભીષણ આગ પકડી લે છે. ૨૧ મેના રોજ લાગેલી આ 'થ્રી-એલાર્મ' આગ દરમિયાન સદનસીબે કોઈને ઈજા થઈ ન હતી, પરંતુ માલસામાનને મોટું નુકસાન થયું હતું.ફાયર ચીફ જીમ જેસોપે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ બાબત સામાન્ય જનતાની સાથે-સાથે આગ ઓલવતા અમારા ફાયર ફાઈટરોના જીવ માટે પણ મોટો પડકાર અને જોખમ બની રહી છે. અગાઉ ફેબ્રુઆરી મહિનામાં પણ માત્ર ૨૪ કલાકની અંદર લિથિયમ-આયન બેટરી ફાટવાની ત્રણ ઘટનાઓ



નોંધાઈ ચૂકી છે. ડિવિઝન ચીફ માર્લા ફીબેએ જણાવ્યું હતું કે, મોટેભાગે ઈ-બાઈક, ઈ-સ્કૂટર અને ઈ-હોવરબોર્ડ જેવા માઈક્રોમોબિલિટી ડિવાઈસ (ઈલેક્ટ્રિક વાહનો) આ પ્રકારની આગની ઘટનાઓમાં વધુ જોવા મળે છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ અકસ્માતો પાછળ ગ્રાહકોની ત્રણ મોટી ભૂલો મુખ્યત્વે જવાબદાર હોય છે જેમાં લોકલ પાર્ટ્સ ખરીદવા, ઓવરચાર્જિંગ અને ડુપ્લિકેટ સાધનોનો ઉપોયગ હોય છે. ફાયર વિભાગે લોકોને અપીલ કરી છે કે ઈલેક્ટ્રોનિક ઉપકરણો ચાર્જ કરતી વખતે સાવચેતી રાખે અને માત્ર પ્રમાણિત કંપનીના ચાર્જર અને બેટરીનો જ ઉપયોગ કરે.

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent,
QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 /
+1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200
Colonnade Road,
Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1,
Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 /
+1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge,
ON N1R 6R8
+1-647-394-6030 /
+1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com



# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE
REAL ESTATE GROUP

CENTURY 21
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!




Experience elevated urban living at Line 5 Condos in the heart of Midtown Toronto. Welcome to Suite 513S at 127 Broadway Avenue. A bright, thoughtfully designed studio offering modern style, smart functionality, and exceptional amenities in one of the city's most connected neighbourhoods.Ideal for first-time buyers or investors, this efficiently designed suite maximizes every inch of space with an open-concept layout, sleek contemporary finishes, and floor-to-ceiling windows that flood the interior with natural light. Wide-plank flooring flows throughout, while the modern kitchen features integrated appliances, ample storage, and clean, minimalist design. The stylish 4-piece bathroom adds a touch of luxury. Located steps from the Eglinton Crosstown LRT and TTC subway, you're surrounded by Midtown's best restaurants, cafés, shopping, and everyday conveniences.




Welcome to the one you've been waiting for! Situated on a spacious corner lot in a sought after family-friendly neighbourhood, this beautifully maintained bungalow offers exceptional curb appeal, a double car garage, and is just steps to schools, parks, and shopping. Pride of ownership shines throughout with numerous updates over the years, including: roof (2020), windows and doors (2022), garage door (2020), kitchen (2019), main floor flooring (2021), pot lights (2022), fresh paint (2026), and A/C & furnace (2016). The side yard was transformed in 2023 with new fencing, deck, and awning - creating the perfect private outdoor space for entertaining. Inside, enjoy a bright and functional layout with a huge finished basement offering endless possibilities for additional living space, recreation, or excellent rental/in-law suite potential for extra income. Fully fenced yards ideal for family gatherings and summer enjoyment. A rare opportunity to own a solid, move-in ready bungalow in an unbeatable location!






*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.